
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# દૃષ્ટિનાં નિધાન...



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

# દૃષ્ટિનાં નિધાન

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર)

**પૂજ્ય આત્મજ્ઞસંત શ્રી કાનજીસ્વામીનાં**
**શ્રી પરમાત્મપ્રકાશની ગાથા ૪૩-૬૫-૬૮ ઉપર**

## મંગલ પ્રવચનો

મુલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :

દિપ્તી પ્રિન્ટર્સ

બી-૩૨, યયાતિ, સૃષ્ટિ કોમ્પલેક્ષ, સેકટર નં. ૨, મીરા રોડ (ઈસ્ટ),
જિ. થાણા, પીન - ૪૦૧ ૧૦૪. • ફોન : (૦૨૨) ૮૧૦ ૧૮૫૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

On Rakshabandhan day, this shastra has been kindly donated by Savita Patel, London, UK and Sonal Yogesh Madani, India. They have paid for it to be "electronised" and made available on the internet in loving memory of Kishor D Kothari (Savita’s brother and Sonal’s mama).

## Our request to you:

1) We have taken great care to ensure this electronic version of DrashtiNa Nidaan is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 28 August 2007 | First electronic version |

# દૃષ્ટિનાં નિધાન

પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો. કળ એટલે પોતાનો જે સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવું તે. પોતે જ પોતાને પકડી શકે, બીજો કોણ પકડાવે ? અનેક જાતની વિભાવપર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો. શાસ્ત્રમાં આવે છે ને કે– પ્રજ્ઞાછીણી વડે પોતે પોતાને પરથી ને રાગાદિ વિભાવથી જુદો પાડે. પોતે સૂક્ષ્મ દૃષ્ટિ કરે, પોતે પોતાને જુએ, ધીરે થઈ પોતે પોતા પરિણતિને પોતા તરફ દોડાવે. એવું કોઈ જ્ઞાન ને વિરક્તિ પ્રગત થાય કે જેથી પોતે પોતાને ગ્રહણ કરે. એવી જાતની દૃષ્ટિ, એવી જાતનું જ્ઞાન અને એવી જાતની વિરક્તિ પ્રગટ કરે કે જેથી પરિણતિનો વેગ પોતા તરફ વળીને પોતે પોતાને ગ્રહણ કરે. કળ પોતે જ પોતાને અંદરથી સુઝાડી શકે એમ છે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી અંદર જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થાય છે.

–પૂજ્ય બહેનશ્રીનાં હૃદયોદ્‌ગાર

# * ઉપોદ્‌ઘાત *

**દૃષ્ટિનાં નિધાન** - પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગારોના આ સંકલનમાં આત્માના સર્વસ્વભૂત ત્રિકાળી-સ્વભાવનું રહસ્ય તેઓશ્રીએ સરળ ભાષામાં ખુલ્લું કર્યું છે. એક એક ઉદ્‌ગારમાં ગાગરમાં સાગરવત્ સમસ્ત (જિનાગમનો સાર ભરી દીધો છે. યથાર્થ રીતે સમજવામાં આવે તો અનંત સંસારને પરિત કરવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીનો એક ઉદ્‌ગાર જ પર્યાપ્ત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતાં હતાં કે સંતોની વાણી મરેલાને પણ જીવંત કરી દ્યે એવી જોરદાર હોય છે. તેઓશ્રીના પ્રત્યેક ઉદ્‌ગારમાં આ સત્યનું દર્શન થાય છે. અનાદિથી મોહવડે મૃતક્વત્ થઈ ગયેલા જીવને તેઓશ્રીના હૃદયોદ્‌ગારનું અમૃતપાન સજીવન કરે છે અને આત્માના અદ્‌ભુત નિધાન તરફ વાળીને અમર બનાવે છે.

અધ્યાત્મમાં પુનરુક્તિને ગુણ માનવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અનેક ઉદ્‌ગારોમાં સમાનતા લાગવા છતાં, પ્રત્યેક ઉદ્‌ગારમાં ફેરવી ફેરવીને આત્માના ત્રિકાળી-સ્વભાવને જ તેઓશ્રીએ ઘૂંટાવ્યો છે. કોઈ પણ રીતે નિજ સ્વરૂપને ભૂલેલા જીવને પોતાનું અસલી સ્વરૂપ કેમ ગમ્ય થાય એ લક્ષપૂર્વક વારંવાર એની એ જ વાત થોડી ભાષાંતરથી સમજાવી છે. માટે અહીં પુનરુક્તિ દોષ સમજવા યોગ્ય નથી.

આત્મા સ્વભાવથી ત્રિકાળ મુક્ત છે, જન્મ-મરણથી રહિત છે અને રાગ-દ્વેષથી પણ રહિત છે તથા જ્ઞાન આદિ અનંત અનંત શક્તિઓથી સહિત છે. આવા શુદ્ધ સ્વરૂપને પ્રત્યેક ઉદ્‌ગારમાં બતાવવા છતાં સાથે સાથે પર્યાયમાં અનાદિથી જીવની કેવી ભયંકર સ્થિતિ તથા મોહવડે કેવી કેવી રીતે જીવ ઠગાઈ રહ્યો છે અને કેવા કેવા ભીષણ દુઃખો જીવ અનાદિથી ભોગવી રહ્યો છે એ વાત પણ અનેક ઉદ્‌ગારોમાં સ્પષ્ટ બતાવી છે. જેથી જીવ દૃષ્ટિના વિષયના બહાને પણ શુષ્ક થવા જાય તો તેઓશ્રીની વાણીના વજ્ર પ્રહારો તેને શુષ્કતામાં જતાં રોકે છે.

જે જીવ પોતાના આત્માને પ્રાપ્ત કરવા માગે છે તેને દૃષ્ટિના વિષયનું જ્ઞાન કરાવવાની સાથે સાથે, તેને સંસારથી અંતરમાં કેટલો વૈરાગ્ય હોય, કષાયોમાં કેવી ઉપશમતા થઈ હોય તથા વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની કેવી ભક્તિ હોય તેનું જ્ઞાન પણ અનેક ઉદ્‌ગારોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કરાવ્યું છે. આથી મુમુક્ષુ જીવે તત્ત્વના અંતર પરિણમન માટે પાત્રતારૂપ વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ આદિ ભાવોની ઉપેક્ષા નહીં કરતાં, તેનું પણ પોતાના જીવનમાં અનુસંધાન કરવાનું છે. તે વાત નિરંતર સ્મરણમાં રાખવાની છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, —મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ॐ

परमात्मने नमः ।

# દૃષ્ટિનાં નિધાન

* વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતાં કે "તું પરમાત્મા છો એમ નક્કી કર," ભગવાન ! તમે પરમાત્મા છો એટલું તો અમને નક્કી કરવા દ્યો ! –કે એ નક્કી કયારે થશે ? –કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચયનું નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ. ૧

* અહો ! બધા જીવો વીતરાગમૂર્તિ છે. જેવા છો તેવા થાવ. બીજાને મારવા એ તો ક્યાંય રહી ગયું, બીજાનો તિરસ્કાર કરવો એ પણ ક્યાંય રહી ગયું, પણ બધા જીવો સુધી થાવ; અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ, ગમે તેમ પણ સુખી થાવ ! ....પ્રભુનો પ્રેમ તો લાવ ભાઈ ! તારે પ્રભુ થવું છે ને ! ૨.

* માર ધડાક પહેલેથી ! તું પામર છો કે પ્રભુ છો ! તારે શું સ્વીકારવું છે ! પામરપણું સ્વીકારે પામરપણું કદિ નહિ જાય ! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે ! ભગવાન આત્મા–હું પોતે, દ્રવ્યે પરમેશ્વર સ્વરૂપે જ છું–એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ. ૩

* અહો ! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડાં પડયા છે. પરમાત્માનો એટલો ઉલ્લાસ....કે જાણે પરમાત્માને મળવા જતો હોય ! પરમાત્મા બોલાવતા હોય કે આવો....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવો....ચૈતન્યધામમાં આવો ! આહાહાહા ! ચૈતન્યનો એટલો આહ્લાદ અને પ્રહ્લાદ હોય ! ચૈતન્યમાં એકલો આહ્લાદ જ ભર્યો છે. એનો મહિમા, માહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ. ૪

* અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢય નથી ! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢયપણું શું હોઈ શકે ? આવું પરમાત્મપણું સાંભળતા એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મ-સ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ છે તે પ્રગટ થયા વિના કેમ રહે ? જરૂર પ્રગટ થાય જ. ૫

* હે ભવ્ય ! તું શરીરને ન જો ! રાગને ન જો ! એક સમયની પર્યાયને ન જો ! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને જો ! અરે ભગવાન ! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડયો છે તે દૂર કેમ રહી શકે ? –એમ દિગમ્બર સંતોની વાણી મારફાડ કરતી–ઝબકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને તું આજે જ દેખ ! આજે જ સ્વીકાર કર ને હા પાડ ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો. ૬

* ભાઈ ! તું વિશ્વાસ લાવ ! –કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી. –એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે. ૭

* શાસ્ત્રોનાં શબ્દો વિના હૈયા ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજુ ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહીં....અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અદ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે....વિશ્વાસ આવવો જોઈએ. બીજી બીજી ચિંતાઓ હોય તો આ કયાંથી ચાલે ?....આનો અભ્યાસ વારંવાર જોઈએ. ૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અરે પ્રભુ ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતાં શરમ આવે છે ! અનાદર નથી આવતો; કયાં તારી શુદ્ધતા અને કયાં આ વિકારી ભાવ–મિથ્યાત્વ-સંસાર ! અરે ! કયાં લીંબડાનાં અવતાર! નિગોદમાં અવતાર ! અરે ! તું ભગવાન સ્વરૂપ ! ભગવાન તું કયાં ગયો! તારો વિરોધ નથી પ્રભુ ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય, એનો દીકરો વેશ્યામાં જાય–એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય, પ્રભુ ! શરમ આવે છે ! ૯

* ખરેખર તો આવો અવસર મળ્યો છે એમાં પોતે પોતાનું કરી લેવા જેવું છે. દુનિયાની આલોચના કરવા જશે તો પોતાનું ખોશે ! પોતે પોતાની ભૂલ ટાળવાની છે વસ્તુસ્વરૂપ સમજીને ભૂલ ટાળે તો ભગવાન થઈ જાય. ૧૦

* આહાહા ! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે ! ત્રણ લોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો ! રાગમાં તો દુ:ખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિ છોડી દે ! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિ જોડી દે ! રાગને તું ભૂલી જા ! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા ! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયના મૂલ્ય શા ? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગને દેહની વાત કયાં રહી ? આહાહા ! એકવાર તો મડદાં ઊભા થઈ જાય એવી વાત છે એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે. ૧૧

* આહાહા ! ત્રણલોકના નાથ જાણે સામે ઊભા હોય ને કહેતાં હોય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ કરે નહિ–એમ ફાટ....ફાટ.... પ્યાલાની જેમ બે દ્રવ્યોની ભિન્નતા બતાવે છે. અહો ! આવી વીતરાગની વાતો સાંભળનારા લોકો ભાગ્યશાળી છે. સાક્ષાત્ ભગવાન કહેતા હોય તેમ સંતો શાસ્ત્ર દ્વારા કહે છે. ૧૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ કૂતરાને કાનમાં કીડા પડે ને તેનું લક્ષ વારંવાર ત્યાં જ ગયા કરે તેમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે, તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે. આત્માની ધૂન ચાલ્યા કરે. બીજી ધૂન તો અનંતકાળથી ચડી ગઈ છે તો એકવાર આત્માની ધૂન તો જગાડ ! અને છ માસ તો પ્રયત્ન કર ! વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે. ૧૩

* એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદૃષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કર, ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૧૪

* ભગવાન જિનેન્દ્ર સર્વજ્ઞની દિવ્યધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો ! શું આવ્યો ? કે હે જીવ ! તું સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ છો. પ્રભુ ! તું પોતે પરમાત્મસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાંનાં ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભભાવમાં ભગવાન ભળી ગયો છે તેને ભગવાન સર્વજ્ઞનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ ! ૧૫

* ભાઈ ! તારા માહાત્મ્યથની શી વાત ! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત ! અહો ! મારી તાકાત તે કેટલી ! જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી ! રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ. પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ—એમ એને પ્રતીતિ આવતાં, હું સર્વજ્ઞ થઈશ અને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ એને ભરોંસો આવી જાય છે. ૧૬

* ભાઈ ! તું પંચમકાળે ભરતક્ષેત્રે અને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો ! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે અને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે ? ભાઈ ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. ૧૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હું લાયક નથી....લાયક નથી–એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું. –એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે. ૧૮

* જેમ છોકરો રોતો હોય તેને તેનો બાપુ કહે કે ભાઈ ! તું રો નહિ, જો તારો પેંડો આખો એવોને એવો જ છે, જો ખુશી થા ! તેમ આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા ! તું પ્રસન્ન થા ! ખુશી થા ! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડ્યા જ નથી, સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે ભાઈ ! તું ખુશી થા ! ને પ્રસન્ન થઈને જો ! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. ૧૯

* જીવ આત્માના ગુણ ગાતાં ગાતાં ભગવાન થઈ જાય છે. કોઈ ક્રિયાકાંડ કરતાં કરતાં ભગવાન થવાતું નથી. પણ ગુણી એવા ભગવાનના ગુણ ગાતાં ગાતાં-મહિમા કરતાં કરતાં ભગવાન થઈ જાય છે. અનંત ગુણોનો મહિમા કરતાં કરતાં જીવો કેવળી થઈ ગયા. અનંત ગુણરત્નોનાં ઓરડાં ખુલ્લા થઈ ગયા. ભાઈ ! તું પામર નથી પણ ભગવાન છો, એના સ્વરૂપના ગુણ-ગાન કર. ૨૦

* પાણી પીવાથી તૃષા મટે છે, ખોરાક ખાવાથી ભૂખ મટે છે, દવા પીવાથી રોગ મટે છે–એમ સંસારમાં બધી ચીજોનો જીવ વિશ્વાસ કરે છે. એ વિશ્વાસના બળે તે તે ચીજો મેળવવા લક્ષ જાય છે. તેમ આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદસ્વરૂપ છું. હું પોતે જ પરમાત્મસ્વરૂપ છું અને રાગાદિ સ્વરૂપે નથી-એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ....વિશ્વાસ....એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે. ૨૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો. તું જ દેવાધિદેવ છો તેમ લેવું. ૨૨

* આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવી નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતા દેહથી ભિન્ન છું. કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ મુંઝાવા જેવું નથી. સાંભળીને હા પાડતાં હકાર આવતાં અંદર સંસ્કાર પડતાં જાય છે. ૨૩

* સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી–એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા ! દિગંબર સંતોની કથન-શૈલી અલૌકિક છે. ૨૪

* શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ ! તારે કયાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ ? કોણ તારું ઓળખીતું હશે ? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે ! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે. માટે તારું કાંઈક કરી લે ! શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઈન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે. ૨૫

* આહાહા ! પ્રભુ તું પૂરો છો, તારા પ્રભુત્વ આદિ એક એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી ? તું કોઈ ગુણે અધૂરો નથી, પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે ? આહાહા ! એને આવી ધૂન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચડવી જોઈએ. પહેલાં આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ. પછી દૃષ્ટિ અને અનુભવ થાય. ૨૬

* યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે ? હજું તું થાકયો નથી ? હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ ! આહાહા ! જેમ પાણીના ધોરીયા વહેતાં હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતાં આવડે તો પી. ભાઈ ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે પગલે નિધાન નીકળે તેમ આત્મપિપાસુને પર્યાયે પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે. ૨૭

* જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે ! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડયો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને ! અને સ્વર્ગની અનુકૂળતામાં પડયો હોય તો પણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઊતરી જાય છે અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે ! મારે આમ છે તેમ છે–તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો ! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જા ને ભાઈ ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ૨૮

* અરે આત્માઓ ! તમે સાધારણ છો એમ ન માનો ! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો ! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો ! ૨૯

* આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. શ્રીમદે કહ્યું છે ને ! "ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર" જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો ! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. ૩૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ ભાઈ ! એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. ‘‘અરેરે ! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો....હવે મારું શું થશે !’’ એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ....એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ....સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૩૧

∗ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુ:ખરૂપ જાણે છે, તેને રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે. મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની પૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે. ૩૨

∗ જેમ માટીના કોરા વાસણમાં પાણીનાં ટીપાં પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી, પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે, તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી-અભવીને અનંતીવાર મંદ પડયો છે, પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વાનુભવ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે. ૩૩

∗ મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે, મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે. જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૩૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતાં ગરીબ સ્ત્રીઓ ખુશી થઈ જાય છે અને ધન વૈભવ મળતાં શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એકવાર આત્માના નિધાનને દેખે તો બાહરના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૩૫

* આત્મા જ્યાં અંદરથી ઊછળ્યો પછી મન મોળું પડે તોપણ ઊછળવું બંધ ન પડે. ઈન્દ્રિયો શિથિલ થાય તોપણ ઊછળવું બંધ ન પડે, શરીર મોળું પડે તોપણ ઊછળવું બંધ ન પડે. આત્મા જ્યાં મધ્યબિંદુમાંથી ઊછળ્યો પછી તેને રોકવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી. ૩૬

* ચક્રવર્તીને પોતાની વિશાળ સંપત્તિ છોડવી પણ સહેલી છે અને ભીખારીને પોતાનું એક શકોરું પણ છોડવું મુશ્કેલ લાગે છે. આત્મ-સ્વરૂપ સમજાય ત્યારે ચક્રવર્તીની સંપત્તિ અને શકોરું બન્ને સમાન પુદ્ગલો ભાસે છે. ૩૭

* તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ જેવા પુણ્યના ધણી કે જેની દેવો સેવા કરતાં હતાં તથા કોઈ વાતની કમી ન હતી, લોકો જેને ભગવાન સમાન માનતા હતાં-એવા પુણ્ય અને વૈભવો હોવા છતાં "મારે એ કાંઈ જોઈતું નથી." –એમ સર્વની ઉપેક્ષા કરીને એક આત્માને સાધવા વન-જંગલમાં ચાલી નીકળ્યા ! આહાહા ! એમને એ આત્મા કેવો આશ્ચર્યકારી અને વિસ્મકારી લાગ્યો હશે ! ૩૮

* જેમ જમીન જરા ખોદતાં ચરુની ખાણ નજરે પડે તો કેટલો ખુશી થઈ જાય ! બે તસુને અંતરે અંદર ચરુ હોય તો જ્યાં ઉપલું પડ ઉખેડતાં એકલા હીરા જ નજરે પડે છે, તેમ રાગ સાથેની એકતા તોડીને જોવે તો આત્મામાં એકલા હીરા જ ભર્યા છે. જેમ ચરુ જોતાં ખુશી થાય છે, તેમ આ આત્મામાં ચૈતન્યહીરાની ખાણ જોતાં આનંદ આનંદ થઈ જાય છે. ૩૯

* સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વનિર્ણય ન કરે ત્યાં સુધી એને (આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે. ૪૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ભાઈ ! આ સત્ય સમજ્યા વિના ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય તારા આરા આવવાના નથી. ચાહે મહાવ્રત પાળ, ચાહે ભક્તિ કરીને મરી જા, ચાહે કરોડો મંદિર બંધાવ, ચાહે ટોકરા વગાડ, પણ તારો આરો આવવાનો નથી. મિથ્યા શ્રદ્ધામાં અનંતા નિગોદના અને નરકના ભવ કરવાની તાકાત છે. ૪૧

* અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતા નથી. પણ પ્રભુ ! કેવળજ્ઞાન નથી ને ! કેવળજ્ઞાનનું કામેય શું છે ? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ. ૪૨

* અહો ! એકવાર દેહ-છૂટવાના ટાણાનો વિચાર તો કરે, તો એને ખબર પડે કે અરે ! આ તે શું રમત છે ! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં) ! ૪૩

* બહારથી મરી જાય એને માટે આ ધર્મ છે. બહારથી મારું જીવન નથી, રાગથી અને પરથી જીવન ઈ તો મારું મરણ છે. જે પરથી અને રાગથી મરી જાય તેને માટે આ ધર્મ છે. ૪૪

* આ તો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમ જ છે. કુંદકુંદ આચાર્ય અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલી વાતું છે. અદ્ધરો-અદ્ધરની વાતુ નથી. એ....આ વાતુ ક્રોડો ને અબજો રૂપિયા દેતાં મળે એવી વાત નથી. ચક્રવર્તીના રાજ્ય ડુલે તોપણ મળે એવી નથી. ૪૫

* કેટલાકને એમ થાય કે આ ગજા ઉપરાંતની વાત છે ! અરે ગજા ઉપરાંતની શું ? એક સમયમાં કેવળજ્ઞાન લ્યે એટલું એનું ગજું છે. આ તો હાથી ઉપર ફૂલ મૂકવા જેવી હળવી વાત છે. ૪૬

* કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહીં જો ! પણ હું ભવિષ્યમાં એવો આવીશ (થઈશ) કે પુરુષાર્થ લાગુ પડી ગયો તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ. ૪૭

* જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયા છે. ૪૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અનુભવ તત્કાળ કરનારની સંખ્યા ભલે થોડી હોય પણ એની શ્રદ્ધા દૃઢ કરીને પક્ષ પાકો કરનાર અને એનું જ ઘૂંટણ કરીને અલ્પ-કાળમાં કામ કરનાર જીવો થોડા જ કેમ કહેવાય ? એ તો ઘણા હોય...૪૯

* છ ખંડનો ધણી ચક્રવર્તી વિચારે છે કે અહો ! આનંદનું કારણ હું પોતે એક છું અને આ બધાં દુ:ખના કારણો-નિમિત્તો છે....એમ વૈરાગ્ય થતાં....જંટીયા ખેંચતી રાણીઓને કહે છે કે અરે ! હવે અમને તમારા બધાં પ્રત્યેનો રાગ બળી ગયો છે. અમારા આનંદનું કારણ અમારી પાસે છે. એ આનંદને ખોલવા અમે ચાલી નીકળીએ છીએ. અમે આનંદના ભમરા આનંદની પરાગ લેવા અંદરમાં જઈએ છીએ. અમારા આનંદની છોળુંની છલક અમારા અંતરમાંથી આવે છે. એણે અંદરમાં કાંઈક જોયું હશે ને ? કે જેની પાસે આ બધું સડેલાં તરણા સમાન લાગે છે. ૫૦

* સ્વના લક્ષનો માર્ગ અલૌકિક છે. આ તો વીતરાગનો માર્ગ છે વીતરાગ કહે છે કે તું મારી સામું ન જો. આ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે ? ૫૧

* અગ્નિના અંગારામાં પડયો પણ ડગ્યો ડગે નહિ એવો આત્મા છે. અહો ! અમને અગ્નિ અડી જ નથી. અગ્નિમાં પડયો પણ ધર્મી જીવ આનંદને વેદે છે. ૫૨

* મિથ્યાત્વ, અવિરતિ આદિ પાંચ ભાવો બંધનું કારણ છે. તે નાશ થાય ત્યારે મુક્તિ થાય એમ નહીં પણ એના અભાવરૂપ મુક્ત-સ્વરૂપ જ સ્વભાવ છે. ૫૩

* એક બાજુ ભ્રમણા છે અને એક બાજુ ભગવાન છે. ૫૪

* વસ્તુ છૂટી છે બસ એને દૃષ્ટિમાં છૂટી પાડવી. પછી ગમે ત્યાં હોય તોપણ છૂટી ને છૂટી જ છે. એ જ મોક્ષનો માર્ગ છે, દુ:ખથી છૂટવાનો બીજો માર્ગ નથી....બીજી વાત રહેવા દે ભાઈ ! ૫૫

* અતીન્દ્રિય આનંદની જેને લાલચ લાગી છે, ઈ સ્થિરતા માટે વૃત્તિઓને સંકેલે છે. આત્માના અતીન્દ્રિય આનંદની જેને લાલચ લાગી છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે જ આનંદની લાલચથી આત્મામાં ખેંચાય છે. પહેલાં દૃષ્ટિમાં આત્મામાં આનંદની લાલચ લાગી છે. હઠથી કાંઈ કરવાનું નથી, પરંતુ અતીન્દ્રિય આનંદની લાલચને લઈને આત્મામાં સ્થિરતા કરે છે. ૫૬

* અરે ! એને કોઈ દી એની દયા આવી નથી. એની દયા એણે કોઈ દી કરી નથી. દયા ક્યારે કરી કહેવાય ? -કે સ્વભાવભાવ તે મારો અને વિભાવભાવ તે મારો નહિં; જેવો સ્વભાવ છે, એવો એને રાખે ત્યારે એણે એની દયા કરી કહેવાય. ૫૭

* બાવળના ઝાડ નીચે બેઠેલાં મુનિ જેને શરીર ઉપર કપડું નથી. ઊની-ઊની હવા લાગે છે પણ અંદરમાં આનંદની ઝણઝણાટી વાગી રહી છે એ સુખી છે. બીજાને એમ લાગે આ બાવો છે પણ ઈ બાવો નથી. બાદશાહ છે. ચક્રવર્તી હોય તોપણ ઈ દુ:ખીયો છે, બાદશાહ નથી. ૫૮

* આખી દુનિયા ગમે તેમ હો પણ મારો ભગવાન તો મારી પાસે જ છે. મારે તો સદાય લાભ જ છે. અલાભની વાત જ મારે નથી. ૫૯

* મારે (નિશ્ચયથી) અર્હંત આદિનું શરણ લેવાનું નથી, પરંતુ આત્માનું શરણ લેતાં તેમાં ઈ બધા આવી જાય છે. માટે આત્મા જ શરણરૂપ છે. અર્હંત એટલે વીતરાગી પર્યાય, સિદ્ધ એટલે વીતરાગી પર્યાય, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એટલે વીતરાગી પર્યાય –એ બધી વીતરાગી પર્યાયો મારા આત્મામાં જ પડેલી છે. તેથી મારે બીજે કયાંય નજર કરવાની નથી મારે ઊંચે આંખ કરીને બીજે ક્યાંય જોવાનું નથી મારો આત્મા જ મને શરણરૂપ છે. ૬૦

* મોટો ભગવાન અંદરમાં પડયો છે–ઈ મને દુ:ખનો નાશ કરવાના સમયે શરણરૂપ છે......દૃષ્ટિને સંકેલીને અંદરમાં મૂકવાની છે. ૬૧

* યોગ્યતા, કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાનું જ્ઞાન દ્રવ્યદૃષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધ ને કાળલબ્ધિ ઉપર નાખે ઈ ન ચાલે. પોપાબાઈનું રાજ નથી. ૬૨

* આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ. ઘણી અંદરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાત્રતા જોઈએ. બધેથી સુખબુદ્ધિ ઊડી જવી જોઈએ. એની પાત્રતા ઘણી જોઈએ. એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુ:ખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. ૬૩

* એકનો એક જુવાન દીકરો મરી જાય અને એને કેવો ઘા લાગી જાય છે ! એમ એને ઘા લાગવો જોઈએ. રાગ અને સંયોગની આડમાં તું પોતે મરી જાય છે એનો તને ઘા લાગે છે કાંઈ ? ૬૪

* ત્રણલોકના નાથ ! તારે બીજાનો આશ્રય લેવો પડે ઈ તો તને કલંક છે. ૬૫

* બાદશાહ ત્રણલોકનો નાથ ઊંઘમાં પડયો છે એને જગાડવાની આ વાત છે. જાગ રે જાગ ! તેને ચોર લૂંટી જાય છે. જાગ રે....જાગ ! આ જગાડનારી વાત સાંભળવા મળે ઈ પણ મહાભાગ્યશાળી છે. ૬૬

* અરે ! એક વાળો શરીરમાં નીકળતાં પીડાનો પાર રહેતો નથી. તો આ મારું શરીર, મારું ઘર, મારી સ્ત્રી, પુત્ર, મિત્ર, આ મારું ધન, આબરૂ એમ અનેક મારા એટલે કે ધનવાળો, શરીરવાળો, સ્ત્રી-પુત્ર-મિત્રવાળો એમ અનેક વાળાની પીડાનું એને ભાન નથી પણ પીડાય છે. ૬૭

* જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે, તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન-સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે ત્યાં મોહ સમૂળ નાશ પામે છે, માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. ૬૮

* તારી હોશિયારી તો ત્યારે કહેવાય કે ભાઈ ! તું પરમેશ્વર છો એમ તારી પરીક્ષા કર. ૬૯

* બાવળના ઝાડ નીચે બેઠેલા નગ્ન દિગંબર મુનિ શાંત શાંત શાંતપણે–જેની મુદ્રામાં શાંતિ શાંતિ દેખાય છે, તેને રસ્તા ઉપર ચાલ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જતો ચક્રવર્તી હાથી ઉપરથી ઊતરીને પગમાં પડે છે અને કહે છે કે પ્રભુ! આ અમને મળેલી ૠદ્ધિ અમારે નથી જોઈતી. આપ જે ૠદ્ધિ સાધી રહ્યા છો એ ૠદ્ધિ અમને હજો. ૭૦

* અહો ! મુનિઓ-સંતો જ્યાં મનુષ્યો હોય ત્યાંથી તો ચાલ્યા ગયા પણ તેનો પગરવ પણ ન હોય એવા એકાંત સ્થાનમાં ચાલ્યા ગયા છે. આત્માનું શોધન કરવા ગયા. આ તો આત્માનું શોધન કરવાનો કાળ છે પણ પરની અને રાગની શોધમાં આખી જિંદગી ચાલી જાય છે. ૭૧

* આ લીલફૂગનાં ગોદડાનાં ગોદડા પડયાં છે તેમાં એક રાઈ જેટલી કણીમાં અનંતા ભગવાન પડ્યાં છે. એવા તો કેટલાય દરિયા અને નદીઓ અને આખા લોકમાં ઠાંસી ઠાંસીને નિગોદના જીવો ભર્યા છે. એ બધાં પણ ભગવાન છે. અહો ! એ બધાને મોટા માનવામાં ખરેખર પોતાની–આત્માની મોટપ છે. ૭૨

* આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય એવી વસ્તુ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે. એના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે ગમ્ય થાય. એના જન્મ-મરણ ટળી જાય એવી ચીજ છે. ૭૩

* પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે. પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડયો છે એને દેખ ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી. ૭૪

* એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું. શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું, એમ શ્રદ્ધા નહિ કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૭૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* એક બાજુ એક સમયની ભૂલ છે અને એક બાજુ ત્રિકાળી આખો ભગવાન છે. વસ્તુમાં અનંત અનંત ગુણનું મહાન અસ્તિત્વ પડયું છે તેની દૃષ્ટિ કરતાં વિકલ્પ તૂટી જાય છે. પરંતુ વિકલ્પને તોડવા જતાં તો મિથ્યાત્વ થાય છે. ૭૬

* ભગવાન આત્મા દુ:ખની દશામાં આવ્યો છે પણ દુ:ખને ટાળવાનું સામર્થ્ય રાખીને દુ:ખની દશામાં આવ્યો છે, જ્યારે એની શક્તિ-સામર્થ્યનું ભાન કરે ત્યારે દુ:ખની દશાથી છૂટે છે. ૭૭

* દયા-દાન-પૂજા-ભક્તિ શાસ્ત્ર વાંચવા સાંભળવા આદિના શુભભાવો અને ધંધા સ્ત્રી-પુત્ર ખાવા-પીવા આદિના અશુભભાવો–તે બધા ભાવોથી આત્મા ત્રણેકાળ રહિત હોવા છતાં, એનાતી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું–નરક નિગોદનું મહા બીજ છે. ૭૮

* દરિયાની મધ્યમાં વડવાગ્નિ હોય છે પણ દરિયો એને ભિન્નપણે રાખે છે. દરિયો પોતાને ચૂસવા ન દ્યે. તેમ ચૈતન્યદરિયો રાગાદિને ભિન્ન રાખે છે. એકરૂપ થવા દેતો નથી. ૭૯

* પાંચ પદ શરણરૂપ છે એટલે કે પાંચ પદરૂપ પોતાનો આત્મા જ શરણરૂપ છે. કહ્યું છે ને ! કે વર્તમાનમાં સિદ્ધદશા તો નથી, તો સિદ્ધનું ધ્યાન કેમ હોય ! જૂઠ-મૂઠ છે; અરે ! અંદરમાં શક્તિરૂપ સિદ્ધ સ્વભાવ તો વર્તમાનમાં મૌજુદ છે અને તેથી તેનું ધ્યાન કરતાં પ્રત્યક્ષ શાન્તિનું વેદન આવે છે. આત્મા સ્વભાવે ત્રિકાળ સિદ્ધ સ્વરૂપ જ છે. ૮૦

* વર્તમાન-વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાનપર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે, તેને અતંરમાં વાળતાં ''ચૈતન્યહીરો'' જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જોવે તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમાં આવશે. તેનો પ્રકાશ તને દેખાશે. ૮૧

* અરે ! એને રૂદન પણ આવ્યા નહિ કે મને મારો વિરહ ! ૮૨

* ઈન્દ્રિયના વિષયમાં જે આનંદ માને છે ઈ તો ઝેરના પ્યાલા પીવે છે. ૮૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



✻ સાકરમાં એકલું ગળપણ જ ભર્યું છે, તેમ આત્મામાં એકલો આનંદ જ ભર્યો છે. એનો એક ક્ષણ વિશ્વાસ કરે તો આનંદનું ઝરમર ઝરમર ઝરણું ઝરે છે, વરસાદ વરસે છે, એને સુપ્રભાત કહે છે. (નૂતન-વર્ષના પરોઢીયે) ૮૪

✻ દેહ તો રોગની મૂર્તિ છે, ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. મૃતક દેહમા ભગવાન અમૃતનો સાગર મૂર્છાણો છે. ભાઈ ! એકવાર તું તને જો, બીજાને જોવામાં અંધ થઈ જા અને તને જોવામાં હજાર આંખોથી તને જો. ૮૫

✻ પર્યાયનો ફેર ભાંગવા માટે દ્રવ્ય-ગુણમાં ફેર નથી એવી દૃષ્ટિ કરતાં પર્યાયનો ફેર ભાંગીને પરમાત્મા થાય છે. ૮૬

✻ છેલ્લા સ્વયંભૂરમણસમુદ્રના તળીયે એકલા રત્નો જ ભર્યા છે, રેતી નથી. તેમ ભગવાન આત્માના તળમાં-સત્ત્વમાં એકલી ચૈતન્યશક્તિઓરૂપ રત્નો જ ભર્યા છે. એના તળમાં રેતી અર્થાત્ રાગાદિ નથી. ૮૭

✻ બાપુ ! આ તો પચાવીને પરિણમાવવાની વાત છે. વાદ-વિવાદની વાત નથી. વાદ-વિવાદમાં મૌન થઈ જવું પડે....શાસ્ત્રમાં આમ લખ્યું છે ને તેમ લખ્યું છે....આ તો વીતરાગતા ઊભી કરવાની વાત છે. ૮૮

✻ અહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. 'ઓહો ! આ હું !' –એમ આવા આત્માના દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૮૯

✻ કયાંય વિરોધ જેવું હોય ત્યાં જવું ન જોઈએ અને કદાચ જવાનું થઈ જાય તો મૌન રહેવું જોઈએ આ અંતરનો માર્ગ તો એવો છે કે સહન કરી લેવું જોઈએ. વિરોધમાં પડવું નહિ. પોતાનો ગોળ પોતે ચોરીથી અર્થાત્ છુપી રીતે ખાઈ લેવો જોઈએ. ફંફેરો કરવા જેવો કાળ નથી. પોતાનું સંભાળી લેવા જેવું છે. વાદ-વિવાદમાં ઊતરવા જેવું નથી. ૯૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અહો ! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઊછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે ! અરે જીવો ! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો ! .....ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો ! ૯૧

* ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૯૨

* શ્રીમદ્ રાજચંદ્ર તો કહે કે મુમુક્ષુઓને આજીવિકા પૂરતું મળતું હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી; આ તો રોટલા મળતાં હોય તોય માથે પોટલાં બાંધે ! અરેરે ! જવું છે ક્યાં ? જીવન થોડું ને આ શું કરો છો ભાઈ ! આવો મનુષ્યભવ મળ્યો છે ને આવા સત્ સમજવાના ટાણા છે તો ચાર-છ-આઠ કલાક વાંચન, શ્રવણ, મનન, સત્સમાગમ કરીને તારા આત્માનું કાંઈ હિત કર ને માનવ-ભવ સફળ કર. ૯૩

* ....આ શરીરના ચાળા જુઓ ! નિરોગ શરીર ક્ષણમાં રોગરૂપે પરિણમી જાય છે. શરીરના રજકણો જે કાળે જેમ થવાના હોય તેમ થવાના જ, એમાં કોણ ફેરફાર કરી શકે ? શરીરના પરમાણુને કેમ રહેવું એનું તારે કામ શું છે ? તારે કેમ રહેવું તેનું તું સંભાળને ! ૯૪

* શાસ્ત્રમાં શુભરાગને અશુચિ કહ્યો છે. આહાહા ! શરીરની અશુચિ તો ક્યાંય રહી ગઈ ! અહીં તો શુભરાગનો વ્યવહાર તેને પણ અશુચિ કહે છે. ૯૫

* અરે પ્રભુ ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે ? અતીન્દ્રિય આનંદમાં જા ! પ્રભુ ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે ? જન્મ જરા ને રોગ રહિત ભગવાન આત્મા છે ત્યાં જા !—એમ જિનવર, જિનવાણી અને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણ રહિત પ્રભુ છો ત્યાં દૃષ્ટિ દે ! તારે જન્મ, જરા, મરણ રહિત થવું હોય તો જન્મ, જરા, મરણ રહિત ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા ! ત્યાં દૃષ્ટિ દઈને ઠર ! ૯૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સ્વસમય અને પરસમય સાથે વાદ-વિવાદ કરવા યોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે. માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. ૯૭

* જ્યારે સ્ત્રીનો ધણી મરી જાય ને બાઈ રાંડે છે ત્યારે દુનિયા તે સ્ત્રીને દુ:ખાણી કહે છે પણ ખરેખર તે સ્ત્રી દુ:ખાણી નથી પણ તેને આત્માનું કરવા નિવૃત્તિ મળી છે. અહીં દુ:ખાણી એટલે દુ:ખિયા એને કહે છે કે જે રાગમાં અને પુણ્ય-પાપના ભાવમાં એકતા માની આનંદકંદ સ્વભાવ છે તેને ભૂલી ગયો છે તે ખરેખર દુ:ખાણો એટલે દુ:ખીયો છે. જગતથી ભગવાનનો માર્ગ જુદો છે. ૯૮

* આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત-પ્રગટ ઊર્ધ્વતા થાય. ૯૯

* અરે ભાઈ ! તારામાં કઈ ૠદ્ધિની ખામી છે કે પર સામે ઝાંવા નાખે છો ? તારી સામે અનંતી ૠદ્ધિવાળો પ્રભુ બિરાજે છે તેની સામે નજર નાખતો નથી ને પર સામે નજર નાંખીને પુણ્ય-પાપના દુ:ખને અનુભવે છે ! દયા-દાન-ભક્તિ આદિના શુભ વ્યવહારમાં વિસ્મયતા કરે છો એ વિસ્મયતા છોડીને તારી સામે વિસ્મકારી ચૈતન્યપ્રભુ બિરાજે છે તેની સામું જો. તારી પ્રભુતાની વિસ્મયતા કરીને એમાં ઠર. તારા એ આનંદના બાગમાં વિહાર કર, અન્ય દ્રવ્યમાં વિહાર ન કર. ૧૦૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



✽ લક્ષ્મણને શક્તિ વાગતાં રાત્રિના રામચંદ્ર આદિ વિશલ્યાની કેટલી ઝંખનાથી રાહ જોવે છે કે ક્યારે વિશલ્યા આવે ! ક્યારે આવે ! તેમ આ મરેલા ચૈતન્યને જાગૃત કરવા જ્ઞાનના સ્વભાવને જેમ છે તેમ જાણવાની ઊંડી ઝંખના જાગવી જોઈએ. ૧૦૧

✽ મૃતક-કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત-આનંદસ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં, સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં, માનતાં અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય તેવી ચીજ પોતે જ છે. ૧૦૨

✽ આત્મા જેવડો ને જેટલો મહાન પદાર્થ છે એવડો મહાન માનવો તેજ આત્માની દયા પાળવારૂપ સમાધિ છે અને એવા મહાન આત્માને રાગાદિ જેવડો માનવો કે મતિજ્ઞાન આદિ ચાર અલ્પજ્ઞ પર્યાય જેવડો માનવો તે આત્માની હિંસા છે. ૧૦૩

✽ અરે ! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂકકા ઊડી જાય એવી આ વાત છે. ૧૦૪

✽ દુષ્કર લાગે તોપણ એ સિવાય ચાર ગતિના રઝળપાટ નહીં ટળે બાપુ ! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે પણ તેની સમીપમાં જે પરમ પુરુષ નિકટ બિરાજે છે, જે સર્વોત્કૃષ્ટ પ્રભુ છે, તેનું લક્ષ કદી કર્યું નથી. તેથી હવે એ પર્યાયને ત્યાં અંતરમાં વાળ ભાઈ ! ૧૦૫

✽ નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નથી. સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નથી. રાગમાં ધર્મની ગંધ નથી. પરમાણુંમાં પીડાની ગંધ નથી. સૂર્યમાં અંધકારની ગંધ નથી, અને સુખસ્વભાવમાં સંસાર-દુઃખની ગંધ નથી. ૧૦૬

✽ પ્રશ્ન :–શુદ્ધનિશ્ચયનો પક્ષ તો કરવો ને ?

ઉત્તર :– પક્ષ કરવો એટલે શું ? અનુભવમાં જતાં પહેલાં એવો પક્ષ આવે છે કે "હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું, પુણ્ય-પાપ ભાવ તે હું નહિ" –એવો વિકલ્પ સહિત નિર્ણય પહેલાં આવે છે પણ એ મૂળ પરમાર્થ વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. પહેલાં શુદ્ધનિશ્ચયનયનો પક્ષ આવે છે, હોય છે પણ અંદર સ્વાનુભવથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે. ૧૦૭

* ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ–એ રહેવા દે બાપુ ! મોત માથે નગારા વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું....આ કરું–એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં. ૧૦૮

* બહારમાં હોંશુ ન કરીશ ભાઈ ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંત-ગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ ચૈતન્યની ઝળહળ જ્યોત છે. તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય-પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય-બેશુદ્ધ થઈ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન. ૧૦૯

* શ્રોતા:–આપ બહુ સૂક્ષ્મતામાં ને બહુ ઊંડાણમાં લઈ જાવ છો.

પૂજ્ય ગુરુદેવ:– વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર છે અને દ્રવ્ય ઊંડુ....ઊંડુ છે. અનંત....અનંત...અનંત ઊંડપ છે. ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. ત્યાં જ્ઞાન પર્યાયને ધીરજથી લઈ જતાં ભગવાનનો ભેટો થાય છે. ૧૧૦

* એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! કે જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે; તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણે ને ! આહાહા ! જેની હયાતી નથી તેને હયાત જાણે ! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે, તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ. ૧૧૧

* ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે. ૧૧૨

* જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદિ અપૂર્ણતા થઈ નથી, જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે તેની ઉપર નજરબંધી થવી જોઈએ–દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી–એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ. ૧૧૩

* ચૈતન્યના લક્ષ વગર જે કાંઈ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાતાં તેની એકેય વાત સાચી ન નીકળે. માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય–તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહીં અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ. ૧૧૪

* શ્રોતા:–આપ જે વાત સમજાવો છો તે વાત તો બરાબર સાચી જ છે પણ તેનાથી સમાજને શું લાભ થાય ?

પૂજ્ય ગુરુદેવ:–જુઓ ભાઈ-પહેલી વાત તો એ છે કે પોતે પોતાનું જોવાનું છે, સમાજનું ગમે તે થાય-તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકા ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રોકાતો પણ હું દરિયામાંથી ડૂબતો કેમ બચું ? –તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસાર-સમુદ્રમાં રખડતાં માંડ માંડ મનુષ્યભવ મળ્યો છે ત્યારે મારા આત્માનું હિત કેમ થાય, મારો આત્મા સંસાર-ભ્રમણથી કેમ છૂટે એ જ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચુકાય જાય છે. આ વાત તો પોતાનું હિત કરવાની છે. દરેક જીવ સ્વતંત્ર છે, તેથી સમાજના બીજા જીવોનું હિત થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીનપણું નથી. માટે હે જીવ ! તું તારા હિતનો ઉપાય કર. ૧૧૫

* જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદય-પલટો થાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય. આંધળામાંથી દેખતો થાય, અંતરની જ્યોત જાગે, તેની દશાની દિશા આખી ફરી જાય, જેને અંતરપલટો થાય તેણે કોઈને પૂછવા જવું ન પડે. તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ. સિદ્ધના સંદેશા આવી ચૂકયા છે. હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો. તેમાં બીજું કાંઈ થાય નહિ. ફેર પડે નહિ. ૧૧૬

* હજારો વર્ષના શાસ્ત્ર-ભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે. ૧૧૭

* ''હું શુદ્ધ છું, રાગ પણ મારું સ્વરૂપ નથી'' –એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને વૈરાગ્ય ભાવનાઓના શ્રવણ ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતરસ્વભાવ તરફના જ્ઞાન સાથે વૈરાગ્યભાવનાઓ પણ હોય છે. અંતરનો શુદ્ધસ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં વૈરાગ્યભાવનાઓ આવે છે. ૧૧૮

* બાહ્યક્રિયાથી નિર્જરા નથી. પંચમ ગુણસ્થાનવાળો શ્રાવક એક માસના ઉપવાસ કરે તે વખતે જે નિર્જરા થાય છે તેના કરતાં મુનિને નિદ્રા વખતે કે આહાર વખતે નિર્જર વિશેષ છે. માટે અકષાય પરિણામ પ્રમાણે નિર્જરા થાય છે, બાહ્ય પ્રવૃત્તિ ઉપર તેનો આધાર નથી. ૧૧૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



✻ આત્માની શ્રદ્ધામાં સાત તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે, પણ તે છળથી કોઈ સામાન્યપણે સ્વ-પરને જાણી અથવા આત્માને જાણી કૃતકૃત્યપણું માને તો એ ભ્રમ છે. પુણ્ય-પાપ, દયા-દાનાદિ વિકાર હેય છે, એ જાણ્યા વિના આત્માનું જ્ઞાન સાચું થતું નથી. બંધના ફળને હિતકર માને તે બંધને હિતકર માને છે. આમ કોઈ જીવ માત્ર આત્માને સામાન્યપણે જાણે ને કહે કે મારું કાર્ય પુરું થઈ ગયું તો તે ભ્રમણા છે. ૧૨૦

✻ અહો ! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂક્યા છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્‌ને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યાં છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે ! આ તો સત્યની જાહેરાત છે. આના સંસ્કાર અપૂર્વ ચીજ છે અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે. ૧૨૧

✻ ભગવાન તો કહે છે કે જેને ચૈતન્ય આત્માનું ભાન નથી, પૂર્ણાનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની જેને શ્રદ્ધા નથી એ બધા ચાલતાં મડદાં છે, અને તેના વ્રત-તપ આદિ બધુ મૂર્ખાઈ ભરેલા છે. અને જેને પૂર્ણાનંદ ભગવાનની શ્રદ્ધા છે, જ્ઞાન છે, ભાન છે એ સંસારમાં રહ્યાં પણ ચાલતા સિદ્ધ છે. ૧૨૨

✻ આ લોક આખો ભગવાનના સમૂહથી ભરેલો ગોદામ છે. દરેક જીવ સ્વભાવે ભગવાન છે. દેહદેવળમાં ભગવાન જિનેન્દ્રદેવ બિરાજે છે. ૧૨૩

✻ અહો ! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થાય છે, અસંખ્ય પ્રદેશો આનંદથી ઊછળે છે, આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. ૧૨૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આત્મા સમજવા માટે જેને અંતરમાં ખેરખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ. ૧૨૫

* અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહિ, અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ-આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૧૨૬

* રાગથી જુદો છું....રાગથી જુદો છું....સ્વભાવથી એકમેક છું....સ્વભાવથી એકમેક છું....એવા સંસ્કાર તો પાડ ! એવા દૃઢ સંસ્કાર વડે ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૧૨૭

* ભાઈ ! તને પ્રાપ્ત કરવા માટે તારી શ્રુતજ્ઞાનની પર્યાય જ બસ છે. બીજું આ કરું ને તે કરું તે વાત જ નથી. આ તો સહેલીસટ વાત છે. અંતરના પ્રેમ દ્વારા (રુચિ દ્વારા) એ જ્ઞાનને અંતરમાં વાળતાં એ પર્યાયને દ્રવ્યનું આલંબન મળે છે, ને આનંદના શ્રોત વહે છે. ૧૨૮

* દેવ-શાસ્ત્ર-ગુરુ એમ કહે છે કે ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે, તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી, અમને તે ઓળખ્યા નથી. ૧૨૯

* ભાઈ ! તું પોતે જ ભગવાન છો, દેહદેવળમાં બિરાજતો પરમાત્મા છો, ભગવાન તે જ હું અને હું તે જ ભગવાન-એવી દૃષ્ટિ થયા વિના કોઈ ને સમ્યગ્દર્શન ત્રણકાળ ત્રણલોકમાં થાય નહીં. ૧૩૦

* જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે, પણ તે જૈનના સાચા સંસ્કાર નથી, જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ૧૩૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જો તું તારા ચૈતન્યભાવની કિંમત કરીશ તો પરની કિંમત ઊડી જશે. પછી ભલે ઈન્દ્રના ઈન્દ્રાસન કે ચક્રવર્તીના રાજ્ય હોય તોપણ તેની કિંમત ઊડી જશે. ૧૩૨

* માખી જેવું પ્રાણી ફટકડી ઉપર ચોંટે નહિ અને સાકર ઉપર બેસે તો મીઠાશના લીધે પાંખ તુટે તોપણ ઉખડે નહિ. તેમ જ્ઞાનને ચૈતન્યના આનંદના સ્વાદની મીઠાશ આગળ ઈન્દ્ર-ચક્રવર્તીના ભોગ પણ દર્ગંધમય સડેલા મડદાંની જેવાં લાગે છે. તેથી વિષયોને આકુળતાના કારણ જાણી ફટકડીની જેમ વિષય-ભોગમાં ચોંટતા નથી ને સાકરની-મીઠાશની જેમ અતીન્દ્રિય આનંદમાંથી જ્ઞાની ઉખડતા નથી. ૧૩૩

* બીજાના દુ:ખો સાંભળીને ઘણી વખત સાંભળનારાઓને અરેરાટી થઈ જાય છે. પણ તે અરેરાટ (વૈરાગ્ય) સાચો નથી. જીવને દુ:ખ અપ્રિય છે એટલે દુ:ખની વાત સાંભળવામાં આવતાં ઉદાસીન ભાવ આવી જાય છે, પણ આ ઉપરથી એમ ન સમજવું કે તેને સંસારથી ખરો અરેરાટ થયો છે. તેને તો ચક્રવર્તીની ઋદ્ધિ સાંભળી હર્ષ થાય છે. સંસારથી સાચા વિરક્તભાવવાળાને તો ચક્રવર્તીની ઋદ્ધિનું વર્ણન કે નારકીના દુ:ખનું વર્ણન બન્નેમાં સંસારનું દુ:ખ સરખું જ લાગે છે, બંને તરફ સરખો જ ઉદાસીન ભાવ હોય છે. ૧૩૪

* અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ. ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ રહેશે. તેમ ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડાં સમાન છે અને ધર્મ તે દાગીના સમાન છે. કપડાં વિના દાગીના શોભતા નથી, તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી. ૧૩૫

* જે કાંઈ દુષ્કર છે, અઘરું છે તે મંદવીર્યવાળાને માટે છે, નિર્બળને માટે છે; વીરને માટે કંઈ જ દુષ્કર કે અઘરું નથી. ૧૩૬

* સ્વવીર્યનો ઉલ્લાસ જોસબંધ એવો કાઢ કે જેવું છે એવું સ્વરૂપ પ્રગટ કર્યે જ છૂટકો. આત્માનું સ્વરૂપ પ્રગટ કરવામાં એક સમયમાત્રનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પ્રમાદ ન કર. આહાહા ! આ અવસર વારંવાર નહીં મળે, માટે જલ્દી પહોંચી વળ. ૧૩૭

* અનંતકાળ થયા જીવ કષાયના વેગથી દોડી રહ્યો છે, પણ તેને હજુ થાક લાગતો નથી. જો થાક લાગે તો તેને મુંઝવણ થાય; અને મુંઝવણ થાય તો તેની મુંઝવણ ટળે. ૧૩૮

* અનંતવાર જીવે છ-છ મહિનાના ઉપવાસ કર્યા. ચામડાં ઊતરડીને ખાર છાંટયા છતાં આંખનો ખૂણો લાલ કર્યો નહિ. અરે ! મનથી પણ ક્રોધ કર્યો નહીં, છતાં જે નિરાલંબનભાવ સમજવો જોઈએ તે રહી ગયો. ૧૩૯

* અજ્ઞાનીઓ જીવવાને લક્ષે જીવી રહ્યા છે એટલે તેને મરણ ગમતું નથી. મરણ આવ્યે પણ તેને જીવવાનું લક્ષ રહ્યા કરે છે. જ્ઞાનીઓ તો મરવાના લક્ષે જ જીવે છે, એટલે આગળથી અજમાયશ અને અખતરા તૈયાર કરી રાખેલ છે; પછી તે મરણને આનંદથી વધાવી લે છે, તેને મરણનાં છેલ્લાં ટાણાં બહુ મહોત્સવનાં હોય છે; તેથી આનંદથી દેહને છોડે છે. જીવવાના ભાવે તો અનંત વખત જીવ્યો, પણ મરવાના ભાવે કોઈ વખતે જીવ્યો નથી. મરવાના ભાવે જીવે તો ફરી તેને જન્મ લેવો જ ન પડે. ૧૪૦

* જેને જ્યાં પ્રેમ લાગે છે ત્યાં તે ઝુકી જાય છે, ખપી જાય છે. જેને મનુષ્યપણે આત્મા....આત્મા થઈ ગયું છે તેને આત્મા પ્રગટયે જ છૂટકો. જેણે આત્માને જાણ્યો છે, તેણે આત્મભાવ મોઢા આગળ કર્યો છે. તેને બીજું કાંઈ ત્રણ કાળમાં મોઢા આગળ (મુખ્ય) થાય એમ નથી. તેને હવે કોઈ ચૌદ બ્રહ્માંડમાં વિઘ્ન કરનાર નથી. જેણે પોતાનું આત્મજીવન પહેલું કર્યું છે તેને હવે ત્રણે કાળમાં તે જીવન જ પહેલું (મુખ્ય) રહેવાનું છે. ૧૪૧

* જેણે અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે તેને વગર આહારે પણ અલૌકિક આનંદ આવે છે. તેને દેહ અને સંસાર મૂકવો તે તો રમતની વાત છે. ૧૪૨

* પંચપરમેષ્ઠીના પ્રેમ કરતાં આ શરીર ઉપર પણ જો પ્રેમ વધી જાય તો તે અનંતાનુબંધીનો લોભ છે. ૧૪૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્ઞાની કહે છે કે પછી કરીશું, પછી કરીશું–એવો અભ્યાસ (વાયદો) જેણે કરી રાખ્યો છે તેને મરણ વખતે પણ પછી જ રહેવાનું છે; કારણ કે જેણે પછી....પછીનો સિદ્ધાંત કરી રાખ્યો છે તેને પછી પછીમાં હમણાં કરું એવું નહિ આવે. અને જ્ઞાનીને તો એમ થાય છે કે આ શરીર છૂટવાના સમયે ઘણું જોર પડશે; તો તેમાં જેટલું જોર છે તેટલું જોર આત્માનું પણ તેની સામે જોઈશે. માટે જ્ઞાનીને એમ થાય છે કે મારા ભાવને આ ક્ષણે તૈયાર કરું, આ પળે તૈયાર કરું. 'આ પળે કરું' એવો જેણે અભ્યાસ પાડી રાખ્યો છે તેને મરણ વખતે 'આ પળ જ' આવી જશે. ૧૪૪

* દેવ-ગુરુ ને ધર્મની જે ભાવના છે તે ભાવનાને કાળ ન હોય; કારણ કે પરમાત્મપદને જેમ કાળ ન હોય તેમ તેની ભાવનાને પણ કાળ ન હોય. ભાવના ભાવતાં એમ ન થઈ જાય કે હું ઘણા વર્ષથી ભાવના ભાવું છું છતાં ફળ કેમ દેખાતું નથી ? –એવી આકુળતા ન હોય. આકુળતા છે તે તો કષાય છે, ને જ્યાં આવી આકુળતા થાય ત્યાં તો આત્મભાવ દૂર થતો જાય છે. વળી આકુળતા છે તે પોતાની ભાવનાને મોળી પાડી દે છે તથા તેમાં સંદેહ થઈ જાય છે, તેથી પોતાની સાચી ભાવનાને પણ ખોટી કરી નાખે છે માટે ભાવનાને કાળ ન હોય. ભાવના તે પણ વસ્તુસ્વરૂપ છે. જો તારી સાચી ભાવના હશે તો તારો આત્મભાવ તને મળશે જ. જેટલું કારણ આપે તેટલું કાર્ય અવશ્ય મળે જ. ૧૪૫

* અંતર્ગતના પ્રમાણથી જેને વસ્તુ મનાણી હોય, પોષાણી હોય, તેને પછી ઈન્દ્ર ઊતરીને ડગાવવા આવે તોપણ તે ડગે નહીં. ૧૪૬

* સંસારપ્રેમના લક્ષે બાજુમાંથી વાજાં વાગતાં નીકળે તેનો પણ ખ્યાલ રહેતો નથી,.....તો આત્માના લક્ષે જગત આખું ભૂલી જવાય તેમાં આશ્ચર્ય શું !! ૧૪૭

* આકુળતાવાળા સુખથી પણ શરીરનો વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભૂલાય ? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારનાં ગમે તેવાં ઘોર દુઃખો પણ ભૂલી જવાય છે. ૧૪૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* એક વસ્તુના એક પડખાનું પણ જેને યથાર્થ જ્ઞાન થાય તેને બધાં પડખાનું જ્ઞાન યથાર્થ થઈ જાય છે. સમ્યગ્દર્શન સહિતનું મતિશ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનનો અંશ છે, કેવળજ્ઞાનનો નમૂનો છે, કેવળજ્ઞાનનો કટકો છે. ૧૪૯

* રોજ રોટલા ખાવા છતાં અરુચિ થતી નથી, તેમ જ્ઞાનને ફરી ફરીને કહેતાં, સાંભળતાં અરુચિ ન થવી જોઈએ. ૧૫૦

* આજ્ઞા બે પ્રકારે છે. દ્રવ્ય આજ્ઞા અને ભાવ આજ્ઞા. દ્રવ્ય આજ્ઞા માને તો પુણ્યબંધ થાય છે. ભાવ આજ્ઞા સમજવી બહુ મોંઘી છે, ભાવ આજ્ઞા સમયમાત્ર સમજાય તો ભવભ્રમણ ટળી જાય. ૧૫૧

* અંતરના આત્મધર્મની રીત તો ચક્રવર્તી તથા ભિખારી બંનેને સરખી હોય છે. મરણ અને ધરમની રીત તો સર્વને એક જ પ્રકારે હોય છે. ૧૫૨

* જગતનો પ્રેમ ઘટાડયા સિવાય પરમેષ્ઠીના હૃદયમાં શું છે ? તેના કાળજામાં શું છે ? –તે સમજાય નહીં. માટે પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવા જગતનો પ્રેમ ઘટાડવો. ૧૫૩

* સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પૂરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્મપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે. ૧૫૪

* ચક્રવર્તીની ખીર ચક્રવર્તી જ પચાવી શકે, વાસુદેવના કેસરીયા લાડુ વાસુદેવ જ પચાવી શકે, તેમ આત્માના અનંત-અનંત આશ્ચર્યકારી સ્વભાવના સામર્થ્યને ધર્માત્મા જ પચાવી શકે. બીજાનું કામ નહિ. ૧૫૫

* અહો ! સમ્યગ્દૃષ્ટિ જીવ છ-છ ખંડના રાજ્યમાં ઊભા હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નું હજાર અપ્સરા જેવી રાણીઓનાં વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતી નથી. અરે ! કોઈ નરકની ભીષણ વેદનામાં પડયો હોય તોપણ અતીન્દ્રિય આનંદના વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું માહાત્મ્ય છે, તે જગતને બાહ્યદૃષ્ટિથી કળવું કઠણ છે. ૧૫૬

* અહો ! ભાવલિંગી મુનિ એટલે તો ચાલતા પરમેશ્વર, જે અંદરમાં આનંદકંદને ઝુલે ઝુલતા હોય ને પંચમહાવ્રતનો રાગ ઊઠે એને ઝેર જાણતા હોય. અહો ! જેના દર્શન અહોભાગ્યે થાય. જે આનંદની ખેડ કરી રહ્યાં છે, એ ધન્યદશા અલૌકિક છે. ગણધરના નમસ્કાર જેને પહોંચે એ દશાની શું વાત ! ૧૫૭

* દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહના અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૧૫૮

* એક ગામમાં દુષ્કાળ પડવાથી ગરીબ માણસો ભૂખના માર્યા રાજા પાસે ગયા કે સાહેબ ! અમે ભૂખે મરીએ છીએ, અમારી પાસે દાણાં નથી. ત્યારે રાજા કહે છે કે દાણાં ન હોય તો ખાવને ખાજા ! ત્યારે ગરીબ માણસો કહે છે કે અમારી પાસ દાણાં પણ નથી તો ખાજા તો ક્યાંથી હોય જ ! પરંતુ અહીં તો બધાંની પાસે ખાજા પડયા જ છે, નથી એમ અહીં નથી. અહીં તો ભાઈ ! તારી અંદર શક્તિમાં અતીન્દ્રિય આનંદના ખાજા અર્થાત્ ખજાના ભર્યા પડયા છે, તું નજર કર એટલી વાર છે. ૧૫૯

* આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતાં એનો પ્રયત્ન જોઈએ, એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે ! એને જોવાનું કુતૂહલ જાગે ને જોયા વિના ચેન ન પડે. ૧૬૦

* સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો પોકાર કરીને એમ કહે છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણવો, આત્માને અનુભવવો, એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણીને અનુભવ કર. સમયસારની ગાથા ૫ માં પણ કહ્યું કે હું કહું છું તેનો અનુભવ કરીને પ્રમાણ કરજે. ૧૬૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સમયસારજી પ્રથમ હાથમાં આવતાં, કુંદકુંદ આચાર્યે મહાવિદેહમાં બિરાજતાં સીમંધર ભગવાનના સાક્ષાત્ દર્શન કરીને, અહીં આવીને આ શાસ્ત્ર રચેલ છે, તેથી તેમના આગમ પરમ માન્ય છે—એ ફૂટનોટ વાંચતાં જ એમ થઈ ગયું કે "આ મારા ઘરની જ વાત છે." ૧૬૨

* એક બાજુ આનંદધામ પ્રભુ અંદરમાં બિરાજે છે ને બીજી બાજુ બહારમાં મૃગજળ જેવા વિષયો છે; તારા હિતને વિચારી જ્યાં રુચે ત્યાં જા ! ૧૬૩

* મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સાધુ થયો તોપણ તેને હજુ બોજો ઉતર્યો નથી અને સમ્યગ્દૃષ્ટિને છ ખંડના રાજ્યમાં પણ બોજો નથી. રાગના એક અંશમાં લાભબુદ્ધિ છે ત્યાં આખા જગતનો બોજો પડયો છે, જરીયે બોજો ઉતર્યો નથી, અંદરમાં પ્રવેશ કરતાં બધો બોજો ઉતરી જાય છે. ૧૬૪

* અહો ! મુનિદશા એટલે સાક્ષાત્ કેવળજ્ઞાનની તળેટી ! આનંદના અનુભવના ઝુલે ઝૂલતાં, હજારો વીંછીના કરડ થવા છતાં કે ૪૮ ગાઉના મોટા અવાજ આદિ થવા છતાં તેની જેને ખબર રહેતી નથી ને આનંદમાં ઊંડા ઉતરી ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે એ અદ્ભુત મુનિદશાની શી વાત ! ધન્ય દશા છે. ૧૬૫

* જેમ કોઈને એક વખત આકરી વેદના આવી ગઈ હોય અને ફરી તેવી વેદના થાય તેવું કોઈ ચિહ્ન ખ્યાલમાં આવતાં પણ કંપારી છૂટે ને ત્રાસ ત્રાસ થઈ જાય તેમ ચોરાશીના અવતારનાં દુઃખનું સ્મરણ કરતાં ત્રાસ ત્રાસ થઈ જાય. ૧૬૬

* આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ ! —એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ.. હું આ હું એ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. ૧૬૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* માથાનો કાપનાર, કંઠનો છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી. ૧૬૮

* આત્મા દૈવી શક્તિઓથી ભરેલો દેવ છે. આ આત્મા જ દેવાધિદેવ છે. એના અંતરમાંથી આનંદની લહેજત આવતાં ઈન્દ્રના સુખ ઉકરડા જેવા લાગે. ૧૬૯

* દેરાણી-જેઠાણી વિગેરે જુદા પડવાના હોય તે પહેલાં એક બીજાના વાંકા બોલવા લાગે છે, તે તેના જુદા પડવાના લક્ષણ છે. તેમ જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી, રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું, તેમાં દુઃખ દુઃખ ને દુઃખ છે-ઝેર છે તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૧૭૦

* બહુશ્રુતના હૃદયમાં તીર્થંકરદેવનો વાસ છે, જ્ઞાનીના હૃદયમાં તીર્થંકર વસે છે તેથી તીર્થંકર જે કહે છે તે જ વાત તેની વાણીમાં આવે છે. ૧૭૧

* દિગંબર સંતોના શાસ્ત્રો એટલે ચૈતન્ય ચિંતામણિરત્નને બતાવનારા મોટા પાટડા ! પરથી હઠ ને સ્વભાવ-સન્મુખ જા ! એટલા માટે શાસ્ત્રો કહ્યાં છે. ૧૭૨

* જેમ શકરકંદ અગ્નિમાં બફાય જાય છે તેમ આત્મા વિષયની વાસનામાં બફાય જાય છે પણ એનું એને ભાન નથી તેથી સુખ લાગે છે. ૧૭૩

* પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે ! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે ? એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ એને લાગવું જોઈએ. ૧૭૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આનંદમાં ઝૂલતાં સંતો કહે છે કે અમે સેંકડો શાસ્ત્ર જોઈને નિર્ણય કર્યો છે કે ચૈતન્યસ્વરૂપમાં તો એકલો જ્ઞાનને આનંદ જ ભર્યો છે, બીજું કાંઈ એમાં નથી. ૧૭૫

* બાપુ ! તારે બહુ પુરુષાર્થ કરવાનો છે. હરિહરાદિ પણ પાછા પડયા, પૂરા પહોંચી શક્યા નહિ, તારે તો શરૂઆત કરવાની છે. તારે પ્રભુને ઘેર પહોંચવાનું છે, તેથી તારે તો બહુ પુરુષાર્થ જોઈશે. ૧૭૬.

* જેવો વસ્તુસ્વભાવ છે તેવું જ્ઞાન કરવું પડશે, એ વિના વસ્તુ જવાબ નહિ આપે. પોપાબાઈનું રાજ્ય નથી. ૧૭૭

* સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે. ૧૭૮

* જેટલા પરમાત્મા થયા તે બધાં અંદરમાંથી નિકળ્યા છે. આત્મા પોતે જ પરમાત્માનો ગર્ભ છે, એમાંથી બધા પરમાત્મા થાય છે. ૧૭૯.

* પાંચસો ધનુષ્યની કાયાવાળા મનુષ્યના પગના અંગૂઠાને એક પાતળા ઝીણા વાળથી બાંધેલ હોય તો તે આટલી મોટી કાયાવાળાને શું બાંધે ? તેમ આત્મા અનંત અનંત શક્તિનો પિંડ છે, તેના એક ચારિત્ર-ગુણની એક સમયની પર્યાયમાં બંધન છે, એ તે અનંત શક્તિવાળા આત્માને શું બાંધે ? ૧૮૦

* આત્માની શોભા ઉપર જેની દૃષ્ટિ જાય છે એને દુનિયાના બધાં સુખો સડેલાં મિંદડા ને વાંદરાની દુર્ગંધ જેવા દુર્ગંધમય લાગે છે. ૧૮૧

* ભાઈ ! તારી નજર ઠરે એવી કોઈ બાહ્ય ચીજ જગતમાં નથી, તારા માટે નજર ઠરે એવી ચીજ જગતમાં તું એક જ છો. ૧૮૨

* ભાઈ ! તું શરીર સામું ન જો ! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૧૮૩

* પરસત્તાવાળા તત્ત્વોને ગ્રહવાનું અભિમાન, પરસત્તાવાળા તત્ત્વોને ત્યાગવાનું અભિમાન, એ અભિમાન જ મિથ્યાત્વ છે, અને તે સાત વ્યસનના પાપ કરતાં પણ મહાન પાપરૂપ છે. ૧૮૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* કોઈપણ જીવ પોતાની હયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન....જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે-માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૧૮૫

* એક સમયનો ભૂલેલો ભગવાન બીજા સમયે ભૂલ ભાંગી ભગવાન થઈ શકે છે. કાલનો કઠિયારો આજે કેવળી થાય એવા પ્રસંગો સારા કાળે નજરે દેખાતાં હતાં. ૧૮૬

* આ ચૈતન્ય તો લંગડો છે, હાલતો નથી, ચાલતો નથી, બોલતો નથી, વિકલ્પ કરતો નથી, થાય તેને માત્ર જાણવાના સ્વભાવવાળો જ્ઞાતાદૃષ્ટા જ છે. ૧૮૭

* તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ. તેમ પર્યાય પાછળ પ્રભુ રે પ્રભુ કોઈ દેખે નહિ. અહો ! એક સમયની પર્યાય પાછળ પરમાત્મા બિરાજે છે. ૧૮૮

* અરે પ્રભુ ! ક્યાંનો તું ? અને ક્યાંનું આ પિંજર ? અને ક્યાંના આ રાગ-દ્વેષ ? ત્યારે અને એને ખરેખર કાંઈ સંબંધ નથી. ૧૮૯.

* જિનવાણીનું મહાન લક્ષણ તો એ છે કે રાગની અને નિમિત્તની એકદમ ઉપેક્ષા કરાવે, તે જિનવાણીનું લક્ષણ છે. લાખ વાતની આ વાત છે કે આત્મા વીતરાગી સ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, તેનો આશ્રય કરવાથી સંસારનો અંત આવે છે. ૧૯૦

* સાંભળતી વખતે એને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ લાગે છે. છતાં પણ એની ભ્રમ જાળ બની રહે છે, એનું કારણ એ છે કે એણે જ્ઞાનનો ઊંડો પાયો નાખ્યો જ નથી. ૧૯૧

* ત્રણલોકનો નાથ અંદરમાં બિરાજે છે એની એને ખબર નથી ને બહારના પદાર્થોની કિંમત ટાંકવા જતાં તે પોતાના સામર્થ્યની કિંમત ભૂલી ગયો. ૧૯૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ પહેલાં ચારિત્રદોષ ટાળવા પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર, તો અંદરમાં જવાનો માર્ગ નીકળશે. ૧૯૩

∗ હાથમાંનું જે હથિયાર પોતાનું જ ગળું કાપે તે હથિયાર શું કામનું ? તેમ જે વિદ્યા-જ્ઞાન-પોતાના આત્માને સંસારમાં રખડાવે તે વિદ્યા-જ્ઞાન શું કામનું ? જે વિદ્યા-જ્ઞાન એને સંસારદુ:ખથી મુક્ત કરાવે એ જ સાચી વિદ્યા ને સાચું જ્ઞાન છે. ૧૯૪

∗ અજ્ઞાની પોતે પોતાને છેતરે છે ને માને છે કે અમે લાભમાં છીએ. આમ જગત અનાદિથી ઠગાણું છે. ૧૯૫

∗ વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી ! ૧૯૬

∗ મૂળ ચીજ-ધ્રુવવસ્તુ એવી ઝીણી છે કે એ ઝીણી ચીજ તેના હાથમાં આવે એટલે બસ ! તેને અમૃતના વરસાદ વરસ્યા. ૧૯૭

∗ સ્મશાનમાં ફૂલેલાં મડદાં પડયા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે, તેમ આ રૂષ્ટપુષ્ટ દેખાતા શરીરો ફૂલેલાં મડદાં છે, તેમાં સુખ માને છે તે બધાં કાળા કાગડા સમાન છે. ૧૯૮

∗ શાસ્ત્રમાં આવે છે કે આ શરીરમાં ૫,૬૮,૯૯,૫૮૪ રોગો રહેલાં છે. દેહ તો રોગની મૂર્તિ છે. ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. મૃતક દેહમાં ભગવાન અમૃતનો સાગર મૂર્છાણો છે. ભાઈ ! એક વાર તું તને જો ! બીજાને જોવામાં અંધ થઈ જા ને તને જોવામાં હજાર આંખોથી જો. ૧૯૯

∗ આત્મશક્તિમાં-સ્વભાવમાં ભૂલની ગંધ જ નથી અને પર્યાયની ભૂલને અમે જોતાં નથી. સદોષ દશાને અમે નથી જોતાં, અમે તો પવિત્ર સ્વભાવને જ જોઈએ છીએ. ૨૦૦

∗ લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વીજળીના સ્વભાવનો જીવ ભરોંસો કરે છે. દવાની ગોળીનો ભરોંસો કરે છે. જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોંસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિ છે, એવી એવી અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોંસો કરે તો ભવભ્રમણ છૂટી જાય. ૨૦૧

* હાથમાં લાકડી રાખીને શરીરને અડાડવાથી શરીરના ઠંડા-ઊનાનો ખ્યાલ ન આવે અને વધેલા નખથી પણ શરીરનું ઠંડા-ઊનાપણું ખ્યાલમાં ન આવે, કેમકે તે શરીરનું અંગ નથી. તમે લાકડી સમાન જડ ઈન્દ્રિયોથી કે નખ સમાન શુભરાગથી આત્મા ખ્યાલમાં આવતો નથી પણ જ્ઞાનનો ક્ષયોપશમ તે આત્માનું અંગ છે તે જ્ઞાનને આત્મામાં વાળતાં આત્માનું ભાન થાય છે. ૨૦૨

* બહારના ઝાઝા જ્ઞેયો જોવાની એને એવી ટેવ પડી ગઈ છે કે જેથી એને એકરૂપ સ્વજ્ઞેયમાં આવતાં ભાર લાગે છે, કઠન લાગે છે. બહારના ઝાઝા જ્ઞેયોમાં એને ભરેલું ભરેલું લાગે છે અને એકરૂપ જ્ઞેયોમાં (અંદરમાં) જવું તેને ખાલી ખાલી જેવું લાગે છે, પણ ખરેખર તો બહારના ઝાઝા જ્ઞેયો ખાલીખમ છે, એક સ્વજ્ઞેયમાં જ ભરેલું ભરેલું છે. અનંતા જ્ઞેયોને જાણવા જતાં એકેયનું સાચું જ્ઞાન થતું નથી. એક સ્વજ્ઞેયને જાણવા જતાં અનંતા જ્ઞેયનું જ્ઞાન સાચું થાય છે. ૨૦૩

* હે પ્રભુ ! આપે ચૈતન્યના અનંતા ખજાનાં ખોલી નાખ્યા ! તો હે પ્રભુ ! હવે એવો તે કોણ હોય કે તરણાં સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે ! ૨૦૪

* આ આત્મા એ જ જિનવર છે, અનાદિકાલથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે, એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે, પરમાત્મા પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે. ૨૦૫

* જેણે આત્મા જાણ્યો તેણે કેવળજ્ઞાનીના પેટ ખોલીને જાણ્યા, કેવળજ્ઞાનનો કેવો આનંદ છે ને કેવું સ્વરૂપ છે એનો બધો ખ્યાલ ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે. ૨૦૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સમેટ....સમેટ....સમેટ, બહારની દૃષ્ટિ સમેટ. તારી દોલત....તારા નિધાન તારી અંદરમાં ભર્યા છે, અંદરમાં જો ! અંદરમાં જો ! અંદરમાં સુધારસ ઝરે છે-ચૂવે છે ત્યાં દૃષ્ટિને જોડ. ૨૦૭

* અરે પ્રભુ ! તું અમૃતકુંડમાં રહેનારો આત્મા, ચમારકુંડ જેવા મૃતક-કલેવર ને પુણ્યાદિને " મારા મારા" કરીને તેમાં મૂર્છાઈ ગયો ! ૨૦૮

* અહો ! સમયસાર ! એ તો અશરીરી વસ્તુ છે, અશરીરીપણું બતાવે છે. એની ધૂન ચડતાં દેહ ને આત્મા બેય ચોસલા જુદા પડી જાય છે, જુદા અનુભવાય છે. ૨૦૯

* દુનિયામાં લોકો કહે છે કે કાળ-દુકાળ હશે તો મોટાની ઓથે પાર ઊતરશું. તેમ આ અંદરમાં મોટો ભગવાન બિરાજે છે તેની ઓથે (આશ્રયે) સંસારને પાર ઊતરાય છે. ૨૧૦

* ઓશિયાળા જીવને એમ કહે કે પરથી તને લાભ થશે, ગુરુથી તને લાભ થશે, ભગવાનની ભક્તિથી તને લાભ થશે, તો એ વાત તેને બેસી જાય, પણ પોતે પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત શક્તિઓથી ભરેલો ભગવાન છે–એ બેસવું કઠન પડે ! ૨૧૧.

* અરે ચૈતન્ય પ્રભુ ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે –એવી તારી તાકાત !–ને તું કહે કે મને મારું સ્વરૂપ ન સમજાય–એ કહેતાં તને શરમ નથી આવતી ? ૨૧૨

* દુનિયાને ભૂલીને તારી અતીન્દ્રિય ચૈતન્યગુફામાં ઊતર, તો ત્યાં એકલું સુખ જ ભર્યું છે. તારું સ્વરૂપ સુખનું જ ધામ છે. ૨૧૩

* જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ કલેશને ભૂલાવી દે છે. અહો ! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઊતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૨૧૪

* પરમાંથી સુખ લેવાની બુદ્ધિવાળા દેવ સ્વર્ગમાં પણ દુઃખી છે અને પોતામાંથી જ સુખ લેવાની બુદ્ધિવાળો નારકી નરકમાં પણ સુખી છે. ૨૧૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ હે ભવ્ય ! તારા ચૈતન્યસ્વભાવની અશાતના ન થાય અને આરાધના થાય તેમ કર. ૨૧૬

∗ હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી–એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે. ૨૧૭

∗ સત્ સ્વરૂપનું સત્ય નિરૂપણ પણ જેને સાંભળવા મળે છે તે મહા ભાગ્યશાળી છે. સત્ શ્રવણ-મનન વિનાનું જીવન ઢોર જેવું છે. ૨૧૮

∗ જૈનધર્મમાં ભગવાન મહાવીરે સ્વ અને પરની ભિન્નતાનાં મૂળ મંત્રો આપ્યા છે. સ્વ અને પરની ભિન્નતા ભાસવી તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે. ૨૧૯

∗ જૈનદર્શન તે વેષ કે સંપ્રદાય નથી. પ્રત્યેક જીવની શક્તિ પરમાત્મસ્વરૂપ છે–એમ બતાવનાર ધર્મને જૈનદર્શન કહો, વિશ્વદર્શન કહો, વસ્તુદર્શન કહો કે આત્મદર્શન કહો-બધું એક છે. ૨૨૦

∗ કોટિ કોટિ સૂર્યના પ્રકાશ કરતાં પણ અનંતગુણો પ્રકાશ જ્ઞાન-ભાનુનો છે. કોટિ કોટિ ચંદ્રની શીતળતા કરતાં પણ અનંતગુણી શીતળતા ચૈતન્યચંદ્રની છે. કોટિ કોટિ સાગરની ગંભીરતા કરતાં પણ અનંતગુણી ગંભીરતા આત્મામાં છે. આકાશના અનંતાનંત પ્રદેશો કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે. ૨૨૧

∗ દેહરૂપી દેવળમાં જિનસ્વરૂપ આત્મા બિરાજમાન છે. તેનો વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રગટ જિન થાય છે. ૨૨૨

∗ ચક્રવર્તીની સંપદા કરતાં પણ જેનો એક સમય અતિ કિંમતી છે, એવો આ અતિ દુર્લભ મનુષ્યભવ અનંતા ભવ-ભ્રમણના અભાવ માટેનો ભવ છે. ૨૨૩

∗ અબજપતિ માણસ ખીસ્સામાં પાંચ પચીશ રૂપિયા લઈને શાકભાજી લેવા નીકળ્યો; તેને એટલી જ મૂડીવાળો માને, એણે એને ઓળખ્યો જ નથી. તેમ વર્તમાન અલ્પજ્ઞતા અને અલ્પવીર્યવાળો જે આત્માને માને છે, એણે આત્માને ઓળખ્યો જ નથી, આત્માની ત્રિકાળી ધ્રુવ સત્તાને સ્વીકારે એણે જ આત્માને ઓળખ્યો છે. ૨૨૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



✻ એક પર્યાયમાં બીજા બધાં દ્રવ્યની પર્યાયનો અભાવ છે. એક પર્યાય અને બીજા દ્રવ્યની પર્યાય વચ્ચે અભાવની વજ્રની શિલા પડી છે. ત્યાં એક પર્યાય બીજી પર્યાયને કરે શું ? મારું કોઈ કરે નહીં, હું પરનું કાંઈ કરી શકું નહીં એટલે એને પરની સામું જોવાનું રહ્યું જ ક્યાં ? પરની આશા કરવાની રહી જ નહીં. એક પણ વાત યથાર્થ બેસી જાય ને, બસ ખલાસ ! ૨૨૫

✻ વારંવાર આ નિર્વિકલ્પ આત્મા નિર્વિકલ્પ આત્મા-એમ વારંવાર સાંભળે છે એનો અર્થ જ એ કે ઈ એને રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના, ઈ નિર્વિકલ્પ થશે જ. શાસ્ત્રમાં કહ્યું છે ને !- કે સમ્યગ્દર્શનના ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે. ૨૨૬

✻ બીજાની સાથે લડવું, જીતવું, ને બીજાને બીચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઊતરવું એ શૂરવીરતા છે. ૨૨૭

✻ સમ્યગ્દર્શન કરવા માટે વારંવાર આની ને આની સ્વાધ્યાય કરવી, મંથન કરવું, વિચાર કરવા. આની ને આની વારંવાર સ્વાધ્યાય કરવાથી નિર્ણય થાય છે અને નિર્ણય થતાં સમ્યગ્દર્શન થાય છે. ૨૨૮

✻ સમ્યગ્દર્શન થયું એટલે અનંત અનંત ક્રોડ રૂપિયાનું દેણું ચુકવાઈ ગયું, માત્ર અડધા રૂપિયાનું દેણું બાકી રહે છે. ૨૨૯

✻ અહો ! એણે ચૈતન્યને આળ નાખ્યા છે એથી પરમેશ્વરને પરિભ્રમણ થયું, એની પ્રભુતા હણાઈ ગઈ ! ૨૩૦

✻ અહો ! દેહ સંસાર અને ભોગથી ચેતતા રહેવા જેવું છે. ૨૩૧

✻ બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ ખરેખર સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ તે જ સાચી સંપદા છે. ૨૩૨

✻ એક અજ્ઞાની છોકરીને છાણનું પોશકું મળતાં જે આનંદ થાય છે તેવો આનંદ ધર્માત્માને છ ખંડની ઋદ્ધિ મળતાં પણ અંતરમાં થતો જ નથી અને તે છોકરીના અંતરમાં છાણના પોશકામાં જે મમતા છે તેટલી મમતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્માત્માને છ ખંડની ઋદ્ધિમાં પણ હોતી નથી. આવું તો આશ્ચર્યકારી સ્વરૂપ જ્ઞાની-અજ્ઞાનીની દશાનું છે. તેને ધર્મી જીવ જ કળી શકે છે. ૨૩૩

* શરીરમાં રહ્યાં, શરીર રહિત અનુભવ કરી લેવો એ જ શાંતિ છે, બીજી કોઈ શાંતિ નથી. ૨૩૪

* મેં દુકાનના ધંધા છોડયા, આ છોડાયું....આ છોડયું....એ દૃષ્ટિ જ મિથ્યાત્વને પુષ્ટ કરનારી છે. જે છૂટા જ પડયા છે, એને છોડું એ દૃષ્ટિ મિથ્યાત્વના આસ્રવને વધારનારી છે. ૨૩૫

* અહો કેવળજ્ઞાન લેવામાં કેટલી ધીરજ ! કેટલી ધીરજ, ક્ષમા અને સમતા હોય, ત્યારે કેવળજ્ઞાન થાય. નીચે પણ કેટલો નિશ્ચિંત હોય, કેટલી ધીરજ હોય. દ્રવ્યને પહોંચવામાં કેટલી ધીરજ હોય ત્યારે પહોંચી શકે છે. બહારથી બહેરો, બહારથી મૂંગો અને બહારથી આંધળો થઈ જાય છે. ૨૩૬

* જિનસ્વરૂપની વાત સાંભળતાં પણ વીરતા જાગે, તો તેની સંભાળ કરતાં કેટલી વીરતા જાગે ! મોસાળમાં લગ્ન ને મા પીરસનાર પછી બાકી શું રહે ! તેમ અહીં સત્ય પીરસાય છે. ૨૩૭

* આત્માના વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઊછળે, એ ક્યાં ઊછળે છે ? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યો પણ ખરેખરું માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને ! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૨૩૮

* બાહ્યની અનુકૂળ સાધન-સામગ્રીથી અંતરમાં સાધન થાય એમ છે જ નહીં. નાક-કાન બંધ કરીને આખા શરીરનું લોચાની જેમ પોટલું બાંધીને ઉપરથી નારકીને ઘણના ઘા મારે તો ધર્મનું સાધન ન થાય એમ છે જ નહીં. એ નારકી અંદરમાં જરા વિચારે ચડતાં અંતરમાં ભેદજ્ઞાન કરી લ્યે છે. બાહ્યની પ્રતિકૂળતા જરાયે નડતી નથી. જરાક શરીર છૂટું હોય તો ઠીક ને બાંધેલ હોય તો ઠીક નહીં એમ છે જ નહીં. ૨૩૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જોડે પ્રભુ બિરાજતાં હોય અને એના દુશ્મનની સાથે વાતુ કરે ઈ પ્રભુ ક્યાંથી પ્રસન્ન થશે ? શુભાશુભ ભાવ તો દુશ્મન છે. ઈ ગોઠે છે તો પ્રભુ પ્રસન્ન ક્યાંથી થશે ? ૨૪૦

* વૈરાગ્ય તો તેને કહીયે કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે, પુણ્ય-પાપથી અને પર્યાયથી પણ ખસીને અંદરમાં જવું તે વૈરાગ્ય છે. જેને રાગમાં રહેવું ગોઠતું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું નથી અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી, ધ્રુવ પાટ પડી છે અંદરમાં, એમાં જેને જવું છે એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી. ૨૪૧

* કોઈ ને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે ! તેમ સંસારના દુઃખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ વાત છે. ૨૪૨

* આત્મ-અનુભવ સિવાય બધાં મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઇ ન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે, જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. ૨૪૩

* થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. ૨૪૪

* જેમ આકાશમાં અગ્નિના ભડકા બળતાં હોય છતાં આકાશને તેની સાથે કાંઈ સંબંધ નથી, તેમ શરીરમાં ગમે તેવા ગુમડાં થાય–ગમે તેવી અવસ્થા થાય તોપણ આકાશ સમાન આત્માને તેની સાથે કાંઈ સંબંધ નથી. ૨૪૫

* જેમ એક મોટા તપેલામાં આખામાં પાણી ભર્યું હોય તેમાં તેના માપનો જ લાકડાનો દટ્ટો નાખતાં પાણી બધું બહાર નીકળી જાય છે, તેમ આત્મામાં સિદ્ધની સ્થાપના કરતાં આત્મામાંથી બધો વિકાર નીકળી જાય છે. ૨૪૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેટલી ઉત્તમમાં ઉત્તમ, વિશેષમાં વિશેષ મહિમાવાળી ચીજ છે તે આત્મામાં ન હોય તો બીજા શેમાં હોય ? આત્મામાં જ એ બધું ભર્યું છે. આત્મા જ ચંદ્ર, આત્મા જ સૂર્ય છે. આત્મા જ અતીન્દ્રિય જગતચક્ષુ છે. ૨૪૭

* સ્ત્રી, કુટુંબ, પરિવાર વિગેરે તો આત્માની દુશ્મન જે કર્મ એણે ઊભાં કરેલાં કાવત્રા છે, એને પોતાના માનવા એ જ સંસારનું બીજ છે. પુણ્ય-પાપ અને તેના ફળ એ તો આત્માના વેરી જે કર્મ તેણે ઊભાં કરેલાં કાવત્રા છે. ૨૪૮

* પાત્ર થવું કઠન છે, વાતુ કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ ! સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૨૪૯

* જેટલા વિકલ્પો ઊઠે ઈ બધામાં કાંઈ માલ નથી. ઈ બધા દુ:ખના પંથ છે, બધા વિકલ્પો હેરાન કરનારા છે એમ એને નિર્ણય થાય તો આત્મા તરફ પ્રયત્ન કરે. ૨૫૦

* અહો ! જેના આનંદની એક ક્ષણની લહેજતમાં-લહેરકીમાં ત્રણ-લોકના સુખ વિષ જેવા લાગે, ઝેર જેવા લાગે, તરણાં જેવા તુચ્છ લાગે એવો ભગવાન આત્મા છે. ૨૫૧

* જેને કેવળીઓ પણ કહી ન શકયા એ તે ચીજ કેવી છે એમ જરી અંતરમાં પ્રયત્ન કરીને જોવે તો ખરો ! –કે આ ચીજ તે છે શું ? –કે જેની જ્ઞાનપર્યાય એક ક્ષણમાં અનંતા કેવળીઓને કળી લ્યે છે અને જેના પેટમાં કેવળજ્ઞાનની અનંતી પર્યાયો પડી છે. ૨૫૨

* મનુષ્યપર્યાયની એક એક ક્ષણ મોટા કૌસ્તુભમણિથી પણ કિંમતી છે. એમાં ચોરાશીની ખાણમાંથી નીકળવાનું કરવાનું છે. એક ક્ષણ ક્રોડો અને અબજો રૂપિયાથી પણ અધિક છે. ચક્રવર્તીના છ ખંડના રાજ્યથી પણ એક સમય થોડો મળે છે ? એમાં (–મનુષ્યપર્યાયમાં) આ એક જ કરવા લાયક છે. ૨૫૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* વહાલો દીકરો મરી ગયો હોય પણ એને નજરે ને નજરે તરવર્યા કરે. તેમ સમ્યગ્દૃષ્ટિને-ધર્મની પ્રથમ ભૂમિકાને પ્રાપ્ત જીવને પોતાનો ચૈતન્ય ભગવાન નજરે તરવર્યા કરે છે. સમ્યગ્દૃષ્ટિને ચૈતન્ય ઉપર નજરબંધી થઈ છે. ૨૫૪

* બહારમાં નાપાસ થાય ત્યાં એને હીણપ લાગે છે પરંતુ અંદરમાં હીણો પોતાને માને છે ઈ હીણપ છે પૂરણાને હીણો માનવો ઈ જ હીણપ છે. ૨૫૫

* રાગાદિ ને અલ્પજ્ઞતા એ પણ એમાં નથી. એવા શુદ્ધ સ્વરૂપમાત્ર આત્માને જાગીને જો, જાગીને જો, બાપુ ! એ વર્ષ બેસતું છે. ૨૫૬

* પહેલાં તો પોતાને વિકલ્પવાળો માનવો અને પછી વિકલ્પને ટાળવાનો પ્રયત્ન કરવો ઈ જ મોટામાં મોટી વિપરીતતા છે, મિથ્યાત્વ છે. પહેલાં વિકલ્પ વિનાનો છું એવી દૃષ્ટિ કરે પછી વિકલ્પ છૂટે. ૨૫૭

* જેમ દેહ છે તે હેય છે પણ છોડયો જતો નથી, તેમ રાગ છે તે હેય છે પરંતુ પુરુષાર્થની નબળાઈથી છોડયો જતો નથી. ૨૫૮

* એને કાળ થોડો છે અને કરવાનું કામ ઘણું છે. ૨૫૯

* આહાહા ! આકરું કામ છે બાપુ ! અંદરમાં વૈરાગ્ય ! વૈરાગ્ય ! આ બધું વિખરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને આવ્યું નથી. તારામાં ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. ૨૬૦

* ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો; પરના કામ અને રાગના કામ મારા જ્ઞાતાદૃષ્ટાના નહીં....એમ દૃષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૬૧

* કેવળજ્ઞાન ને કેવળ-આનંદ એ આત્માને વ્હાલો છે, પ્રિય છે, ઈષ્ટ છે. કેવળજ્ઞાન થયું એટલે આત્માને એના વ્હાલા મળી ગયા. કેવળજ્ઞાન પ્રિય છે અને એ જેનાથી પ્રગટે એવો આત્મા તે પ્રિયતમ છે. ૨૬૨

* રાગ હોવા છતાં સાધકના હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલ છે. ૨૬૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* દિગંબર સંતોએ વસ્તુ કહી છે, બીજો કહી શકે જ નહીં. અન્ય મતમાં આ વાત હોય જ નહીં, કેવળજ્ઞાનના સાધકોએ કેવળીના પેટ ખોલી નાખ્યા છે. ૨૬૪

* આપણે આપણું કરવું, શરીરનું થવું હોય તે થાય. ૨૬૫

* ભારે ટૂંકી વાતમાં સમજાવ્યા મહા સિદ્ધાંત. કુંદકુંદાચાર્ય ચૈતન્યસૂર્ય પાકયા, જગત પાસે કેવળીના કાળજા ખુલ્લા કર્યાં છે. ૨૬૬

* આ આત્મા આનંદની મૂર્તિ છે. આત્મામાં અંતરમાં આનંદ જ ભર્યો છે. એની વાત સાંભળવી એ માંગલિક છે....એની વાત સાંભળવા માટે સ્વર્ગમાંથી ઈન્દ્રો નીચે આવે છે. ૨૬૭

* કાગળ ઉપરના દીવા ખડને બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રના જ્ઞાનથી સંસાર બળે નહીં. ૨૬૮

* અશુભ ઉપયોગ તે સીધો અગ્નિ સમાન બાળનાર છે ને શુભ ઉપયોગ તે ઊષ્ણ ઘી સમાન બાળનાર છે. બંને ઉપયોગ છે તો બાળનાર જ. ૨૬૯

* ટૂંકમાં તો આવું છે કે તારા ધ્રુવ-સ્વરૂપમાં આનંદ ભર્યો છે એમાં દૃષ્ટિ દે. આકુળતા થાય છે પણ વસ્તુ તો અનાકુળરસ છે, એના તરફ દૃષ્ટિ દે. લાખ વાતની એક વાત છે. બધું કોણ ભણતું' તું ! આ વાત છે. ૨૭૦

* તિર્યંચને સમ્યક્ થાય છે, ત્યાં કોઈએ પૂર્વે આત્મા શુદ્ધ છે એમ સાંભળ્યું હોય છે તે સ્મરણમાં આવતાં પછી વિચારમાં ઊતરે છે અને જેમ વિજળી ઉપરથી નીચે ઊતરી જાય એમ વીર્ય અંતરમાં ઊતરી જાય છે. બસ કરવાનું તો આટલું જ છે. પછી એમાં ઠરવાનું છે. ૨૭૧

* જેણે આત્મા જાણ્યો તેણે કેવળજ્ઞાનીના પેટ ખોલીને જાણ્યા, ભાવશ્રુત જાણ્યું એને જાણવાનું કાંઈ બાકી જ રહ્યું નથી, આખી, દુનિયા જાણી લીધી. ૨૭૨

* આત્મા વીરનો પુત્ર છે. મોળી વાત કરનારની વાત સાંભળીશ નહીં. આ કાળે કેવળજ્ઞાન નથી–એ વાત સાંભળીશ નહીં. કેવળજ્ઞાન કેમ થાય એ રીત જાણી (-ભાન થયું) એટલે કેવળજ્ઞાન થશે જ. ૨૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અહો ! અનંતકાળમાં આ વાત અમે સાંભળી નથી–એમ પ્રસન્ન ચિત્તથી જ્ઞાનસ્વભાવની વાત અંદરથી સાંભળે, રુચિની ગુલાંટ મારીને સાંભળે તેને ભવિષ્યમાં મુક્તિ થવાની જ છે. અહો ! એને પક્ષ પાકો થઈ ગયો એ ફરશે જ નહીં. તે જરૂર મોક્ષમાં જાય છે, એને તો આ કાળ અને આ યોગ જ વિશેષ ભાસે છે. નવમી ગ્રૈવેયકવાળાએ પ્રસન્નતાથી આ રીતે તત્ત્વની વાત સાંભળી જ નથી, તેને તો પુણ્યમાં દૃષ્ટિ હતી. આ તો અનંતકાળમાં નહીં સાંભળી એવી અપૂર્વતાથી તત્ત્વની વાત સાંભળે છે તેની વાત છે. ૨૭૪

* સાતમી નરકમાં પડયો પણ પોતાની મતિમાં આત્માને વસાવે છે. પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ દુ:ખોનું એ સ્થાન છે છતાં આ દુ:ખ તે હું નહીં, સંયોગ તે હું નહીં, વિકલ્પ તે હું નહીં, એક સમયની પર્યાયમાં પણ પર્યાયને વસાવતો નથી પણ એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યને વસાવ્યું, જેણે પોતાની મતિમાં આત્માને વસાવ્યો તેની ગતિમાં તે પરમાત્મા જ થાય છે અને જેણે પોતાની મતિમાં પુણ્ય-પાપ વસાવ્યા તેને ચાર ગતિ જ મળે છે. ૨૭૫

* રાજાને એક રાણી હોય, કોઈને હજાર હોય, કોઈને ૯૬ હજાર હોય પણ ત્યાં મર્યાદા આવી ગઈ. ભગવાન આત્માને અનંતી પટ્ટરાણીઓ છે, આ તો એક જ ક્ષેત્રમાં અને કદી જાય નહીં. ઈન્દ્રને કરોડો ઈન્દ્રાણીઓ પણ અમુક કાળ રહીને ચાલી જાય, આ ભગવાન આત્માને તો અનંતી પટ્ટરાણીઓ સાદિ અનંતકાળ આનંદનો ભોગ આપે છે. ૨૭૬

* ભગવાન પૂર્ણાનંદને જેણે દૃષ્ટિમાં તોળ્યો એને હવે બાકી શું રહ્યું અને જેણે વિકલ્પને દૃષ્ટિમાં લીધો એને હવે નુકશાન થવામાં બાકી શું રહ્યું ? ૨૭૭

* કર્મની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞતાની હયાતી છતાં જેનો દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ, છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો, એનું નામ જ અમલ છે. (-સમ્યગ્દર્શન છે.) ૨૭૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઊભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ તો બધું પુદ્‌ગલ-પરાવર્તન અનુસાર થયા જ કરે છે. ૨૭૯.

* જેણે બહારમાં કયાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ કયાંક ને કયાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૮૦

* કેવળજ્ઞાન બેસવું એ તે કાંઈ સાધારણ વાત છે ! કેવળજ્ઞાનની તૈયારીવાળાને કેવળજ્ઞાન બેસે છે....જેને આત્મા બેઠો એને કેવળજ્ઞાન થયે જ છૂટકો. ૨૮૧

* પહેલાં સમજણ તો કરે, સ્વભાવનો પક્ષ તો કરે કે રાગ અને નિમિત્ત તરફ ઢળવા જેવું નથી પણ સ્વભાવ તરફ જ ઢળવા જેવું છે એમ પાકો નિર્ણય તો કરે. નિર્ણયનો વજ્રનો સ્થંભ તો નાખે,....એ વિના એકેય પગલું જવાય તેમ નથી. ૨૮૨

* જૈનદર્શનનો એક પણ સિદ્ધાંત અંદરથી બેસી જાય એટલે આખું ચક્ર બેસી જાય, એવી જ વસ્તુસ્થિતિ છે. ૨૮૩

* જે, બહારની સગવડતા એને સગવડતા માને છે, બહારની અગવડતા એને અગવડતા માને છે, તે પ્રગટપણે ભગવાનને (આત્માને) શરીર સ્વરૂપ જ માને છે. ૨૮૪

* અરે ! એમ ન માનવું કે અમે અભણ છીએ, એમ ન માનવું કે અમે સ્ત્રી છીએ, એમ ન માનીશ કે અમે દીન અને હીન છીએ; –એ માન્યતા જ તારા પરમાત્માની વેરી છે. ૨૮૫

* ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે કયાંય ચોંટતુ નથી, સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટયું છે તેથી પાંખને ભીસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટયું છે. પ્રતિકૂળતા આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી, દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે. ૨૮૬

* હે ભાઈ ! તારી એક સમયની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે જ્ઞેય ખૂટ્યા, પંણ તારું જ્ઞાન ખૂટયું નથી, તો આખા દરિયાની તો શું વાત ! એક અંશની આટલી બેહદતા તો આખા અંશીની તાકાતનું શું કહેવું ? ૨૮૭

* સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહા ! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૨૮૮

* પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞને સોંપાય ? ચક્રવર્તીને વાશીદાનું કામ ન સોંપાય, તેમ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, એવું ભાન થયું એને પુણ્યના કાર્યમાં કર્તાબુદ્ધિ ન હોય. ૨૮૯

* પૈસાની મમતા ઈ તો અગ્નિની ભઠ્ઠી સળગે છે. અહીં તો કહે છે કે ઈન્દ્રના ઈન્દ્રાસન હોય તોપણ ઈ અમારે ન જોઈએ, ઈ તો સડેલાં તરણાં છે. અમારે તો અમારો આત્મા જોઈએ. ૨૯૦

* વિજળી ઉપરથી પડે તોપણ ખ્યાલ ન જાય એવું ધ્યાન કર. જે ચીજ એનામાં નથી એમાં ફેરફાર થતાં એને સખ ન પડે ઈ ધ્યાન ન કરી શકે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો વીંછી કરડે તોપણ ખબર ન પડે, શરીરમાં ગમે તેવા કષ્ટો આવે તોપણ એને ખબર ન પડે. ૨૯૧

* દ્રવ્ય પોતે જ અકારણીય છે, પોતે જ અનંત પુરુષાર્થરૂપ છે. તેના વિશ્વાસની બલિહારી છે. ૨૯૨

* જેમ કંદોઈને ત્યાં ચૂલામાં ઊંચેથી તેલના ઊકળતાં કડાયમાં પડેલો સર્પ અર્ધો તો બળી ગયો પણ તે બળતરાથી બચવા માટે ચૂલામાં ઘુસી જતાં આખો બળી ગયો. તેમ જગતજીવો પુણ્ય-પાપમાં તો બળી જ રહ્યા છે અને તેમાં એ વિશેષ સુખની લાલસામાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે. ૨૯૩

* જેને એક પ્રતિકુળતામાં સમાધાન કરતાં આવડે છે તેને અનંતી પ્રતિકૂળતામાં સમાધાન કરવાની તાકાત છે. મારામાં પ્રતિકુળતા જ નથી, હું તો આનંદકંદ છું, એવી દૃષ્ટિ કરતાં સમાધાન થાય છે. ૨૯૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મુનિઓ જે ઉપદેશ આપે છે તે ખરેખર તો શુદ્ધતાનો પોકાર છે. પોતાને જે શુદ્ધ ચૈતન્યની પ્રિયતા લાગી છે તેની જગતની પાસે પ્રસિદ્ધિ કરે છે. ૨૯૫

* જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૯૬

* સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૨૯૭

* આત્મા જ્યાં પોતાના સ્વભાવના બળે ચડયો, ત્યાં અજ્ઞાનનો રાગ-દ્વેષ, ઊધઇ જેમ તડકામાં ધાણીની માફક સડસડીને સળગી જાય, તેમ સળગી જાય છે (ટળી જાય છે), બળી જાય છે. ૨૯૮

* સમોસરણ (જિનમંદિર) જિનબિંબ આદિ વીતરાગતાના સ્મરણના નિમિત્તો છે. આવા જીવો છે એના એવા પુણ્યો છે એ બધું જોતાં, વર્તમાન બુદ્ધિ છૂટી જઈને ત્રિકાળીની બુદ્ધિ થાય છે અને એને માટે આ સમવસરણ જિનમંદિર આદિ નિમિત્તો છે. ૨૯૯

* મેરુ પર્વત ઉપાડવો સહેલો છે પરંતુ આ પુરુષાર્થ ઉપાડવો દુર્લભ છે. તેથી જ શાસ્ત્રમાં આ પુરુષાર્થને દુર્લભ કહ્યો છે. સહજ સ્વભાવે સુગમ છે પણ અનાદિ અણ-અભ્યાસને લઈને દુર્લભ છે. ૩૦૦

* મરણ થવા છતાં જેની કિંમત કરી હશે તે નહીં છૂટે, રાગ-દ્વેષ અને સંયોગની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, આત્માની કિંમત કરી હશે તો તે નહીં છૂટે. જેનું મૂલ્ય આવ્યું હશે તે છૂટશે નહીં. ૩૦૧

* ધન રળવાનો કાળ છે ઈતો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહિ. ૩૦૨

* અનુકૂળતાવાળા બધાં રતિમાં સળગી રહ્યા છે, પ્રતિકૂળતાવાળા બધાં અરતિમાં સળગી રહ્યા છે, બધાં રાગદ્વેષમાં સળગી રહ્યા છે, દુઃખી છે. ૩૦૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સમ્યગ્દર્શન થાય તેને તો પર્યાયમાં મહા પામરતા ભાસે છે. સમ્યગ્દર્શન થતાં તો નરમાશ....નરમાશ....આવી જાય, મને બંધ થતો નથી એવું તેને હોય નહિ. ૩૦૪

* જેણે જીવનકાળમાં સંયોગનો વિયોગ સાથે જ ભાવ્યો છે, અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે તેને તેના વિયોગકાળે ખેદ નહિ થાય. ૩૦૫

* દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દૃષ્ટિમાં) છોડ એની બલિહારી છે આ તો શૂરવીરના ખેલ છે. ૩૦૬

* સમકિતીએ બધાથી આત્માને છૂટો પાડીને છૂટ લીધી છે...અંદર દૃષ્ટિનું વલણ આખું ફેરવી નાખ્યું છે. રાગનું સ્વામિત્વ ટળી ગયું છે, હું જ્ઞાનનંદ છું એનું સ્વામિત્વ થઈ ગયું છે. સમકિતીના ભરોંસે આવ્યો ભગવાન ! રાગના અને પરના ભરોંસા છૂટી ગયા. આ તો કાંઈ થોડી વાત છે ? ૩૦૭

* આત્મા મહાન પરમેશ્વર પદાર્થ છે. અનંતા કેવળીઓને પોતાના પેટમાં ગળી જાય એવો મહાન પદાર્થ આત્મા છે. પ્રગટમાં ભલે થોડું (-અલ્પજ્ઞતા) હોય, પણ અપ્રગટમાં મહાન શક્તિ પડી છે. પ્રગટ નથી એટલે એને આટલી મહાન શક્તિ છે એમ બેસતું નથી. ૩૦૮

* વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી–એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે ! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે...વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દૃઢ કરે ! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે. ૩૦૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અહો ! પ્રભુપદમાં ખતવવાની ચીજ તેણે રાંકામાં ખતવી નાખી ! હું અત્યારે જ પૂર્ણ પ્રભુ છું એમ એકવાર શ્રદ્ધામાં લાવ ! પૂર્ણ પ્રભુપણે સ્વીકાર કરતાં એ તો ભગવાનનો દીકરો થઈ ગયો. સમ્યગ્દર્શન થયું એટલે એમાં ગર્ભિતપણે કેવળજ્ઞાન જ આવી ગયું. ૩૧૦

* કોઈ મનુષ્ય મૂંગો, બહેરો કે આંધળો હોય તેથી તે પંચેન્દ્રિય નથી એમ નથી. એ જાતનો લબ્ધ ઉઘાડ તો તેને હોય છે. પરંતુ ઉપયોગની લાયકાત નથી. તેમ આત્મા વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞ હોવા છતાં શક્તિએ અલ્પજ્ઞ નથી શક્તિમાં તો પૂરો સર્વજ્ઞ છે. ૩૧૧

* શ્રોતાઃ-સમ્યગ્દષ્ટિને મોટું પદ આપી દીધું છે ?

પૂજ્ય ગુરુદેવઃ-સમ્યગ્દૃષ્ટિએ પરમાત્માને તાબે કરી લીધા છે, પરમાત્માને પકડી લીધા છે, કબજે કરી લીધા છે. એટલે બાકી શું રહ્યું ? રાગનો કબજો છોડી દીધો છે, તેને પોતાના સ્વભાવને ખજાનો ખુલ્લી ગયો છે, નિધાનની તીજોરી ખુલ્લી ગઈ છે. તેથી જેટલું માંગે એટલું અંદરથી નીકળે છે એથી સમ્યગ્દૃષ્ટિનું પદ મોટું થઈ ગયું છે. ૩૧૨

* આ બાજુ પરમેશ્વર પડયો છે, તેનું અજ્ઞાનીને કાંઈ માહાત્મ્ય આવતું નથી. તેની કોઈ કિંમત દેખાતી નથી અને આ બાજુ એક વિકલ્પ ઊઠે છે ત્યાં તો તેને ઓહોહો ! થઈ જાય છે. વિકલ્પનું અસ્તિત્વ અને માહાત્મ્ય આવે છે એ જ મિથ્યાત્વ છે. ૩૧૩

* શ્રોતાઃ-તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી ?

પૂજ્ય ગુરુદેવઃ-ખરેખર અંતરથી રાગના દુઃખના થાક લાગ્યા નથી એટલે તેને વિસામાનું સ્થાન-શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુઃખના થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૩૧૪

* અજ્ઞાનીની ભૂલ હોય તે જાણવી પણ તેથી તેનો તિરસ્કાર ન હોય, એ પણ ભગવાન આત્મા છે ને ! ઈ બિચારા અજ્ઞાનથી દુઃખી છે. દુઃખમાં બળ્યા-જળ્યાનો તિરસ્કાર કરવો ઈ ધર્મીનું કામ નથી. ૩૧૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ એક પડખે સૂતા સૂતા થાક લાગે એટલે પડખું ફેરવે છે. તેમ પરથી મને લાભ થાય, પરથી મને સુખ થાય એવી માન્યતાથી જેને થાક લાગ્યો છે ઈ પડખું ફેરવે છે, આત્માની તરફ વળે છે. ૩૧૬

* જેમ નાના બાળકને કૂતરો કરડવા આવે ત્યાં તરત તે ત્યાંથી દૂર ભાગીને પોતાના મા-બાપ પાસે દોડી જાય છે, અને તેને ચોંટી પડે છે. તેમ પોતાનો આત્મા મહાન છે, ઈ મોટો આધાર છે, એને શરણે જા. ૩૧૭

* અહો ! પોતે ચેતન, જડની પાસે ભીખ માગે છે, મને સુખ દ્યો. જેમ બાદશાહ વાઘરીને ઘેર ભીખ માગે કે મને ખાવાનું બટકું રોટલો આપો, તેમ આત્મા રાગરૂપે તો કોઈ દી થયો નથી, ભેદરૂપ થયો નથી, અનેકરૂપે થયો નથી, એકરૂપતા કદી છોડી નથી, એનામાં ગુણના ને પર્યાયના ભેદ (વિકલ્પ) જેને ખટકે છે, એને રાગથી થાય એ વાત જ ક્યાં છે ? વીતરાગી ભગવાન કહે છે કે મારું સાંભળવા બેઠો છો પણ છે તો એ વિકલ્પ, ધ્યાન રાખજે એમાં ફસાઈ જતો નહીં. ૩૧૮

* અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે. એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારીને પોતાના ઘરની મીણબત્તી કરે. પોતાના ઘરના કામ માટે રાજની મીણબત્તી ન વપરાય. (આવું તો લૌકિક નીતિનું સ્વરૂપ છે.) ૩૧૯

* એક છ મહિના એને રોગ રહે તોપણ રાડ પાડે છે પણ આ તો અનંતકાળથી મિથ્યાત્વનો રોગ એને લાગુ પડયો છે, એની એને રાડ પડતી નથી. આત્મભ્રાંતિ સમ રોગ નહીં. ૩૨૦

* શ્રોતાઃ–આ સ્વરૂપ લક્ષમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય ?

પૂજ્ય ગુરુદેવઃ–પુરુષાર્થ જોઈએ, પુરુષાર્થ જોઈએ. અંદરમાં શક્તિ પડી છે તેનું માહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ જ છે. પર્યાયની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ વસ્તુ અપ્રગટ કહેવાય છે. આમ તો વસ્તુ પણ પ્રગટ જ છે, કાંઈ આડું ઢાંકણું નથી. ૩૨૧

* વારંવાર શિષ્ય ગુરુથી સાંભળ્યા કરે છે ત્યારે ઊભો થાય છે. વારંવાર સાંભળવાથી વારંવાર જ્ઞાનના ખ્યાલમાં માહાત્મ્ય આવ્યા કરે અને તો જ વીર્ય ઊછળે. તેથી જ યોગસારમાં આનું જ શ્રવણ વિગેરે અનેક બોલો કહ્યા છે. ૩૨૨

* અતીન્દ્રિયના નાથને જેણે નાથ્યો-પ્રતીતિમાં લીધો એને અંદરમાં અનંત આનંદ પ્રગટ થાય છે. આનંદની ધારા વહે છે, જ્ઞાન એકલું ન હોય, સાથે આનંદની ધારા વહે છે. ૩૨૩

* પરમ અમૃતસ્વરૂપ ભગવાન છે પણ મૃતક-કલેવરમાં મૂર્છિત થઈ ગયો છે, અંદરમાં મૂર્છિત થવાનું હતું પણ બહારમાં મૂર્છિત થઈ ગયો. ૩૨૪

* ભોગના વિકલ્પો કરતાં અનર્થના વિકલ્પો આત્માને બહુ નુકશાનકર્તા છે. ભોગના વિકલ્પો તો અમુક કાળ જ હોય છે. ૩૨૫

* અતીન્દ્રિય અમૃતનો સાગર જ આત્મા છે. એકલા અમૃત જ ભર્યા છે. કેટલાય વિકલ્પોનો ભૂકો કર્યા પછી આની કોર વળી શકે છે. ૩૨૬

* આની આ વાત બબ્બે ચચ્ચાર કલાક સુધી સાંભળે છે અને હકાર હકાર આવે છે, રાગનો નિષેધ આવે છે, આનું આ જ ઘૂંટણ ચાલે છે, એ શું કોઈ ક્રિયા નથી ? જડની અને રાગની ક્રિયા એ જ ક્રિયા હશે ? એનું (જ્ઞાનનું) માહાત્મ્ય આવતું નથી. આ સત્યનો જ હકાર આવે છે અને રાગનો નિષેધ-નકાર આવે છે. આ જ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે. ૩૨૭

* જગતને અજ્ઞાને લૂંટયું છે ને ! એવો કોઈ લૂંટારો જગતમાં નથી, ધોળે દિવસે જગતને લૂંટયું છે. ૩૨૮

* જેમ એક લોખંડના મોટા ગોળામાં એટલું બળ છે કે તે નીચે પડે તો નીચેના પથ્થરના ભૂકા કરી નાખે છે. તેમ આત્મામાં જ્ઞાનબળ, ચારિત્રબળ, વીર્યબળ એમ અનંત બળ છે તે કર્મનો અને અશુદ્ધતાનો ભૂકો કરી નાખે છે. ૩૨૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્ઞાનની વર્તમાન પર્યાય અંદરમાં વળે એનું નામ જાણપણું છે, ધારણા થઈ ગઈ ઈ જાણપણું નથી. આત્મા અનુભવમાં લેવો એનું નામ ખરું જાણપણું છે. ૩૩૦

* ભગવાનની વાણીમાં ચૈતન્યહીરો સરાણે ચડયો છે, ઈ સાંભળવા મળે ઈ પણ હીરાની કણીયું છે. ૩૩૧

* વિષય-કષાયની રુચિ તો છૂટી નથી અને માત્ર જાણપણું છે ઈ જાણપણાને નામે આત્માને છેતરે છે, ઠગે છે. ઈ જાણપણું જ નથી. સાચું જાણપણું થતાં તો વિષય-કષાયની રુચિ છૂટી જાય. ૩૩૨

* ખરેખર તો રાગથી વિરક્તિ (ભિન્નતા) એને શીલ કહેવાય છે. આવું શીલ નરકમાં પણ વેદનાને ગણતું નથી. આ તો બહુ ધીરજથી સમજવા જેવું છે. જેમ દરિયાના પાણી સળી વડે ઊલેચવા હોય તો કેટલી ધીરજ જોઈએ ! ૩૩૩

* જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ નથી એવો ભાસ ન થાય ત્યાં સુધી એને આત્માનો અનાદર વર્તે છે. ૩૩૪

* હેઠલી વાતના ઠેકાણાં ન હોય તેને ઉપલી વાત આ બેસશે શી રીતે ? પાત્રતારૂપ નીચલી વાતનું ઠેકાણું ન હોય તેને ઉપલી વાત અર્થાત્ અધ્યાત્મની અલૌકિક વાત શી રીતે બેસી શકે ? ૩૩૫

* હું વાણીયો છું એમ તો નહીં પણ હું માણસ છું–એમ માનનારે જીવને મારી નાખ્યો છે. હું અલ્પજ્ઞાનવાળો છું, હું રાગનો કરનાર છું એમ માનનારે એના જીવના જીવને મારી નાખ્યો છે, એનો અનાદર કરવો ઈ જ એને માર્યો છે. ૩૩૬

* આ જીવનું અંદર રુચિથી રટણ અને ઘૂંટણ ઈ અંદર આગળ જવાનો રસ્તો છે. સ્વરૂપ પ્રત્યે એને પ્રેમની જરૂર છે. જ્ઞાન ઓછું-વધતું હોય તેનું કાંઈ નહીં. ૩૩૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણા નથી, મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ ઠેકાણા નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના ઠેકાણા હોય, તેમ બને નહીં. ૩૩૮

* ત્રણ લોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે, બીજા દેવ-દેવલાની તો શું વાત ! ૩૩૯

* અહો ! જુઓને ! દરેક ક્ષણે ઈ મૃત્યુની નજીક જઈ રહ્યો છે પણ જો ઈ આત્માની સન્મુખ નહીં જાય તો મૃત્યુના વખતે ઈ મુંઝાઈ જશે. ૩૪૦

* અરે ! એણે કોઈ દી એની દરકાર કરી નથી. બહારમાં અહીંથી મળશે ને અહીંથી મળશે એમ બહારમાં જ ઈ ફાંફાં મારીને સમ્મેદશિખરમાંથી મળશે ને બીજે કયાંકથી મળશે. એવી ભ્રમણામાં ઈ પોતાને ખોઈ બેઠો છે. ૩૪૧

* બાહ્યવૈભવોમાં સુખ માનવું તે વિષ્ટામાં સૂવું ને તેમાં સુખ માનવા જેવું છે. ૩૪૨

* આત્મા અને રાગની સંધિ અતિ સૂક્ષ્મ છે, ઘણી જ દુર્લભ છે, દુર્લભ છે તોપણ અશક્ય નથી. જ્ઞાન ઉપયોગને અતિ સૂક્ષ્મ કરતાં-ઝીણો કરતાં લક્ષમાં આવી શકે છે, પંચમહાવ્રતના પરિણામો કે શુકલલેશ્યાના કષાયની મંદતાના પરિણામો તે અતિ સૂક્ષ્મ કે દુર્લભ નથી પણ આત્મા અતિ સૂક્ષ્મ છે. તેથી ઉપયોગ અતિ સૂક્ષ્મ કરવાથી આત્મા જાણવામાં આવે છે. ૩૪૩

* સર્વ જીવો સાધર્મી છે. કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ને સુખી થાવ ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા-૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ ! આહાહા ! જુઓ જ્ઞાનીની ભાવના ! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે. ૩૪૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અરે જીવ ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે–એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે. ૩૪૫

* ભાઈ ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે ! મા-બાપ ભાઈ-બહેન સગા સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે ? એની કાંઈ ખબર છે ? અરે ! મારે મારા આત્માનું હિત કરી લેવું છે-એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા ! સગા-સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર ? માટે જે જાગતા રહેશે તે બચશે. ૩૪૬

* જ્યારે જુઓ ત્યારે નિગોદનાં એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા ! એ નિગોદમાંથી નીકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગની વાણી મળી એ તો ધન્ય ભાગ્ય ! મહા પુણ્યના થોક હોય....મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ ! આવા કાળે તું તારું કામ કરી લે. ૩૪૭

* એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે ! આહાહા ! ઈન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ ! અરેરે સંસાર ! આ શું છે ?...વૈરાગ્ય વૈરાગ્ય....સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે ! આહાહા ! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ ! આ સંસાર ! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય ! ૩૪૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ ખોરાક લીધા વિના ચાલે નહિ, તેમ હંમેશા શાસ્ત્રસ્વાધ્યાય હોવો જોઈએ. સ્વાધ્યાય એ તો આત્માનો ખોરાક છે. માટે તેનું રટણ લાગવું જોઈએ, તેનું વ્યસન હોવું જોઈએ. ૩૪૯

* હે જિજ્ઞાસુ ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો. માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. વિશ્વાસ લાવ. પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે. તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે-પણ પરિણમવાને લાયક જ છો. ૩૫૦

* હું જ્ઞાયક છું....જ્ઞાયક છું....જ્ઞાયક છું–એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા ! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, આહાહા ! એની શી વાત ! એવો પૂર્ણાનંદ નાથ પ્રભુ ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં-ભરોંસામાં આવવો જોઈએ કે અહો ! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ ! ૩૫૧

* ભાઈ ! બાપુ ! આ ચોરાશીના અવતારમાં રખડતો રખડતો માંડમાંડ માણસનો ભવ મળ્યો, પણ બાવીશ ત્રેવીશ કલાક તો ખાવામાં પીવામાં કમાવવામાં ને બાયડી છોકરાને રાજી રાખવામાં એકલા પાપમાં જાય ને માંડ એકાદ કલાક કાંઈક સાંભળવામાં જાય. બાકી આખો દિવસ એકલા પાપ....પાપ...ને પાપના ધંધા કરે, જેમ એરણની ચોરી કરીને સોયનું દાન દે તેના જેવું છે. એને કાંઈક અંદરથી ચોરાશીના અવતારનો ત્રાસ લાગે તો અંદરમાં વિસામાનું સ્થાન શોધે. ૩૫૨

* જ્ઞાયકને ભજતાં કોઈ દી કોઈ પાછા પડયા છે ? પાછા પડે એમ બને જ નહિ, એમ વીરવાણી કહે છે. એકલો ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ છે, એ ભગવાનનું મૂલ્ય છે, એક સમયની પર્યાયનું પણ મૂલ્ય નથી. ત્રિકાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન મૂલ્યવાન છે એના મૂલ્ય છે. જ્ઞાનમાં એના સંસ્કાર નાખ ! તેનું ફળ તને આવશે, મુંઝાવા જેવું નથી. ભાઈ ! જન્મ-મરણ રહિત થવાની વાતો બહુ અલૌકિક છે. ૩૫૩

* અહો ! ભગવાનના વિરહ અહીં પડયા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા-આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે. ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા ! ભાઈ ! અમે તો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ, એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરાં છે. તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો ! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા પણ દ્રવ્યસ્વભાવે તો પ્રભુ છે. એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે. તેથી અમને સમભાવ છે. ૩૫૪

* અહો ! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક....જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૩૫૫

* ચોરાશીના ભવભ્રમણ છોડાવનારી, ત્રણલોકના નાથની વાણી સાંભળવા આવે તેને દેવ-શાસ્ત્ર-ગુરુનો કેટલો વિનય જોઈએ ? સ્વર્ગથી ઈન્દ્રાદિ દેવો ભગવાનની વાણી કેટલા વિનય, ભક્તિ અને નરમાશથી સાંભળે છે ! જિનવાણી સાંભળતી વખતે શાસ્ત્રનો વિનય ને બહુમાન રાખવા જોઈએ, શાસ્ત્રને નીચે મુકાય નહિ, શાસ્ત્રની ઉપર કોણીનો ટેકો દેવાય નહિ, પગ ઉપર પગ ચડાવીને શાસ્ત્ર શ્રવણ કરવા બેસાય નહિ રૂમાલ કે પાના આદિથી હવા ખવાય નહિ ઝોલા ખવાય નહિ, પ્રમાદથી બેસાય નહિ વિગેરે વિગેરે કેટલા વિનય-બહુમાન-ભક્તિ હોય ત્યારે તો જિનવાણી-શ્રવણની પાત્રતા છે. વ્યવહારે પાત્રતા જેમ છે તેમ જાણવી જોઈએ. ૩૫૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મુનિઓ કહે છે કે અરે પ્રભુ ! અમને આશ્ચર્ય અને ખેદ થાય છે કે શરીરાદિ પરદ્રવ્યથી તું પ્રત્યક્ષ ભિન્ન છો છતાં તેને મારું માને છો. અરે! શું કરે છો પ્રભુ ! ચોરાશીના અવતારમાં રખડતાં માંડ મનુષ્યપણું મળ્યું ને આવો સત્ય સાંભળવાનો યોગ મળ્યો, હવે તો દેહથી ભિન્ન ચૈતન્યપ્રભુનો અનુભવ કર. ૩૫૭

* જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે. ૩૫૮

* શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું ? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે. ૩૫૯

* દરેક આત્મા ભગવાન સ્વરૂપ છે, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ચૈતન્ય રસકંદ છે. આહાહા ! અત્યારે ચોમાસામાં તો લીલોતરી-ઘાસ ઢગલાબંધ થયા છે, તેના ઉપર વિના કારણ પગ દઈને કચરીને ચાલવું તે ન હોય હો ભાઈ ! એ એક ઝીણી કટકીમાં અસંખ્યાત જીવો છે, તે બધાય ભગવાન સ્વરૂપ છે. ૩૬૦

* રાગનો અને સંયોગનો અંદર નિષેધ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનનો પર્યાય છે કે નહિ ? કલાક, બે કલાક, ચાર કલાક આની આ વાત રગડાય છે, ઘૂંટાય છે, વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં, આ જ વાત આવ્યા કરે, ચોવીશે કલાક આ દેહના કામ તે મારા નહિ, રાગના કામ તે મારા નહિ એમ ઘૂંટાયા કરે, એ શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડ્યો ? એ શું જ્ઞાનની ક્રિયા નથી ? પણ બાહ્ય ક્રિયાકાંડના આગ્રહ-વાળાને અંતરના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રદ્ધા-જ્ઞાનનું કાંઈ માહાત્મ્ય જ દેખાતું નથી. અરે ભાઈ ! આ શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય અંદરમાં સમ્યક્ થતું જાય છે તે ક્રમે કરીને ફટાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભવરૂપે થઈ જશે. ૩૬૧

* જે ઘરે ન જવું હોય તેને પણ જાણવું જોઈએ. એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે તેમ જાણવું જોઈએ. તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી, તેથી તેનું જ્ઞાન પણ નહિ કરે તો એકાન્ત થઈ જશે, પ્રમાણજ્ઞાન નહિ થાય. પર્યાયનો આશ્રાય છોડવા યોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તો જ નિશ્ચયનયનું જ્ઞાન સાચું થશે. ૩૬૨

* શ્રોતાઃ–કરોડપતિ અને અબજપતિને પુણ્યશાળી ગણવા કે આવા સાચા દેવ-ગુરુ-ધર્મ મળે તેને પુણ્યશાળી ગણવા ?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ–સાચા દેવ-ગુરુ-ધર્મનો યોગ મળે એ જ ખરા પુણ્યશાળી છે. કરોડપતિ-અબજોપતિ પુણ્યશાળી નથી, ખરેખર તો પાપશાળી કહેવાય. જે પોતાના પરમાત્મતત્ત્વને અનુભવે તે જ શ્રેષ્ઠ છે અને પોતાના પરમાત્મતત્ત્વને અનુભવવાનું કહેનાર સાચા દેવ-ગુરુનો યોગ મળવો એ જ ખરો પુણ્યોદય છે. ૩૬૩

* એક બે ઘડી શરીરાદિ મૂર્તિકદ્રવ્યોનો પાડોશી થઈને જ્ઞાયકભાવનો અનુભવ કર. જેમ રાગ ને પુણ્યને અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિ પાડોશી થઈ ને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરંત આત્મા ને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે. ૩૬૪

* અગ્નિનો ઉષ્ણ સ્વભાવ કાયમ છે, ગોળનો ગળપણ સ્વભાવ કાયમ છે, અફીણનો કડવાશ સ્વભાવ કાયમ છે, સૂર્યનો પ્રકાશ સ્વભાવ કાયમ છે, બરફનો શીતળ સ્વભાવ કાયમ છે, તેમ ભગવાન આત્માનો જ્ઞાયકસ્વભાવ-ચેતના સ્વભાવ કાયમ છે. જ્ઞાયક સ્વભાવી આત્મા સ્વપરને જાણવા દેખવા બીજું શું કરે ? ૩૬૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જીવ જિનવર છે ને જિનવર જીવ છે, એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાક ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા....આત્મા....ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૩૬૬

* સૂર્યનો પ્રકાશ ને અંધારું એ બે વસ્તુ તદ્દન જુદા છે, તેમ સહજાત્મસ્વભાવ તે એકલો જ્ઞાનસ્વભાવ છે, સૂર્ય સમાન છે ને દયા-દાન આદિના વિકલ્પો તે અંધકાર સમાન છે, તેને જ્ઞાન-સૂર્યથી તદ્દન જુદાઈ છે, સહજાત્મસ્વરૂપ એટલે સ્વભાવિક છે, અણકરાએલી છે, અકૃત્રિમ છે. એ સ્વભાવને અને રાગને એકતા ત્રણકાળમાં નથી. શું થાય ! કેવળીઓના વિરહ પડયા, અવધિજ્ઞાની પણ કોઈ રહ્યા નહિ. જગતને ચમત્કાર લાગે તેવું કાંઈ રહ્યું નહિ. સત્યને સ્વીકારવું જગતને કઠણ પડે છે, આવું પરમ સત્ય સ્વીકારનાર પણ મહા ભાગ્યશાળી છે. ૩૬૭

* આચાર્યદેવ કરુણા કરીને કહે છે કે હે આંધળા ! તને વેપારના ચોપડા આદિ અનેક કળાનું બધું જાણપણું છે અને તારા સુખનું નિધાન તારી વસ્તુનું તને જ્ઞાન નહિ ! તું આંધળો છો ! તું સ્વયં જ્યોતિરૂપ છો, સુખનું ધામ છો, તેનું તને જ્ઞાન નહિ, ભાન નહિ, શ્રદ્ધા નહિ અને દુઃખના કારણભૂત બાહ્ય પદાર્થનું જ્ઞાન. આહાહા ! કેવી વાત છે ! ૩૬૮

* આહાહા ! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. કયાં શરીર ને કયાં આત્મા ! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહાહા ! આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે, તેણે મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે, એવા સ્વભાવનો મહિમા આવે એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. ૩૬૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* એક વિચાર આવ્યો હતો કે સરકારી નોકરોને ૫૫-૫૬ વર્ષે નોકરીથી ઉતારી દે છે, તો આ શેઠીયાઓને એવો કોઈ કાયદો નહિ હોય કે ૫૫-૫૬ વર્ષે ધંધાથી છૂટા થઈને પોતાના આત્માનું કાંઈક હિત કરે ? આહાહા ! રોટલા ખૂટે એમ ન હોય, પાછળ પૈસાનો પાર ન હોય છતાં પણ નિવૃત્તિ લઈને પોતાના આત્માનું કાંઈ હિત કરતા નથી, તેને મરીને કયાં જવું છે ? અરે ! ૬૦-૭૦ વર્ષ સુધી નવરાં થતાં નથી તો મરીને કયાં જવું છે ? અરે ! મમતાના પરિણામમાં મરીને તિર્યંચ બકરી આદિના પેટે અવતાર થશે ! ૩૭૦

* આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શક્તી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દ્યે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. ૩૭૧

* શ્રોતા:-ભૂતકાળના દુ:ખોને યાદ શું કામ કરવા ?

પૂજ્ય ગુરુદેવશ્રી:-એવા દુ:ખો ફરી ન આવે એ માટે યાદ કરી વૈરાગ્ય કરે છે. મુનિરાજ પણ ભૂતકાળના દુ:ખોને યાદ કરીને કહે છે કે હું ભૂતકાળના દુ:ખોને યાદ કરું છું ત્યાં કાળજામાં ઘા વાગે છે જુઓ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દૃષ્ટિ મુનિ છે, આનંદનું પ્રચુર વેદન છે, છતાં ભૂતકાળનાં દુ:ખોને યાદ કરી એવા દુ:ખો ફરીને ન આવે એ માટે વૈરાગ્ય વધારે છે. ૩૭૨

* ભગવાન આનંદનો નાથ ચૈતન્યચક્રવર્તી છે પણ પોતાને ભૂલી ગયો છે ને ભિખારી થઈને પર પાસે ભીખ માગે છે. પૈસા લાવ ! બાયડી લાવ ! આબરું લાવ ! નિરોગતા લાવ ! એમ માંગણ થઈને માગ્યા કરે છે, પણ પોતાની જ અંદર આનંદ ભર્યો છે એની સામું નજર નાખતો નથી, તેથી ચાર ગતિના દુ:ખોને ભોગવે છે. શુભરાગ ને અશુભરાગની વાસના તે ઝેર વાસના છે. જ્યાં આનંદનો નાથ છે, ત્યાં નજર કરતો નથી ને જ્યાં નથી આનંદ ત્યાં વલખાં મારે છે. ૩૭૩

* હમણાં તો મોટર-ટ્રેઈન-પ્લેન આદિના અકસ્માતથી કેટલાય માણસો મરી ગયાનું સંભળાય છે. આંખ ખુલે ને સ્વપ્ન ચાલ્યું જાય, તેમ દેહ અને ભવ ક્ષણમાં ચાલ્યો જાય છે. હાર્ટફેઈલ થતાં ક્ષણમાં નાની-નાની ઉંમરમાં ચાલ્યા જાય છે. અરે ! આ સં...સા...ર ! નરકમાં અનાજનો દાણો ન મળે, પાણીનું બિંદુ ન મળે ને પ્રતિકૂળતાનો પાર નહિ એવી સ્થિતિમાં અનંતવાર ગયો પણ ત્યાંથી નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો. એનો જરા વિચાર કરે તો એ બધાં દુ:ખથી છૂટવાનો રસ્તો શોધે. અહા ! આવો માનવભવ મળ્યો છે અને આવું સત્ય સમજવાનો જોગ મળ્યો છે એમાં પોતાના આત્માનું હિત કરી લેવા જેવું છે. ૩૭૪

* આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જેમ બરફ શીતળતાની મોટી પાટ છે, તેમ આત્મા શીતળતાની મોટી પાટ છે, અનંત અનંત અતીન્દ્રિય આનંદની મોટી પાટ છે, અનંત સર્વજ્ઞતાની મોટી પાટ છે, આત્મા એટલે અનંતી પ્રભુતાની મોટી પાટ છે, અનંતી વિભુતાની મોટી પાટ છે, એમ અનંત અનંત ગુણોની પૂર્ણાનંદથી ભરેલી મોટી પાટ છે. વસ્તુ છે તે સદાકાળ એવી ને એવી જ રહી છે, ભલે નરક નિગોદ આદિના અનંતા ભવો કર્યા છતાં વસ્તુ જ્ઞાનનંદસ્વરૂપ એ તો સદાકાળ એવી ને એવી રહી છે. એનો અંદરમાં વિશ્વાસ આવવો જોઈએ. ૩૭૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



✻ આત્મા અજાયબઘર છે. એમાં જ્ઞાન ને આનંદના અનંત ઓરડા ભર્યા છે કે જેમાંથી જ્ઞાન ને આનંદ કાઢયા જ કરે તોપણ ખૂટે નહિ, એવો અજાયબઘર આત્મા છે, એનો અંતરથી મહિમા....મહિમા આવવો જોઈએ. ૩૭૬

✻ શ્રોતાઃ-સમ્યક્ સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્‌ગલનો જાણે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-સમ્યક્ સન્મુખ જીવ રાગને પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતરવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. ૩૭૭

✻ ....અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવી એટલે હેઠલી વાતનું કાંઇ નહિ એમ ન હોય. પોતાને અંદરથી ઊગવું જોઈએ. કોઈ કહે એટલે નહિ પણ પોતાને દરકાર જોઈએ. જેને ભવિષ્યનું નક્કી નથી તેને તો ત્રાસ થઈ જવો જોઈએ કે અરે ! ભવિષ્યમાં હું કયાં જઈશ ! ૩૭૮

✻ (દિનપ્રતિદિન બનતા દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉકટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી કયાં જઈશ તેની તને ખબર છે ? ત્યાં કોણ તારા ભાવ પૂછનાર હશે ? -તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે એવી મોહની ભ્રમજાળમાં ગુંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે ? ૩૭૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શ્રોતા:–આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી:–આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર-મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો, અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં-કરતાં આત્માનો અનુભવ થાય છે. ૩૮૦

* ભાઈ ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે ને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ, ભાઈ ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. ૩૮૧

* અરે ! આખો દી ધંધા ને બાયડી-છોકરાની મમતામાં પાપમાં જીવન ગાળે છે, એનું શું થશે ? એકલી મમતા મમતા મમતાના ફળમાં મરીને ઢોરમાં જશે. અહીં વાણીયો કરોડપતિ હોય ને મરીને ભૂંડ થાય ને વિષ્ટા ખાશે ! એણે મારું શું થશે એમ નક્કી કરવું જાઈએ ને ! કે હૂં મરીને કયાં જઈશ ! અહીં તો થોડો કાળ રહેવાનું છે પછી મારું શું થશે ને કયાં જઈશ ! એ નક્કી કરવું જોઈએ.

શ્રોતા :–કયાં જઈશ, એ નક્કી થઈ શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી:–હા, શાસ્ત્રથી પરિણામ મેળવે તો નક્કી થઈ શકે છે. ૩૮૨

* શ્રોતા:–વાંચન-શ્રવણ-મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી:–વાંચન આદિ તો બધું બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક....જ્ઞાયક....જ્ઞાયક છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય. ૩૮૩

* કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગ કાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે ! ૩૮૪

* અહો પ્રભુ ! તારામાં પ્રભુતા પડી છે, તું પોતે જ પ્રભુ છો. તારા પેટમાં પરમાત્મપણું પડયું છે, તેમાંથી સંસાર પ્રસવે એવી તારામાં શક્તિ જ નથી. કેવળી થવાની તારામાં ખાણ પડી છે. ૩૮૫

* ભાઈ બાપુ ! વ્યવહારનયના કથનો બધા એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં. નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હો ! ૩૮૬

* ભગવાન સર્વજ્ઞ એમ કહે છે કે તું પહેલી ચોટે અમારી સામે જોવાનું છોડી દે ને ભિન્ન વસ્તુભૂત શુદ્ધ જ્ઞાનમય આત્માને સીધો પ્રાપ્ત કર. સીધો એની સામે જોઈને પ્રાપ્ત કર....આહાહા ! ૩૮૭

* પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું. ૩૮૮

* કરુણાથી કહ્યું છે કે અરે મૂઢમતિ ! અમે જે પુણ્ય-પાપભાવને અચેતન કહીએ છીએ, જડ કહીએ છીએ, પુદ્‌ગલ કહીએ છીએ, રૂપી કહીએ છીએ, તેને તું આત્મા માને છો તો મોટો અપરાધી છો; જા નરક નિગોદમાં ! જા પુદ્‌ગલની ખાણમાં ! ચૈતન્યની ખાણમાં નહીં જવાય. ૩૮૯

* આચાર્યદેવ કહે છે કે ભાઈ ! તારો આત્મા શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ છે. એવો ને એવો જ છે, એને કાંઈ ખોડ-ખાંપણ આવી જ નથી. ભલે એ નરક-નિગોદમાં રખડયો પણ જરીયે ખોડ આવી જ નથી. માટે તું ખુશી થા, ખુશી થા. ૩૯૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* તારી સમીપમાં પડયો (એવો તારો આત્મા) તેની ભાવના કરને ! દૂર પડયાની ભાવના શું કરે છે ? ૩૯૧

* આત્મામાં પરમેશ્વર થવાનો જ ગુણ છે, પામર થવાનો અને પામર રહેવાનો ગુણ જ નથી. ૩૯૨

* આ તો અનાદિથી નહીં કરેલું કાર્ય છે. આ તો બહુ જ શાંતિ અને ધીરજનું કાર્ય છે. એક બાજુનો પક્ષઘાત થઈ જવો જોઈએ કે શરીર-વાણી-મન-વિકલ્પ એ મારું જીવન જ નથી. ૩૯૩

* એકલું દુઃખનું વેદન ઈ આત્મા જ નથી, અણાત્મા છે. આહાહા! સ્ત્રી-પુત્ર આત્મા નહીં, શરીર આત્મા નહીં, પણ પુણ્ય-પાપનું એકલા દુઃખનું વેદન ઈ આત્મા જ નથી, અણાત્મા છે. ૩૯૪

* શ્રોતાઃ–સાહેબ ! અનુભવ થતો નથી તો અમારો શું દોષ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ–એ...આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો ! સંક્ષેપમાં આ દોષ છે. ૩૯૫

* અરે ! બહારના સંગમાં કોના સાથ સંબંધ અને કોના ખોટા લગાડવા ! અને કેટલું રહેવું ! અરે ! વિકારનો સંગ પણ કયાં વસ્તુને છે ! અસંગ ચૈતન્યને પરનો સંગ નથી અને વિકલ્પનોય સંગ નથી. ૩૯૬

* મારી ચીજ જ્ઞાયકભાવથી કદી છૂટી જ નથી અને રાગને કદી સ્પર્શી જ નથી–એવી દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય છે. ૩૯૭

* જેને ચૈતન્યનું લક્ષ બંધાણું છે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે આ જ સ્વભાવ છે–એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ ? મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે. ૩૯૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



✻ કેવળીને જાણીને કેવળીપણું તારું નક્કી કર એમ ભગવાને ઉપદેશ કર્યો છે. સ્વભાવ સન્મુખ જા, દ્રવ્યની અભિમુખ જા, આ એક જ ભગવાનનો ઉપદેશ છે. ચારે અનુયોગમાં આ એક જ વાત છે. ૩૯૯

✻ જેમ લાકડાની અગ્નિમાં ઉપર છારી વળી જાય છે ને અંદર સળગતું હોય છે; અગ્નિ ઉપરની છારીરૂપ રાખ અગ્નિથી જુદી જ છે. તેમ રાગ પણ ચૈતન્યની છારી સમાન હોવાથી ચૈતન્યથી જુદે જુદો જ છે. ઉષ્ણતા અને અગ્નિ એકરૂપ છે તેમ જ્ઞાન ને આત્મા એકરૂપ છે. ૪૦૦

✻ મારા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરનો અભાવ છે-એમ નિર્ણય કરો અને પછી મારા સ્વભાવમાં વિભાવનો પણ અભાવ છે એમ નિર્ણય કરો. ૪૦૧

✻ અપના પરમેશ્વરકા જીવકો માહાત્મ્ય આતા નહીં. થોડા મંદ કષાય હો જાય ઉસકા માહાત્મ્ય આતા હૈ, થોડા શાસ્ત્રકા જ્ઞાન હો જાય તો ઉસકો લગતા હૈ મૈં બહોત જાનતા હું, થોડી ભેદવાળી શ્રદ્ધા હો જાય તો ઉસકો લગતા હૈ મેરી શ્રદ્ધા પક્કી હો ગઈ હૈ. અરે ભાઈ ! એ પરલક્ષી જ્ઞાનાદિકી કુછ મહિમા નહિ હૈ. ઉસકી મહિમા સ્વભાવકી મહિમાકી દૃષ્ટિકો રોકતી હૈ. ૪૦૨

✻ ધૂળને જોવી હવે રહેવા દ્યો ! જોનારને જુઓ ! જોનારને જોવો એ વસ્તુસ્વરૂપ છે માટે જોનારને જોવો. ૪૦૩

✻ ભાઈ ! તારા ખીસ્સામાં બધું ભર્યું છે, કાઢીને ખા એટલી જ વાર છે ! તારી શક્તિમાં અનંત જ્ઞાનાદિ ભર્યા પડયા છે, કુતૂહલ કર ! ૪૦૪

✻ હઠવું છે કયાં ? પુણ્ય-પાપરૂપ હું થઈ ગયો છું એમ એણે માન્યું છે પણ એ હું નહીં, બસ એટલી વાત છે. માન્યતા જ ફેરવવાની છે. તારી દૃષ્ટિફેરે સંસાર છે અને હું પુણ્ય-પાપરૂપ થયો જ નથી–એવી દૃષ્ટિ ને અનુભવ કરવો એ જ મુક્તિ છે. એવો અંતરસ્વીકાર કરવો એ જ મુક્તિ કહો કે મુક્તિના પંથ કહો. ૪૦૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આહાહા ! જાતિસ્મરણજ્ઞાનમાં સામાનો પૂર્વદેહ જણાતો નથી, આત્મા જણાતો નથી, છતાં નિર્ણય કરી લ્યે કે આ આત્મા જ સંબંધમાં હતો ! આટલી તો જાતિસ્મરણની તાકાત ! તો કેવળજ્ઞાનની કેટલી તાકાત હોય !! મતિજ્ઞાનની પર્યાય પણ આટલું નિરાલંબનપણે કામ કરે તો કેવળજ્ઞાનના નિરાલંબનપણાની શું વાત ! ૪૦૬

* અહો ! અંતરના અભિપ્રાયની અને મિથ્યા-અભિપ્રાયની શું કિંમત છે એની જગતને ખબર નથી. રાગના કણથી લાભ થાય એમ માન્યું એણે ચૈતન્યને લૂંટી લીધો. ૪૦૭

* શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિદ્રામા પણ એનું નામ લ્યો ત્યાં બેઠો થઈ જાય ! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું. સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં. ૪૦૮

* અરે ! દૃષ્ટિના પંથને નિર્મળ ન કરે અને આવો આત્મા ન તારવે ત્યાં સુધી એનું કલ્યાણ થાય તેમ નથી. ૪૦૯

* ક્રમબદ્ધના છંછેડાટમાં ક્રમબદ્ધનો છંછેડાટ નથી પણ અકર્તાપણાનો છંછેડાટ છે. જ્ઞાન સ્વભાવ અકર્તા સિદ્ધ કરીને પુરુષાર્થ કરાવવો છે. ૪૧૦

* અહો ! ૮૦ વર્ષની આયુવાળો ૨૦ વર્ષથી માંડીને ૬૦ વર્ષ સુધી તે ભવની ચિંતા કરે છે, પરંતુ ૮૦ વર્ષ પછીનો જે સમય તેની જરીયે ચિંતા ન કરે એ તે કેવી ધીઠાઈ ! ૮૦ વર્ષ પછીનો જે પહેલો સમય તે આખોય ભવ પણ એ જ આત્માનો છે. કાંઈ બીજા આત્માનો એ ભવ નથી. તડકા-છાંયા વચ્ચે આંતરું નથી. તેમ બે ભવ વચ્ચે આંતરું નથી માટે બીજા ભવની તો ચિંતા કર. ૪૧૧

* આ પૈસાવાળો અને આ સારા નિરોગ શરીરવાળો એમ ન જો, પણ આ કેવળી થઈ ગયા, આ પૂરણ થઈ ગયા અને મારે પર્યાયમાં હજુ અધૂરું છે એમ જો ને ! ૪૧૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* કોઈ દિવસ જોયું નથી એવા રોકેટનો ભરોંસો કરે છે પણ એ સમયમાં આ બધા પદાર્થોને જાણી લ્યે એવી શક્તિનો ભરોંસો તો લાવ ! ૪૧૩

* પરમાણુ શુદ્ધ થયા પછી પાછો અશુદ્ધ થઈ જાય છે ને જીવ શુદ્ધ થયા પછી શુદ્ધ જ રહે છે. એટલે પરમાણુ બંધસ્વભાવી જ છે અને જીવ મોક્ષસ્વભાવી જ છે. પરમાણુમાં શુદ્ધ થવાની યોગ્યતા છે ને જીવમાં બંધ થવાની યોગ્યતા છે. ૪૧૪

* સઘન વૃક્ષોના વનમાં છાંયા માંગવી નથી પડતી, સ્વયં મળી જાય છે. તેમ આત્મદ્રવ્ય પાસે યાચના કરવી નથી પડતી, પરંતુ પૂર્ણાનંદની સમીપ દૃષ્ટિ પડતા જ છાંયા સ્વયં મળી જાય છે, માગવી નથી પડતી. હે જિનેન્દ્ર ! તું તો વીતરાગ છો તેથી કોઈને કાંઈ આપતો નથી. કોઈથી કાંઈ લેતો નથી પરંતુ વૃક્ષની છાંયાની જેમ તારું શરણ જે લ્યે છે તેને સ્વયં શરણ મળી જાય છે. આત્મદ્રવ્યની દૃષ્ટિ કરતાં નિઃશંક છે કે આત્મા કૃપા કરે જ. ૪૧૫

* એને રાગનું ને નિમિત્તનું માહાત્મ્ય આવ્યું છે ને કાં તો એક સમયની પ્રગટ પર્યાયનું માહાત્મ્ય આવ્યું છે પણ વસ્તુ આખી અંદર પડી છે એનું માહાત્મ્ય આવતું નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે ને ! કે જગતને સૃષ્ટિનો ગુપ્ત ચમત્કાર ભાસતો નથી એટલે કે અંદરમાં આખી શક્તિ પડી છે તે ભાસતી નથી. ૪૧૬

* ઈ નજર કરે કે પરના કાર્ય મારા નહીં, ત્યાં દુઃખ હળવું થઈ જાય છે. ૪૧૭

* પોતાના ભગવાન સાથે જીવે તકરાર માંડી છે અને સુખને માટે બીજે બીજે ભટકયા કરે છે. ૪૧૮

* આત્મા એટલે જ સમજણનો પિંડ..જ્ઞાનનો પિંડ..બસ આમાં તો સમજવું..સમજવું..સમજવું જ એક આવે છે, બીજું કાંઈ કરવાનું આવતું નથી !-પણ સમજવું એ કરવું નથી ?-સમજવાનું જ એક કરવાનું છે. પરંતુ સમજવાનું કરવું, જ્ઞાન કરવું એનું એને માહાત્મ્ય આવતું નથી. ૪૧૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અટકવાના સ્થાનો અનેક છે. અંદર આવવાનો માર્ગ એક જ છે. જીવને કયાંક ને કયાંક મીઠાશ રહી જાય છે. અરે ! ચાલની પણ મીઠાશ હોય ! હાથી જેવી મલપતી ચાલ હોય તો એનીય મીઠાશ ! ઈ તો સ્થૂળ છે, સૂક્ષ્મમાં તો રાગની જ મીઠાશ હોય છે....ધારણાજ્ઞાન થઈ જાય અને સમજાવતાં આવડી જાય તો એની મીઠાશ આવી જાય છે, એમ કયાંક નહીં ને કયાંક અટકી જાય છે. અંદરમાં કોઈ ને કોઈ પણ શલ્ય રહેતું ન હોય તો આત્મા તરફ વળ્યા વિના રહે જ કેમ ? ૪૨૦

* શ્રોતાઃ-આપની વાણી પણ એવી છે કે તત્કાળ મોક્ષ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ- મોક્ષ જ છે. દૃષ્ટિ અંદરમાં કરી એટલે મોક્ષ જ છે. અંદરમાં મોક્ષ પડયો છે ને દૃષ્ટિ કરી એટલે મોક્ષ જ છે. પછી થોડી વાર લાગે એનું કાંઈ નહીં. ૪૨૧

* ગુરુ કહે છે કે તારામાં તું સમા; ગુરુની પ્રથમ આ આજ્ઞા છે. પ્રથમ દૃષ્ટિ વીતરાગ, જ્ઞાન વીતરાગ, સ્થિરતા વીતરાગ, ત્રણ કાળના તીર્થંકરોનો આ હુકમ છે. ૪૨૨

* સૌના પરિણામની જવાબદારી સૌના માથે છે. ૪૨૩

* શરીરને બાદ કરો, પુણ્ય-પાપને બાદ કરો, અલ્પજ્ઞતાને બાદ કરો, તો બાદ કરતાં કરતાં જે બાકી રહી જાય તે આખો આત્મા છે. ૪૨૪

* અંતર્મુખ અને બહિર્મુખ એ બે જ મોટી વાત છે. આ વાત જૈન-શાસન સિવાય બીજે કયાંય હોઈ શકે નહિ. વસ્તુ આખી અંતર્મુખ પડી છે તેમાં અંતર્મુખ થવું એ વાત જૈનદર્શન સિવાય બીજે હોઈ શકે નહીં. કારણ કે આ વસ્તુસ્થિતિ છે. તેથી જ્યાં વસ્તુસ્થિતિ હોય ત્યાં જ આ વાત હોય. ૪૨૫

* મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા, સેવક થયા નિશ્ચિંતા; અરે ! મા-બાપના ખોળે બાળક બેઠું હોય એને પણ ચિંતા ન થાય તો ભગવાનને ખોળે બેઠા એને ભવ હોય-ઈ બને જ નહીં. જેને ભગવાન બેઠા અને હું પણ ભગવાનું છું એમ પ્રતીતિ આવી તેને ભવ હોય જ નહિ. ૪૨૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



✻ અહો ! શરીરને માથે પ્રહાર પડતાં હોય અને અંદર આત્મામાં શાંતિનું વેદન ચાલતું હોય છે. દુનિયા દેખે કે દુ:ખી છે, જ્ઞાની દેખે કે સુખી છે. ૪૨૭

✻ સમ્યગ્દર્શન એટલે તો ભાઈ ! આખો પરમાત્મા દૃષ્ટિમાં બેસી ગયો.

✻ આ તો એવી વાત છે કે સાદિ-અનંત આનંદ આનંદ થઈ જાય અને સંસાર અનાદિ-સાંત થઈ જાય છે. એનું ફળ મહાન છે, તો એનું કારણ પણ મહાન છે તો એનો આધાર પણ મહાન છે–એમ એને પ્રથમ નિ:શંકપણે ભાસવું જોઈએ. પછી અંતરમાં પ્રયોગ થાય. ૪૨૯

✻ સત્ જેવું છે એવું જ્ઞાનમાં ન આવે તો તે જવાબ નહીં આપે, સમ્યક્ જ્ઞાન નહીં થાય, દૃષ્ટિ નહીં થાય, અનુભવ નહીં થાય. શ્રીમંતને કોઈ ભિખારી કહે તો તે જવાબ નહીં આપે, તેમ સત્ જેવું છે તેવું કબૂલશે નહીં તો સત્ જવાબ નહિ આપે. ૪૩૦

✻ એકલા શાસ્ત્ર-અભ્યાસમાં જ જે લાગી રહ્યો છે તેને સ્વભાવમાં આવવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કર્યો છે. પણ તે સાંભળીને કોઈ અપઢ સ્વભાવમાં તો જઈ શકતો નથી અને શાસ્ત્રાભ્યાસમાં પ્રવર્તતો નથી તો તે તો નિશ્ચયાભાસી છે. ૪૩૧

✻ જેમ તેલ પાણીનાં પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યના દળમાં પેસતો નથી. ૪૩૨

✻ પૃથક વસ્તુને પૃથક કરવાની તારી તાકાત નથી તો તું નપુંસક છો. પૃથક તો છે જ પરંતુ પૃથક માન્યું નથી. માટે પૃથક માનવામાં વીર્ય જોઈએ છે. ૪૩૩

✻ વિષ્ટાના ટોપલામાં રતન પડયું હોય તોપણ તે રતન જ છે. તેમ શરીર ગમે તેવું ઢોરનું હોય, વ્યંતરી દેવીનું હોય પણ અંદરમાં ચૈતન્ય રતનનું ભાન થયું છે એને એમ ઉલ્લાસ આવી જાય છે કે અહો ! આવો ભગવાન મારી પાસે છે અને હું કયાં જોવા જાવ ! એમ ઉલ્લાસમાં અંદર ડોલી જાય છે. ૪૩૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેને ખરેખર એમ લાગે કે મારું જીવન નિષ્ફળ ગયું, એ તો સફળતાનો માર્ગ લ્યે છે. ૪૩૫

* સ્વભાવનું માહાત્મ્ય કરવા આ વાત કહેવામાં આવે છે. મારા અંતરમાં આનંદ ભર્યો છે. ભગવાન કહે છે અને મને ભાસે છે. આ રાગ તો કૃત્રિમ અને દુ:ખરૂપ છે. માટે આનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ કર તો સમાધાન અને શાંતિ થશે. ૪૩૬

* શ્રોતા:–આમાં (તત્ત્વ-અભ્યાસમાં) કમાણી શું થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી:- આમાં કમાણી એ થાય કે ઈ પોતે ત્રણ લોકનો નાથ થાય, કેવળજ્ઞાનનો બાદશાહ થાય, ઈ કમાણી છે. અરે ! શ્રદ્ધા-જ્ઞાન થયા ત્યાં જ ઈ કેવળજ્ઞાનનો બાદશાહ થઈ ગયો. ૪૩૭

* મિથ્યાત્વ એ જ સંસાર છે અને સમ્યક્ એ જ મુક્તિ છે. ''અનુભવનો એટલો મહિમા છે કે એક આત્માનો અનુભવ થયો એટલે ૧૨ અંગની-ભણતરની ખટક રહી નહિ, પંચમહાવ્રતની ગણતરી રહી નહિ, વ્યવહાર શ્રદ્ધાની અપેક્ષા રહી નહિ.'' ૪૩૮

* જેણે દૃષ્ટિમાં મુક્તિધામ જોયું છે, રાગથી અને સંયોગથી પૃથક ચૈતન્યગોળો જોયો છે તે મડદાંને જેમ પાલિશ લાકડાથી બાળે પણ પ્રીતિ નથી–એમ જ્ઞાની રાગના ભાવથી મરી ગયા છે. એક સચેતન-જ્ઞાન-જ્યોતિથી જીવન છે. સાક્ષાત્ જ્યોતિ અનાદિ-અનંત એનાથી જીવન છે. ૪૩૯

* જેને હું દુ:ખી છું એમ લાગે ઈ સુખ પ્રાપ્ત કરવા તરફ વલણ કરે. પર પદાર્થમાં ઠીકપણું અને અઠીકપણું લાગવું એ જ દુ:ખનું લક્ષણ છે, પોતાની શાંતિ માટે પરનો આશ્રય લેવો પડે એ જ દુ:ખ છે. ૪૪૦

* જેવો ભગવાનનો સ્વભાવ છે એવો જ મારો સ્વભાવ છે, પણ અહો ! એને ભરોંસાની સરાણે ચડાવવો, શ્રદ્ધામાં લેવો, એના અસ્તિત્વમાં આ હું છું, એમ પ્રતીતિ કરવી ! અહો ! એ નિર્વિકલ્પ દૃષ્ટિ વિના થાય જ નહિં. ૪૪૧

* વિકારની કિંમત છૂટી જાય અને સ્વભાવની કિંમત વધી જાય એટલે વિકાર મંદ થઈ જાય, પાંગળો થઈ જાય. વિકારની કેડ તૂટી ગઈ. વિકારની રુચિ ગઈ અને સ્વભાવની કિંમત આવી પછી અસ્થિરતાનો રાગ રહે છે. સ્થિરતા થયે તે પણ છૂટી જાય છે. ૪૪૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શ્રોતાઃ–કેવી રીતે સાંભળવું ?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ–એ....આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું. હું સિદ્ધ છું–એવું લક્ષ પ્રથમ કરીને સાંભળવું. આ તો ભાઈ ! પરમેશ્વરની વાતુ છે. પરમેશ્વર કેમ થવાય એની વાતુ છે. ૪૪૩

* નિમિત્તમાં મધુરપણું તેને લાગે કે જેને ઉપાદાનમાં મધુરપણું પ્રગટયું છે. આત્માના રસનો રસિક જીવ છે તેને ભગવાનની વાણી મીઠી લાગે છે. જે આત્મામાંથી કમાણી કરીને આવ્યો છે એને વાણીમાં પણ મીઠાસ લાગે છે. ૪૪૪

* અહો ક્ષણમાં મરી જવું અને મમતાનો પાર નહિ ! ૪૪૫

* લાખ શાસ્ત્ર અને ચારે અનુયોગમાં એક જ વાત કરી છે કે તારી બહિર્મોહ દૃષ્ટિ જ તને અંતર્મુખ થવામાં વિઘ્નરૂપ છે.

ઉપાય પણ એક છે. વિઘ્ન કરનાર પણ એક જ છે. આત્મજ્ઞાન એક જ ઉપાય છે અને બહિર્મોહ દૃષ્ટિ એક જ વિઘ્નરૂપ છે. ૪૪૬

* ધીરો થા ભાઈ ! ધીરો થા. વીતરાગના ઘરની દૃષ્ટિ પામવી બહુ અલૌકિક વાત છે. એ દૃષ્ટિ થઈ એટલે તો એની મુક્તિ થઈ ગઈ. ૪૪૭

* પોતાનો ચૈતન્ય ભગવાન જિનસ્વરૂપ છે. તેની અંતરદૃષ્ટિ કરી-અંતર દર્શન કરતાં નિધત અને નિકાચિત કર્મના ભૂકા થઈ જાય છે ત્યારે ભગવાનના દર્શનથી કર્મના ભૂકા વ્યવહારથી કહેવામાં આવે છે. ૪૪૮

* અંતરમાં દૃષ્ટિ લગાવવી એ જ આત્માનો ખોરાક. શ્રદ્ધા-જ્ઞાનનો વારંવાર અભ્યાસ કરવો એ જ આત્માનો ખોરાક છે. ૪૪૯

* હે ભાઈ ! સત્‌ને સમજ્યા વિના તને કોઈ શરણ નહિ થાય. આંખ મીંચાણી ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું અજાણ્યું...અજાણ્યું થઈ પડશે...અંદરના જાણીતાને જેણે જાણીતો કર્યો હશે તે જ્યાં જશે ત્યાં જાણીતો જ રહેશે. ૪૫૦

* મિથ્યાત્વ એ જ મોટામાં મોટો કષાય છે, તત્ત્વનિર્ણય કરતાં કરતાં તે મંદ થતું જાય છે. નિર્ણય પૂરો થઈ ગયો એટલે તેનો અભાવ થઈ જશે. ૪૫૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* દેહ-દેવળમાં સિદ્ધ પરમાત્મા હું પોતે જ બિરાજું છું. ૪૫૨

* બધી વાત કરીને કહેવું છે એક જ કે દ્રવ્ય સન્મુખ થા, પહેલાં રુચિથી અને પછી પુરુષાર્થથી; આ બધી એની ટીકા છે. ૪૫૩

* જાદુગર છોકરીના બે કટકા કરીને જીવતી કરવાની વાત ચાલતા પૂજ્યશ્રીએ કહ્યું કે અરે ! એમાં શું હતું ? વિદ્યા આદિથી મોટું સૈન્ય ઊભું કરે, મારી નાખે, જીવતું કરી નાખે, પણ એમાં આત્માને શું લાભ? ....એ....રાગથી જ્ઞાનની ભિન્નતાના કટકા કરી દે તો એ ખરો કહેવાય. ૪૫૪

* પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શકયો નથી, માટે તેનું જ્ઞાન મિથ્યા છે અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી પરંતુ મીઠાશ વેદાય છે તો એ પણ વસ્તુસ્વરૂપ સમજ્યો નથી. તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. જ્ઞાનીને તો રાગને રાખવાની ભાવના હોતી નથી અને રાગને ટાળવાની આકુળતા હોતી નથી. ૪૫૫

* શ્રીમદ્ જેવા પણ ઈડરના પહાડ ઉપર બેસી શ્લોકોની સ્વાધ્યાય કરતા. કોઈ કહે તે પણ નિર્વિકલ્પ થઈ જાય ને ! સ્વાધ્યાય તો શુભ રાગ છે ! તો એ સ્વછંદી છે, તે મિથ્યાત્વમાં નિર્વિકલ્પ થઈ ગયો છે. ૪૫૬

* સર્વજ્ઞની વાણીએ પણ હું પૂરો ન પડું એવો, એ તે હું કોણ ? એનું જેને માહાત્મ્ય આવ્યું છે અને એ માહાત્મ્યનું ભાસવું એ જ એને કરવાનું કર્તવ્ય છે. ૪૫૭

* પૂર્વે જે રામચંદ્ર આદિ મહાપુરુષો થયા અને તીર્થંકરો થયા તે બધા કેવળજ્ઞાન થયા પહેલાં મુનિ અવસ્થા કે ગૃહસ્થાશ્રમમાં વસ્તુનું સ્તવન વારંવાર કરતા હતા કે વસ્તુ આવી અચિંત્ય છે, પર્યાયનું આવું અચિંત્ય સામર્થ્ય છે, પરમાણુની તાકાત આટલી છે, તેની પર્યાયની તાકાત આટલી છે—એમ વસ્તુનું ચિંતવન-સ્તવન કરતાં હતા અને ભગવાનનું પણ સ્તવન કરતાં હતા. ૪૫૮

* આ કાંઈ આલી-દુઆલીનો મારગ નથી પણ તીર્થંકર અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચક્રવર્તીઓ પણ જે માર્ગે વિચરે છે એવો મહાન મારગ છે. જેના ફળમાં સાદિ અનંતની શાંતિ થઈ જાય એવો પરમ સત્ય મારગ છે. ૪૫૯

* મારે મારા ગુણ-પર્યાયની જરૂર છે અને બીજાની જરૂર નથી, એનું નામ વૈરાગ્ય છે અને પોતામાં જે છે એની અપેક્ષા અને પોતામાં જે નથી તે બધાની ઉપેક્ષા એવા પોતાના અસ્તિત્વનું ભાન થવું તે જ્ઞાન છે. ૪૬૦

* આખો ચિદાનંદ ડુંગર સમ્મેદશિખર અહીં અંદરમાં પડયો છે, એની ઉપર અંતરમુખ થઈને અનંતા તીર્થંકરો મુક્તિ પામ્યા છે. ૪૬૧

* દેવોને જેમ કંઠમાંથી અમૃત ઝરતું હોવાથી ભોજનની ઈચ્છા ઉપજતી નથી. તેમ ધર્મીને અંતરમાંથી અમૃતરસ ઝરતો હોવાથી રાગનો રસ ટળી ગયો છે. ૪૬૨

* મારું તત્ત્વ સદાય મને અનુકૂળ જ છે. જેટલી ચૈતન્ય-કલ્પવૃક્ષની એકાગ્રતા કરું એટલું મળે જ છે. મારે બીજાની જરૂર નથી. ૪૬૩

* વસ્તુમાં રાગ-દ્વેષ અને મિથ્યા શ્રદ્ધાની ગંધ જ નથી. શક્તિમાં તો એકલું સિદ્ધપદ જ પડયું છે. એની દૃષ્ટિ થતાં, પર્યાયમાં એનું જ એનલાર્જ થાય છે. ૪૬૪

* જેમ શરીર, સ્ત્રી, આદિ પરદ્રવ્ય વિના ચાલે નહિ–એમ લઈને બેઠો છે, એમ એકવાર આમ તો લે કે મારે મારા આત્માની દૃષ્ટિ વિના એક ડગલું નહિ ચાલે લે ! મારા દ્રવ્ય વિના મારે એક ક્ષણ પણ ન ચાલે એમ લે ! ૪૬૫

* સ્વભાવ અને રાગ સાથે એણે ગાંઠ બાંધી છે એ ગાંઠને એક ક્ષણ પણ એ તોડે તો રાગથી જુદો પરમાત્મા એને હાથમાં આવે છે. ૪૬૬

* ત્રાજવે મેરુ ન તોળાય–એમ કહે છે 'પણ અહીં તો ત્રાજવે મેરુ તોળાય છે. શ્રદ્ધાએ મોટા પહાડને–ચૈતન્યને તોળ્યો છે. ૪૬૭

* પરથી એકત્વ એ જ અનાદિનો એક જ રોગ છે અને એનું જ એને દુ:ખ છે. પરથી વિભક્ત-ભેદવિજ્ઞાન એ એક જ ઉપાય છે. બસ આખા સમયસારમાં પહેલેથી ઠેઠ સુધી આ એક જ વાત છે. ૪૬૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ભાઈ બાપુ ! તારી પરમેશ્વરતાનો આધાર તારું દ્રવ્ય છે. ત્યારે પરમેશ્વર થવું હોય તો તારી પરમેશ્વરતા તારા અંતરમાં ગોત. ૪૬૯

* અરે જીવ ! અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં તે ઘણાં દુ:ખ સહન કર્યાં; નરકાદિના ઘોરમાં ઘોર દુ:ખોથી પણ તું સોંસરવટ નીકળી ગયો. પણ...વિરાધકભાવે, એકવાર જો આરાધકભાવે બધાં દુ:ખોથી સોંસવટ નીકળી જા એટલે કે ગમે તેવી પ્રતિકૂળતા આવે તોપણ આરાધકભાવથી તું ડગે નહિ, તો ફરીને આ સંસારનું કોઈ દુ:ખ તને ન આવે ને તારું સુખધામ તને પ્રાપ્ત થાય. ૪૭૦

* મારી ચૈતન્યસ્વરૂપ ચીજ તો અનાદિથી એવી ને એવી છે. મારા ધામમાં કોઈએ પ્રવેશ કર્યો જ નથી. રાગ રાગમાં રહ્યો છે. ઉપર ઉપર રહ્યો છે. મારા સ્વરૂપમાં એ કોઈનો પ્રવેશ થયો જ નથી, મારું કાંઈ ખોવાણું નથી. મારું કાંઈ ઓછું થયું નથી. આમ જાણીને હે ભાઈ ! તું પ્રસન્ન થા, પ્રસન્ન થા. ૪૭૧

* જેની દૃષ્ટિમાં ચૈતન્યધામ પડયું છે, જેની દૃષ્ટિ ક્ષયોપશમના એક અંશનો પણ વિશ્વાસ કરતી નથી, જેની દૃષ્ટિમાં રાગ અને નિમિત્તનો વિશ્વાસ પણ ઊડી ગયો છે, એવા સમકિતીને દ્રવ્યપ્રત્યયો ઉદયમાં આવવા છતાં બંધન નથી. તેની દૃષ્ટિમાં તો ચૈતન્યધામ પડયું છે. ૪૭૨

* શ્રોતા:–આ આત્મા ભગવાનની જાતનો જ છે ને ?

* પૂજ્ય ગુરુદેવશ્રી:–ઈ ભગવાન જ છે, ભગવાનની જાતનો શું ? ભગવાન જ છે.

* શ્રોતા:–સાહેબ ! આપે તો ભગવાન બનાવી દીધો !

પૂજ્ય ગુરુદેવશ્રી:–બનાવ્યો નથી, ઈ ભગવાન જ છે. ભગવાન છે એમ બતાવ્યો છે. ૪૭૩

* પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર....પામર.... પામર.... એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં હું સિદ્ધ છું, એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી. ૪૭૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પર્યાય જો દશ્ય હે ઉસકો અદશ્ય કરકે, ઔર ગુણ-ભેદ જો દૃશ્ય હૈ ઉસકો અદૃશ્ય કરકે ઔર દ્રવ્યકો દૃશ્ય કરકે પૂર્વે અનંતા તીર્થંકરોને સમ્યગ્દર્શન પાયા હૈ, યહ એક હી માર્ગ હૈ. ૪૭૫

* રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઊતરે તોપણ થયા વિના રહેશે નહિ લે ! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે ! હવે તારે નજર કયાં કરવી છે ? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે. ૪૭૬

* ભેંસ આદિ ઢોર, ઘાસ આદિ ખાઈને પછી નિરાંતે ઓગાળે છે, તેમ તત્ત્વની વાત સાંભળવામાં આવે તેનું મંથન કરીને, ગોઠવણી કરી કરીને, જ્યાં સુધી ભાવ ન ભાસે ત્યાં સુધી એને ઓગાળવું જોઈએ.... પર્યાય....નો ભરોંસો અને પછી ત્રિકાળ સત્‌નો ભરોંસો આવવો જોઈએ. ૪૭૭

* આ વાત તો મહા ભાગ્યશાળી પુણ્યવંત જેને અલ્પકાળમાં અનંત અનંત સુખના ધણી થવું છે તેને માટે છે. ૪૭૮

* કોઈ પહેલાં પૂજા-ભક્તિ કરતો હોય અને પછી આવું સાંભળીને તત્ત્વવિચારમાં રહેતો હોય તો તેને કોઈ કહે કે આને સાંભળવાનું ફળ શું ? –તો કહે છે કે ભાઈ ! પૂજાદિ કરતાં તો તત્ત્વવિચારમાં વિશેષ કષાયમંદતા છે, એમાં ભ્રષ્ટતા નથી. તારી દૃષ્ટિ ઊંધી છે. તારી સાથે પૂજાદિમાં ઊભેલો દેખાય નહિ એટલે ભ્રષ્ટ છે તેમ નથી, તેમાં તો શુભભાવ ઘણો જ ઊંચો છે. મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ આ વાત કરી છે. ૪૭૯

* શ્રોતા:– રુચિ થાય અને અહીં સમ્યગ્દર્શન ન થાય તો બીજા ભવમાં સમ્યગ્દર્શન થાય એવું કાંઈ ખરું ?

* પૂજ્ય ગુરુદેવશ્રી:–રુચિ થાય એને થાય જ....થાય....જ....થાય.... થાય.... ને....થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ થાય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણ કાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ-હત્‌ઉત્સાહ ન આવવો જોઈએ. વીર્યમાં ઉત્સાહ-નિ:શંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ એમ થવું જોઈએ. ૪૮૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### પરમ પૂજ્ય આત્મજ્ઞ સંત શ્રી કાનજીસ્વામીનાં

# મંગળ પ્રવચનો

## (શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૪૩)

### (આસો વદ ૧૦, બુધવાર તા. ૨૦-૧૦-૬૫)

જોકે પર્યાયાર્થિક નયથી, ભગવાન આત્મા-કારણ શુદ્ધ ધ્રુવ પ્રભુને–અવસ્થાનું ઉત્પાદ-વ્યય થવું, અર્થાત્ પૂર્વ અવસ્થાનો અભાવ તે વ્યય અને નવી અવસ્થાનું થવું તે ઉત્પાદ છે, તોપણ પર્યાયનું પરિણમન દ્રવ્યમાં નથી. પરથી તો ભિન્ન જ છે, પરંતુ પર્યાય પણ વસ્તુમાં નથી. વસ્તુમાં કર્મ નથી, શરીર નથી, પુણ્ય-પાપનો ભાવ નથી,–ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય વસ્તુમાં નથી.

સુવર્ણના આભૂષણમાં, સુવર્ણમાંથી કડાની અવસ્થા થઈ પછી કુંડળાદિ થયાં; છતાં સુવર્ણ ઉત્પાદ-વ્યય રહિત છે, એવી રીતે આત્મદ્રવ્યમાં પરિણમન નથી–તે કહે છે.

આત્મા એકલો ધ્રુવ પિંડ છે, તેમાં રાગ, વિકલ્પ, ઉત્પાદ-વ્યય નથી; તેથી તે બધા ઉપરનું લક્ષ છોડી દે. વસ્તુ ઉત્પાદ-વ્યયના પરિણમન વિનાની છે. પર્યાયાર્થિક નયથી ઉત્પાદ-વ્યય સહિત છે. તોપણ દ્રવ્યાર્થિક નયથી ઉત્પાદ-વ્યય રહિત છે. વસ્તુ અનાદિ-અનન્ત છે, છે અને છે. તેમાં અવસ્થાનું થવું અને નાશ થવો–તે અંતરમાં નથી, ધ્રુવમાં નથી. આ કોના ઘરની વાત છે? આ આત્મદ્રવ્ય છે, ચિદ્ઘન છે, ધ્રુવ છે, પ્રત્યક્ષ છે, નિત્ય છે, એકરૂપ છે, જેને ભાવ-અભાવ નથી. ભાવ અર્થાત્ પર્યાયનું ઉત્પન્ન થવું અને અભાવ અર્થાત્ પર્યાયનો વ્યય થવો–તે વસ્તુની અંદર નથી.

જુઓ, વસ્તુના સ્વભાવની અચિંત્યતા, અપરિમિતતા, બેહદતા ! સ્વભાવનું સામર્થ્ય પૂર્ણ ધ્રુવ છે. ધ્રુવ વસ્તુમાં પર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન નથી. દ્રવ્ય સદા ધ્રુવ, સદા નિત્ય છે. આમ અંતર ધ્રુવ ભગવાન આત્મામાં વીતરાગી શાંતિ દ્વારા–નિર્વિકલ્પ શાંતિ દ્વારા–તેના બળ દ્વારા જુઓ, રાગના બળ દ્વારા નહિ, નિમિત્તના બળ દ્વારા નહિ, શરીરના બળ દ્વારા નહિ, શરીરના સંહનનનું બળ હતું તેથી થયું એમ પણ નથી. તે પરમાત્માને, નિજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ-ધ્રુવ-ચિદ્‌ઘનને, -નિર્વિકલ્પ શાંતિ દ્વારા, અંદરમાં વીતરાગી શાંત સમાધિ દ્વારા, તેના બળથી શ્રી તીર્થંકરદેવે, એવા ધ્રુવ સ્વરૂપને, આ ભગવાન આવા છે-એમ અંતરમાં જોઈ લીધું છે.

**भावाभावहिं संजुवउ भावाभावहिं जो जि ।**
**देहि जि दिट्ठउ जिणवरहिं मुणि परमप्पउ सो जि ।।४३।।**

અહા...હા...! આ પરમાત્મપ્રકાશ છે ને ? આત્મા દેહમાં રહ્યો છે-તે અસદ્‌ભૂત ઉપચરિત વ્યવહાર. અસદ્‌ભૂત પર્યાય તે વ્યવહાર. દ્રવ્યાર્થિકનય તે નિશ્ચય. આમાં પર્યાય છે તે વ્યવહાર. વ્યવહાર છે જ નહિ-એમ કોણ કહે છે ? એવી રીતે રાગાદિ છે જ નહિ, એમ કોણે કહ્યું ? પણ આ વ્યવહાર અને રાગના આશ્રયે નિશ્ચય છે, એમ નથી. પર્યાય-વ્યવહારના આશ્રયે દ્રવ્ય છે, એમ નથી.

આ અનાદિ અનંત પદાર્થ છે કે નહિ ? અંદરમાં પુણ્ય અને પાપ આવ્યાં અને ગયાં. ભગવાન આત્મા અનાદિ-અનંત ધ્રુવ પદાર્થ છે તેની વર્તમાન દશામાં ઉત્પાદ-વ્યયનું થવું તે વ્યવહાર છે, તેથી એક ન્યાયે તેને અભૂતાર્થ કહેલ છે. આશ્રય લેનાર તો પર્યાય છે અને પર્યાય છે તે વ્યવહાર છે, છતાં વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય છે-એમ નથી.

પ્રશ્ન :- નિશ્ચયનો આશ્રય તો વ્યવહારે (પર્યાયે) કર્યો ને ?

ઉત્તર :- પર્યાયે આશ્રય કર્યો, તો કોનો કર્યો ? દ્રવ્યનો કર્યો. પર્યાયે વિષય કર્યો છે અર્થાત્ ભૂતાર્થ દ્રવ્ય એનો વિષય છે. પર્યાયના આશ્રયે ભૂતાર્થ વિષય નથી થતો. આ સૂક્ષ્મ વાત છે.

આત્મા ધ્રુવ, અપરિણામી, -નિહાલભાઈ કલકત્તાવાળા કહેતા હતા-એવો છે. લોકોને માનવામાં આવતું નહોતું, લોકોને ખબર નથી. નિહાલભાઈ અજમેરના હતા. વસ્તુ એકલી ધ્રુવ છે, અપરિણામી છે. દ્રવ્ય અપરિણામી છે, પર્યાય પરિણમે છે; દ્રવ્ય-વસ્તુને પરિણમન કેવું ?

જોકે વસ્તુ ઉત્પાદ અને વ્યય સહિત છે, 'परिणत' શબ્દ સંસ્કૃતમાં પડ્યો છે. ભાઈ ! આ તો બાદશાહનું ઘર છે ! સામાન્ય બાદશાહને ત્યાં પણ ઠીક થઈને જવાનું હોય છે, તો પછી આ તો પરમાત્મા પોતે, ત્રણ લોકનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાથ છે, એકલો ધ્રુવ છે, પર્યાયમાં ભલે પરિણમન હોય, પણ ધ્રુવમાં પર્યાય નથી.

આ પરમાત્મપ્રકાશ છે. એક સમયની પર્યાય પરમાત્મા નથી, અહીં તો દ્રવ્ય પરમાત્મા છે, એ ભાવ-અભાવથી રહિત છે. ઉત્પાદ-વ્યય સહિત છે, તોપણ દ્રવ્યાર્થિક નયથી ઉત્પાદ-વ્યય રહિત છે. આ આત્મા ધ્રુવ એકરૂપ ચિદાનંદ છે, પરિણમન રહિત છે, એકલા વીર્યનો પિંડ પ્રભુ છે. આત્મા એકલો ચૈતન્ય દળરૂપ છે, તેમાંથી અનંત કેવળજ્ઞાન ચાલ્યું આવે છે. આત્મા એકલો ધ્રુવ છે, પરિણમન રહિત છે.

દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન એકલા ધ્રુવને જાણવાનું છે. જે જ્ઞાનનો પર્યાય ધ્રુવને જાણવા ચાહે છે એ ધ્રુવમાં પરિણમન નથી. આ આત્મા અનંત ગુણનો પિંડ પડયો છે. નિર્મળ પર્યાય, ક્ષાયિક સમ્યક્ત્વની પર્યાય, યથાખ્યાત ચારિત્રની પર્યાય પણ વસ્તુમાં ક્યાં છે ? સંસાર પર્યાયનો વ્યય અને કેવળ પર્યાયનો ઉત્પાદ-બન્ને ધ્રુવમાં નથી. આ અનાદિ-અનંત ધ્રુવ વસ્તુને જિનવરે દેહમાં રહેવા છતાં પણ જાણી લીધી છે-દેખી લીધી છે. સંપૂર્ણ દ્રવ્યને એક સમયમાં જોઈ લીધું છે, એમ કહે છે.

આ દ્રવ્યની દૃષ્ટિ થઈ કે દ્રવ્ય સિદ્ધ-અવસ્થારૂપ કેવળજ્ઞાનરૂપ પરિણમે છે. સિદ્ધ-સ્વરૂપનો પિંડ જ આત્મા છે. પર્યાયમાં સિદ્ધ થાય છે, વસ્તુપણે સિદ્ધ-સ્વરૂપ જ આત્મા છે. દ્રવ્ય તો ધ્રુવ અનાદિ-અનંત સિદ્ધ છે, પરમાત્મસ્વરૂપ છે. તેમાં અનંત પરમાત્મા બિરાજે છે. વસ્તુ પૂરી વીતરાગ પિંડ છે. તેને ભગવાન પરમાત્મા અરિહંત તીર્થંકરદેવે જોઈ લીધેલ છે. વસ્તુ ઉત્પાદ-વ્યય રહિત છે. જાણનારી ભલે પર્યાય છે. પણ જાણેલી વસ્તુ ધ્રુવ છે. તેને વીતરાગ, નિર્વિકલ્પ, આનંદરૂપ સમાધિદ્વારા તદ્ભવ મોક્ષના સાધક એવા જિનવરદેવે દેહમાં પણ જાણી લીધી છે. એમ નથી કે મોક્ષ થશે ત્યારે જાણશે. અહીં ને અહીં જાણી લીધું છે કે આ ધ્રુવ છે.

ભાઈ ! જેમાં પરિણામ નથી. આહાહા !...ગજબ વાત છે. દ્રવ્ય પરમાત્મા એવા ને એવા ત્રિકાળ છે, એવો વીતરાગ સમાધિના બળથી અનુભવ કર-એમ શિષ્યને પણ ભગવાન કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# (શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૬૫ પર)

## પરમ પૂજ્ય ગુરુદેવનું પ્રવચન

(સં. ૨૦૨૨, કારતક વદ ૧ તા. ૧૦-૧૧-૬૫)

**बंधु वि मोक्खु वि सयलु जिय जीवहं कम्मु जणेइ ।**
**अप्पा किंपि वि कुणइ णवि णिछउ एउं भणेइ ।।६५।।**

ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે આત્મા ધ્રુવ ચૈતન્ય આનંદકંદ જ્ઞાયકમૂર્તિ અનંતગુણનો ધ્રુવ સ્વભાવ છે. આત્મા આદિ-અંત વિનાનું અકૃત્રિમ સામાન્ય ધ્રુવ તત્ત્વ છે. તેવા આત્માની જીવે અનંતકાળમાં દૃષ્ટિ કરી નથી.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ, જેમણે એક સમયમાં–સૂક્ષ્મકાળમાં ત્રણકાળ-ત્રણલોક પ્રત્યક્ષ જોયા અને જાણ્યા–એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે ભાઈ, નિશ્ચયથી અર્થાત્ સત્ય દૃષ્ટિથી જોવામાં આવે તો ભગવાન આત્મા સત્-શાશ્વત-ધ્રુવ પદાર્થ છે, તેમાં બેહદ, જ્ઞાન, દર્શન, આનંદ એવી શક્તિઓ ભરેલી છે; પરને ગ્રહે કે છોડે તે વસ્તુમાં નથી.

ભગવાન શું કહે છે, તે જીવે કદી વાસ્તવિકપણે સાંભળ્યું જ નથી.

આત્મવસ્તુ સ્વયં અનંત આનંદરૂપ છે. નવ તત્ત્વમાં આત્મા છે તે ધ્રુવ જ્ઞાયક આનંદકંદ સત્ ચિદાનંદ-સ્વરૂપ છે. જેવું પર્યાયમાં ભગવાનનું (સ્વરૂપ) છે–એવું આ આત્મવસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ પોતે પરને બાંધે કે છોડે તે વસ્તુના સ્વરૂપમાં નથી. જ્ઞાયકમૂર્તિ, સત્ચિદ્, અનાદિ-અનંત, અકૃત્રિમ સત્ત્વરૂપ આત્મવસ્તુ એક સમયની અવસ્થામાં આવતી નથી. અંતર સન્મુખની દૃષ્ટિ વિના, પરસન્મુખની દૃષ્ટિથી, એક અંશના લક્ષ્યથી ઉત્પન્ન થયેલ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવ-તેને કર્મ કહેવામાં આવે છે. આ ભાવકર્મ છે, અને તેના નિમિત્તે બંધાયેલ જડ જ્ઞાતાવરણાદિ આઠ કર્મએ જડ કર્મ છે. વસ્તુ પોતે પરમસ્વરૂપ પરમાત્મા સ્વયં છે. આ પરમાત્મપ્રકાશ છે. ભાઈ ! જો તું પરમાત્મા પૂર્ણ ન હો તો પર્યાયમાં પરમાત્મા કયાંથી થશે ? લીંડી-પીપરના પ્રત્યેક દાણામાં પૂર્ણ તીખાશ ભરી ન હોય તો ઘસવાથી બહાર આવશે ક્યાંથી ? શું તીખાશ બહારથી આવે છે ? –ના. અંદર શક્તિરૂપ પડી છે, તે પ્રગટ થાય છે. એવી રીતે ભગવાન આત્મા અરિહંત અને સિદ્ધની અવસ્થારૂપ, કેવળજ્ઞાન-કેવળદર્શન-પૂર્ણ આનંદરૂપ પરમાત્મા પર્યાયમાં થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તે પર્યાય ક્યાંથી થાય છે ? શું બહારથી આવે છે ? ના. પોતે જાતે પરમાત્મા અનંતગુણની ખાણ છે, તેની અંતરદૃષ્ટિ ન કરતાં, અનાદિથી બાહ્યદૃષ્ટિ દ્વારા, વર્તમાન અંશને, રાગને, વિકલ્પને, ઈન્દ્રિયને લક્ષમાં લઈને વર્તમાન પર્યાયમાં વિકાર ઉત્પન્ન કરે છે. તે કર્મ સહિત ચાર ગતિમાં ભ્રમણ કરે છે-બંધ પામે છે, અને કર્મના અભાવથી મુક્ત થાય છે. આવી રીતે કર્મના સદ્ભાવથી બંધન અને કર્મના અભાવથી મુક્તિ, છતાં આત્મવસ્તુ તો ત્રિકાળ નિર્વિકલ્પ એક સ્વરૂપ છે. ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે કહ્યો એવો આત્મા એક સેકંડ પણ અનંતકાળમાં દૃષ્ટિમાં લીધો નથી અને બધું વિપરીત જ્ઞાન કરી કરીને હેરાન થયો છે, એમ ભગવાન સર્વજ્ઞ કહે છે.

સર્વજ્ઞ ભગવાન સમવસરણમાં બિરાજે છે, ત્યાં ઈન્દ્ર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિની ઉપસ્થિતિમાં આમ કહે છે. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાનમાં ભગવાન સીમંધર પરમાત્મા મનુષ્યદેહે બિરાજે છે–તે ભગવાન આમ ફરમાવે છે. હે આત્મા ! ચાર ગતિનું બંધન અને આ બંધનનો અભાવ–આ બન્ને વસ્તુના સ્વરૂપમાં નથી. વર્તમાન પર્યાય નવી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે.

**ભાવાર્થ** :- અનાદિકાળથી કર્મ અને આત્માનો સંબંધ છે. કર્મ સૂક્ષ્મ રજકણ જડ છે, આત્મા અરૂપી, ચૈતન્ય, આનંદકંદ છે. તેની સમીપે (એકક્ષેત્રાવગાહે) આઠ કર્મ જ્ઞાનાવરણાદિ સૂક્ષ્મ ધૂળરૂપ છે. તેનો સંબંધ અયથાર્થ સ્વરૂપે અર્થાત્ જૂઠા નયથી-અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર નયથી છે.

આ અંતરની વાતો જીવે સાંભળી નથી. અનંત-વાર નવમી ગ્રૈવેયક ગયો, પણ વાસ્તવિક તત્ત્વ-ચૈતન્ય ભગવાનનું સમ્યગ્જ્ઞાન જીવે એક સેકંડ માત્ર પણ કર્યું નથી–એમ સર્વજ્ઞ પરમાત્મા કહે છે. આત્મજ્ઞાન વિના બધું કર્યું. ક્રિયા-કાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ ઘણા શુભભાવ કર્યા, સ્વર્ગમાં પણ ગયો, પરંતુ તેનાથી જન્મ-મરણનો અંત આવ્યો નહિ. ધૂળનો દેવ થયો, ધૂળનો રાજા થયો, ધૂળનો (પૈસાદાર) શેઠ થયો, પરંતુ ભગવાન આત્માનાં શ્રદ્ધા અને જ્ઞાન જીવે અનંત-કાળમાં કર્યાં નહિ. ભગવાન આત્માને અનાદિથી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી આઠ કર્મનો સંબંધ છે. ધર્મના નામે હા હો-અને ધમાલ થાય છે. કેટલાક માણસો તો વ્યાપાર-ધંધામાંથી નિવૃત્તિ મેળવતા નથી અને કેટલાક ધર્મના નામે બાહ્ય ક્રિયાકાંડમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંતુષ્ટ છે. વસ્તુ શું છે ? આત્માનું સ્વરૂપ શું છે? તેને કેવો કેવો સંબંધ છે ક્યા સંબંધથી પરિભ્રમણ છે ? કાંઈ ખબર નથી.

અહીં તો કહે છે કે ભગવાન આત્માનું અંતર સ્વરૂપ બેહદ જ્ઞાન અને આનંદ છે. તેને અનાદિથી જડ કર્મનો સંબંધ જૂઠા નયથી છે. વાસ્તવિક સંબંધ ન હોવાથી જૂઠા નયથી સંબંધ કહ્યો. સમીપ છે તેથી સંબંધ, અને નિમિત્ત છે તેથી વ્યવહાર કહ્યો. જડ કર્મનો બંધ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી છે એમ કહેવામાં આવે છે. આ ચૈતન્ય અને તે જડ-બન્નેનો સંબંધ જૂઠા નયથી છે. કુટુંબ-પરિવારનો તો આત્મા સાથે સંબંધ છે જ નહિ.

બીજી વાત–ભગવાન–પરમાત્મસ્વરૂપ સ્વયં, અખંડ, જ્ઞાયક ભાવ તત્ત્વ–તેને પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, કામ-ભોગાદિના ભાવ છે, તે અશુદ્ધ નિશ્ચયનયથી છે, અર્થાત્ વર્તમાન અંશમાં છે. રજકણ દૂર છે–તે તો તેની જાતિમાં અને અંશમાં નથી. વસ્તુ જે ધ્રુવ ત્રિકાળ છે તેમાં તો કર્મ નથી પણ એક સમયની અવસ્થામાં ય કર્મ નથી. અખંડ જ્ઞાયકમૂર્તિ, ચિદાનંદ એવા ભગવાન આત્માને વર્તમાન અવસ્થામાં વિકારનો સંબંધ છે. કર્મ તો દશામાં ન હતા તેથી જૂઠા નયથી સંબંધ કહ્યો હતો. અહીં તો વર્તમાન દશામાં સંબંધ છે દશામાં હોવાથી નિશ્ચય છે પણ અશુદ્ધ છે. પુણ્ય-પાપ, કામ, ક્રોધ, દયા, દાનાદિ વિકલ્પ જે ઊઠે છે તે વિકાર છે, તે એક અંશમાં છે, તેથી નિશ્ચય કહ્યો અને અશુદ્ધ હોવાથી અશુદ્ધ નિશ્ચયથી સંબંધ છે એમ કહ્યું. આ તો પરમાત્મપ્રકાશ છે. બહુ અલૌકિક ગાથા છે.

રાગાદિ ભાવકર્મ અર્થાત્ પુણ્ય અને પાપનો જે વિકલ્પ ઊઠે છે, શુભ-અશુભ ભાવ ઊઠે છે, તે મલિન હોવાથી ભાવકર્મ કહેવાય છે. તે પર્યાયનો ભાવ છે, –દ્રવ્યનો નહિ. દ્રવ્ય પર્યાય વિનાનું છે. દ્રવ્યમાં પર્યાય કયાં છે ? દ્રવ્ય તો દ્રવ્ય જ છે.

ભગવાન આત્મા અનાદિ-અનંત, અકૃત્રિમ વસ્તુ સત્ છે, અનંતકાળનું એક જ સત્ત્વ છે. તે વસ્તુ બેહદ જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલી છે. તેની વર્તમાન એક સમયની અવસ્થામાં પરનો સંબંધ કહેવો, તે અસદ્ભૂત અર્થાત જૂઠા નયથી છે. અખંડ પૂર્ણ દ્રવ્ય હોવા છતાં પણ, તેના એક અંશમાં, પુણ્ય-પાપ અને રાગદ્વેષ અને આ પુણ્ય તથા પુણ્યનાં ફળ ઠીક છે–એવો જે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ તે પર્યાયના એક અંશમાં છે, તેથી તેને નિશ્ચય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યો અને મલિન હોવાથી અશુદ્ધ કહ્યો. ભગવાન આત્મા, એક સેકંડના અસંખ્યાતમાં ભાગમાં પૂર્ણ ધ્રુવ, આનંદકંદ, દ્રવ્ય-વસ્તુ છે; રાગ અને વિકલ્પમાં પ્રેમ કરીને તેનો અનાદર કર્યો. હે જીવ ! તેમાં તારા જીવનનો ઘાત થાય છે.

પરમ આનંદમૂર્તિ ભગવાન વસ્તુ, જેની ખાણમાં અનંત પરમાત્મા પડ્યા છે. સિદ્ધની સમય સમયની અવસ્થા થાય છે, એવા અનંત પરમાત્મા આત્મદ્રવ્યમાં પડ્યા છે. આવું જે આત્મદ્રવ્ય તેનો આદર છોડીને એક સમયના અંશનો આદર કર્યો તેથી મિથ્યાત્વભાવ થયો અને તેથી જે રાગ-દ્વેષ થયા તે અશુદ્ધ નિશ્ચયથી થયા છે, શુદ્ધ નિશ્ચય સ્વભાવમાં તે નથી.

ભગવાન્ ! તારી વાત ભગવાન કહે છે. ભગવાન સર્વજ્ઞ પ્રભુ સમવસરણ (ધર્મસભા)માં કહેતા હતા, દિવ્યધ્વનિમાં આમ આવ્યું કે પ્રભુ ! તું પુર્ણ સ્વરૂપ વસ્તુ છે, એનો તેં આદર કર્યો નથી. એક સમયની પર્યાયને લક્ષમાં લઈને મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા છે તે એક સમયની પર્યાયમાં ઉત્પન્ન થયેલો વિકાર છે. આ વિકાર અને તારો સંબંધ અશુદ્ધ નિશ્ચયથી છે. ભાઈ, તું કોણ છે ? તારી ભૂલ કેટલી ? કેટલા સમયની ? એનો વિચાર તેં કદી કર્યો નથી.

અહીં કહે છે કે ભગવાન ! વાસ્તવમાં તારું સ્વરૂપ, અશુદ્ધ નિશ્ચયથી ઉત્પન્ન થયેલ વિકાર અને કર્મના સંબંધ વિનાનું, ત્રિકાળી, પૂર્ણ એકરૂપ છે. એક સમયમાં ભગવાન પૂર્ણાનંદ વસ્તુ છે અને અશુદ્ધતા છે તે આત્માની અવસ્થામાં છે. ત્રિકાળીની સાથે અશુદ્ધ નિશ્ચયથી તેનો સંબંધ કહેવામાં આવે છે.

સંયોગ બધા ક્યાં રહ્યા ? તેની સાથે સંબંધ કેવો ? સ્ત્રી, દુકાન, ઝવેરાત, મકાન આદિ સાથેનો સંબંધ અસદ્‌ભૂત-જૂઠા નયથી, વ્યવહારથી, નિમિત્તરૂપ હોવાથી, ઉપચારથી છે-દૂર છે તેથી. કર્મનાં રજકણ નજદીક છે–એકક્ષેત્રાવગાહ છે, તેથી તેને અનુપચાર કહ્યાં, છતાં પણ તે અસદ્‌ભૂત છે, કેમ કે તે જીવની પર્યાયમાં નથી–ભિન્ન છે. તે એક ક્ષેત્રમાં ભિન્ન છે સંયોગો ભિન્ન ક્ષેત્રમાં ભિન્ન છે. તેથી અસદ્‌ભૂત ઉપાચર છે. વાસ્તવમાં એની સાથે સંબંધ નથી. શરીરને આત્મા થોડું રાખી શકે છે ? શરીરની અવસ્થા રાગ અને વિકલ્પને આધીન ત્રણ કાળમાં નથી, એમ ભગવાન કહે છે. અજીવતત્ત્વની અવસ્થા જો જીવ કરે તો અજીવની સ્વતંત્રતા રહેતી નથી. ભગવાન કારણતત્ત્વમાં આ ધૂળ નથી. આ ભિન્ન તત્ત્વ છે. એક સમયના અવસ્થામાં મલિન પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાપના ભાવ તે અશુદ્ધ અંશ છે. તે અંશથી બંધાયેલ કર્મથી બંધ અને કર્મ છૂટવાથી મુક્તિ થાય છે. પર્યાયમાં બંધ-મુક્તિ છે, વસ્તુમાં બંધ-મુક્તિ નથી. વીતરાગ સર્વજ્ઞ કથિત તત્ત્વ સંતોએ સહેલું કરી દીધું છે.

જડ કર્મથી મુક્તિ પણ અસદ્‌ભૂત વ્યવહારથી છે. એ અસદ્‌ભૂત સંબંધ હતો અને પુણ્ય-પાપના ભાવનો સંબંધ પણ અશુદ્ધ નિશ્ચયથી હતો. એ બન્ને છૂટી ગયા. આ સૂક્ષ્મ વાત છે. વીતરાગ કથિત તત્ત્વ ઘણું ગૂઢ છે.

ભગવાન આત્મા વસ્તુ, અનાદિ અનંત ધ્રુવ તત્ત્વ, તેની પર્યાયમાં આવા બે પ્રકાર કહ્યા. અવસ્થામાં મલિન ભાવ, તે અશુદ્ધ નિશ્ચયથી સંબંધ કહ્યો અને રજકણનો સંબંધ એકક્ષેત્રાવગાહ હોવાથી અસદ્‌ભૂત અનુપચાર કહ્યો. બે નયથી બંધ અને મુક્તિ કહી. અસદ્‌ભૂતથી બંધ અને અસદ્‌ભૂતથી મુક્તિ જોકે મુક્તિ આત્માના આશ્રયપૂર્વક છે, તોપણ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચય શુદ્ધ પરમાત્માને બંધનું હોવું અને બંધનો અભાવ થવો તે દ્રવ્યમાં નથી. તેને અહીં શુદ્ધ કહે છે. એક સમયની અવસ્થામાં બંધ અને બંધનો અભાવ છે. તે બંધના અભાવની અપેક્ષા પણ અશુદ્ધ નિશ્ચયથી લાગુ થાય છે. અશુદ્ધ નિશ્ચય અને વ્યવહાર એકાર્થ છે. અંશ છે તેથી વ્યવહારથી બંધ અને વ્યવહારથી મુક્તિ છે. નિશ્ચય-સ્વરૂપ ભગવાન આત્મદ્રવ્યમાં બંધ અને મુક્તિ નથી. ભાઈ ! વસ્તુ જે છે તે ત્રિકાળી તત્ત્વ છે, તેમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય અને તેની મુક્તિનો અર્થ શો ? વસ્તુમાં બંધ અને મુક્તિ છે જ નહિ. અહીં તો ઉપચારથી કહીને બંધ અને મુક્તિ-બન્નેને વ્યવહારમાં નાખ્યા છે.

ભાઈ ! તારો પદાર્થ ભગવાન જેવડો મહાન્ છે, ભગવાનના આત્મામાં અને આ આત્મામાં વસ્તુપણે કાંઈ તફાવત નથી. પર્યાય અર્થાત્ વ્યવહારથી તફાવત છે, વસ્તુમાં તફાવત નથી. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એકલા ચૈતન્યના પ્રકાશનો પિંડ પ્રભુ આત્મા છે. એનું અભાન હોવાથી એક સમયની અવસ્થામાં ઉત્પન્ન કરેલો વિકાર-વિકલ્પ-મિથ્યાત્વભાવ, પરલક્ષીભાવ, જેના નિમિત્તે જડકર્મ બંધાયું-આ બન્ને અશુદ્ધ વ્યવહાર નયથી છે; શુદ્ધ નિશ્ચયથી વસ્તુના સ્વરૂપમય વસ્તુ છે.

વાસ્તવમાં તો ભગવાન આત્મા વસ્તુ છે. તેનો આશ્રય કરીને પર્યાય થઈ, તે પણ ભેદરૂપ થઈને ? એ વ્યવહાર થયો. મોક્ષમાર્ગ પણ વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો. અહીં નિશ્ચય-વ્યવહારની (જે મોક્ષમાર્ગની પર્યાય છે તેની) વાત નથી. અહીં તો દ્રવ્ય-પર્યાયની વાત છે. ભગવાન આત્મા વસ્તુ...અનાદિ-અનંત ધ્રુવ, અનંત ગુણનો પિંડ, તેનો આશ્રય કરતાં જે (નિર્મળ) પર્યાય પ્રગટ થઈ, તે પર્યાય વ્યવહારનયનો વિષય છે. અંતરમાં પૂર્ણ એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટ થયું, સિદ્ધપણું થયું-એ બધો પણ વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર અર્થાત્ ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે. શુદ્ધ દશા પણ એક અંશ છે, ત્રિકાળી સ્વરૂપ નથી. સંસાર પણ પર્યાય છે અને મોક્ષ પણ નિર્વિકારી પૂર્ણ દશા છે. વસ્તુ તો અનાદિ-અનંત ધ્રુવ છે.

વસ્તુ શુદ્ધ પારિણામિક સ્વભાવી છે, જે કદી પરિણમતી નથી, ઉત્પાદ-વ્યયમાં આવતી નથી. આત્મામાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, પુરાણી અવસ્થાનો નાશ થાય છે-તે પર્યાયનું કાર્ય છે. વસ્તુ ધ્રુવ છે તે તો જેવી ને તેવી છે. અવિનશ્વર શક્તિમાન સ્વતત્ત્વ છે, તે શુદ્ધ પારિણામિક છે અર્થાત્ પરમ સત્યસ્વરૂપ-એકરૂપ-પરમભાવ છે, વિકાર-પર્યાય-એક સમયનો ભાવ-અપરમ-ભાવ છે, તેને, જે ત્રિકાળી વસ્તુ છે, તે શુદ્ધ પરમભાવના ગ્રહણ કરનાર નિશ્ચયનયથી કરતી નથી. ભગવાન શુદ્ધ પારિણામિક વસ્તુ સ્વયં ન તો બંધ કરે છે, ન બંધનો અભાવ કરે છે. કેવળજ્ઞાન પણ એક સમયની દશા છે, કેવળજ્ઞાન પણ ત્રિકાળી વસ્તુ નથી. ત્રિકાળીને જાણવા છતાં પણ કેવળજ્ઞાન એક સમયની દશા છે, સિદ્ધ પણ એક સમયની દશા છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ વસ્તુ શું છે ? અવસ્થામાં શું છે ? પરમાં શું છે ? એને બીજા કોની કોની સાથે કેવો સંબંધ છે ? આ બધું જાણ્યા વિના હે જીવ ! તું શું કરીશ ? હરિતકાય આદિનો ત્યાગ કરે છે, પણ ત્યાગ શું છે ? એની ખબર નથી, તો ત્યાગ ક્યાંથી કર્યો ? એવા જીવને તો પોતાના આત્માનો ત્યાગ દૃષ્ટિમાં થાય છે.

એક સમયની હાલત છે, તે સંસારની હોય કે સંસારના અભાવની હોય. વસ્તુસ્વરૂપ પરમ પારિણામિક સત્....સત્....સત્....અનાદિ-અનંત એવો આત્મા, એક નયથી વિકારને કરતો પણ નથી, વિકારને ટાળતો પણ નથી. બંધ અને મોક્ષથી રહિત ભગવાન વસ્તુસ્વરૂપ છે. ધ્રુવ-અખંડાનંદ દ્રવ્યમાં, વર્તમાન પર્યાયનો બંધ અને બંધનો અભાવ નથી, એમ ભગવાને કહ્યું છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રોની હાજરીમાં આમ ફરમાવતા હતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાત્મા સીમંધર પ્રભુ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે–એવા વીસ તીર્થંકરો વર્તમાનમાં બિરાજે છે, કેટલાય લાખ કેવળીઓ બિરાજે છે. આ વાત સિદ્ધ થઈ ગઈ છે. ત્રણ કાળના ભગવંતો આ જ ફરમાવે છે કે વસ્તુ જે એકરૂપ, પરમસ્વરૂપ, ત્રિકાળ આનંદકંદ, જ્ઞાયક દ્રવ્ય એવો શુદ્ધાત્મા–તે જ આરાધવા યોગ્ય છે. આરાધન કરનારી તો પર્યાય છે. અનંતગુણનો પિંડ, એકરૂપ ધ્રુવ વસ્તુ, જેમાં બંધ-મોક્ષની પર્યાય નથી, એવો આત્મા શ્રદ્ધાન કરવા યોગ્ય છે અર્થાત્ તેની દૃષ્ટિ અને અનુભવ કરવા યોગ્ય છે. આવું અખંડાનંદ દ્રવ્ય, ચૈતન્યમૂર્તિ, તેની અંદર ટગટગી લગાવીને એકાગ્રતા કરવી યોગ્ય છે. આવી એકાગ્રતાનું નામ ધર્મ છે અર્થાત્ મોક્ષમાર્ગ છે.

ભાઈ ! સાંભળ તો ખરો તારી રિદ્ધિની વાત !! તું કેવો છે ? અને કેવડો છે ? સાંભળ્યા વિના કેવી રીતે સમજાય ? અને સમજ્યા વિના ધર્મ ક્યાંથી થાય ? (બજારમાં) માલ લેવા જાય છે તોપણ આ ચીજ લેવી છે એમ નિશ્ચય કરે છે–નહિ તો કામ કેવી રીતે થાય ? એવી રીતે આ આત્મા કેવો છે ? એને દેખવો છે, ગ્રહવો છે, સમજવો છે, નહિ તો ધર્મ કયાંથી થશે ? ધર્મ કરવો છે પણ થશે કેવી રીતે ? એની ખબર નથી. અહીં તો કહે છે કે ધર્મ સીધો આત્માથી થાય છે. શુદ્ધ વસ્તુ, અખંડાનંદ પ્રભુ આત્મા, એની અંતર્‌શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરતાં ધર્મ આત્મામાંથી આવે છે, બીજે કયાંયથી ધર્મ આવી શકે એમ નથી.

જેમાં એક સમયની પર્યાય, રાગની અવસ્થા, બંધ અને બંધના અભાવની પર્યાય નથી–એવી જે ધ્રુવ વસ્તુ, પરમાત્મા, ચૈતન્ય તારો, તેને ઓળખીને, દૃષ્ટિ-જ્ઞાન કરીને, તેમાં ઠરવા યોગ્ય છે. આ સિવાય, વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પંથમાં બીજો કોઈ માર્ગ નથી. લોકો બીજું માને છે, કલ્પના કરે છે. (જૈન) સંપ્રદાય-વાળાઓને પણ આની ખબર નથી તો બીજાને તો ખબર કયાંથી હોય ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# (શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૬૮ પર)

## પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

### (કારતક વદ ૫, તા. ૨૩-૧૨-૬૫ શનિવાર)

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ ।**
**जिउ परमेथँ जोइया जिणवरु एउँ भणेइ ।।६८।।**

જોકે આ આત્મા શુદ્ધ પરમ પારિણામિક ભાવરૂપ વસ્તુ છે, તે ન બંધની કર્તા છે, ન મોક્ષમાર્ગની કર્તા છે, ન મોક્ષની કર્તા છે—આ સૂક્ષ્મ વાત છે. જે ધ્રુવ વસ્તુ છે, તે સંસારના ભાવને કરતી નથી, મોક્ષમાર્ગને કરતી નથી અને મોક્ષને પણ કરતી નથી.

અખંડાનંદ ધ્રુવ તત્ત્વ એવો આત્મા જન્મ-મરણ, બંધ-મોક્ષ આદિ અવસ્થા કરતો નથી. વર્તમાન પર્યાયમાં શુદ્ધાત્માનુભૂતિનો અભાવ હોવાથી શુભ-અશુભ ઉપયોગને કરતો થકો, જીવન-મરણ, શુભ-અશુભ કર્મબંધ કરે છે. વસ્તુ તો પર્યાય વિનાની ધ્રુવ છે. વસ્તુ જે છે નિશ્ચયતત્ત્વ તે નિશ્ચયનો વિષય અને તેની જે પર્યાય છે તે વ્યવહારનો વિષય છે. આત્મા જે નિશ્ચય-તત્ત્વ છે તે એકરૂપ ધ્રુવ છે અને વ્યવહારતત્ત્વ છે તે પર્યાય છે. પર્યાયમાં જ્યાંસુધી વસ્તુનું લક્ષ, રુચિ, સ્થિરતારૂપ મોક્ષમાર્ગનો અભાવ છે ત્યાં સુધી શુભાશુભ ભાવને પર્યાય કરે છે. આત્મા કરે છે તેનો અર્થ દ્રવ્ય નહિ, પર્યાય કરે છે. ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વરૂપ જે દ્રવ્ય છે, તે તો પર્યાય વિનાનું, ઉત્પાદ-વ્યય વિનાનું છે. ઉત્પાદ-વ્યય જે છે તે વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનો વિષય ત્રિકાળ ધ્રુવ છે. જ્ઞાયકમૂર્તિનાં શ્રદ્ધાન, જ્ઞાન, રમણતારૂપ મોક્ષનો માર્ગ, એવી જે શુદ્ધ પર્યાય, તેના અભાવમાં પર્યાયમાં જીવ શુભાશુભ ભાવ કરે છે અને શુભાશુભ ભાવના કારણે જન્મ-મરણ કરે છે. શુદ્ધાત્માનુભૂતિ પ્રગટ થતાં, શુદ્ધોપયોગે પરિણત જીવ મોક્ષનો કર્તા છે. (એનું વિવરણ) વસ્તુ તો વસ્તુ છે. તે વસ્તુ જ્ઞાયક ચૈતન્ય પદાર્થ, તેના અનુભવરૂપ શ્રદ્ધાન, જ્ઞાન અને શાંતિરૂપ પર્યાય પ્રગટ થાય છે તેને વ્યવહાર તત્ત્વ કહેવામાં આવે છે. શુદ્ધ સ્વભાવમાં એક લક્ષ કરીને, શુદ્ધોપયોગરૂપ પર્યાયે પરિણમીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષનો કર્તા આત્મા છે તે પણ વ્યવહાર છે. મોક્ષ પર્યાય પણ વ્યવહાર છે. બંધ, મોક્ષ, મોક્ષમાર્ગ નિશ્ચય ધ્રુવ વસ્તુમાં નથી. નિશ્ચય-નયનું સત્, વસ્તુ ત્રિકાળ એકરૂપ છે.

ભાઈ ! ત્રિકાળ એકરૂપ સદશ ધ્રુવતત્ત્વ છે, તેમાં બંધ-મોક્ષ નથી. માત્ર એક સમયની પર્યાયમાં ઉત્પાદવ્યય થાય છે. શુદ્ધાત્માનુભૂતિના અભાવમાં શુભાશુભભાવે પરિણમે છે અને જીવન-મરણ કરે છે–અને એ જ આત્મા શુદ્ધાત્માનુભૂતિના કાળે, શુદ્ધોપયોગરૂપ પરિણમિન કરીને મોક્ષનો કર્તા છે. મોક્ષની પર્યાયને કરે છે, તે પણ વ્યવહાર છે. નિશ્ચય દ્રવ્યમાં પર્યાય નથી. શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધનયથી આત્મા બંધ અને મોક્ષનો કર્તા નથી. શુદ્ધ પારિણામિકભાવ ધ્રુવ છે. તે એક સમયની પર્યાય–ઉત્પાદ-વ્યય વિનાનું તત્ત્વ છે. નિશ્ચય આત્મા બંધ-મોક્ષનો કર્તા નથી. વ્યવહાર આત્મા પર્યાયમાં શુભાશુભ બંધ કરે અને પર્યાયમાં અનુભૂતિથી મોક્ષ કરે. એકરૂપ રહેનારી વસ્તુ તે નિશ્ચયનયનો વિષય છે. આ જ નિશ્ચયતત્ત્વ છે. અવસ્થાનું ઉત્પન્ન થવું અને અવસ્થાનો નાશ થવો–એ વ્યવહારનયનો વિષય છે. આ પર્યાયતત્ત્વ છે. અહીં પરદ્રવ્ય સાથેના કોઈ સંબંધરૂપ વ્યવહારની વાત નથી. નિશ્ચયધ્રુવમાં પર્યાય નથી. શુદ્ધ પારિણામિકભાવ, ત્રિકાળ એકરૂપ, અનંત ગુણનો ભંડાર-તેમાં બંધ નથી, મોક્ષ નથી અને મોક્ષનો માર્ગ નથી. વસ્તુ તત્ત્વ છે, તેના બે પ્રકાર, એક શાશ્વત રહેનાર સદશ છે અને એક પર્યાયરૂપ થનાર વિસદ્શ છે. સર્વ પર્યાય અપરમભાવ છે. મોક્ષ, મોક્ષનો માર્ગ–એ બધા અપરમભાવ છે, ક્ષાયિકભાવ પણ અપરમભાવ છે, પરમભાવ નથી. ત્રિકાળી ધ્રુવ સદશ રહે તે પરમભાવ છે. આ જ ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવી, પર્યાય તરફ ન જોવું, તો મુક્તિ થશે એમ કહેવાનો અભિપ્રાય છે.

ધ્રુવનો આખો કંદ પડયો છે, એના આશ્રય વિના સમ્યક્ત્વ થતું નથી, જ્ઞાન થતું નથી, ચારિત્ર થતું નથી, મુક્તિ થતી નથી. કાર્ય થાય છે પર્યાયમાં પણ કારણ આ મહાભગવાન છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન વિના મોક્ષમાર્ગ ઉત્પન્ન થતો નથી. વિસદશનો અર્થ વિકાર નથી-તેનો અર્થ ઉત્પાદ-વ્યયરૂપ થવું–એવો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વીતરાગ સર્વજ્ઞદેવ કથિત તત્ત્વ જીવે જાણ્યું નથી. ભગવાન આત્મા, સદૃશ ધ્રુવ પરમ પારિણામિક ભાવ છે, આ દૃષ્ટિએ દેખવામાં આવે તો બંધ અને મોક્ષ એમાં નથી. મોક્ષ પણ અપરમભાવ છે. મોક્ષનો માર્ગ તો અપરમભાવ છે જ, પણ કેવળદર્શન, કેવળજ્ઞાન, કેવળઆનંદ, કેવળવીર્ય—એ પણ એક સમયની પર્યાય હોવાથી અપરમભાવ છે; ત્રિકાળીભાવ પરમભાવ છે.

દ્રવ્ય પરિણમન વિનાનું, ઉત્પાદ-વ્યય વિનાનું છે. તેના ઉપર દૃષ્ટિ દેવાની છે. આવું સાંભળીને શિષ્યે પ્રશ્ન કર્યો :- શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી આત્મા મોક્ષનો કર્તા નથી તો એમ સમજવું જોઈએ કે શુદ્ધનયથી મોક્ષ જ નથી, અને જ્યાં મોક્ષ જ નથી તો મોક્ષ માટે પ્રયત્ન કરવો નકામો છે ?

એનો ઉત્તર આપે છે :— વસ્તુ જે સત્ ચિત્ ત્રિકાળ, તે સ્વયં બંધ-મોક્ષ કરતી નથી. પરિણમેલી પર્યાયમાં બંધ, મોક્ષ કે મોક્ષમાર્ગ છે. શુદ્ધ નિશ્ચયનયથી વસ્તુમાં બંધ-મોક્ષ નથી, તો શુદ્ધનયથી મોક્ષનો પુરુષાર્થ પણ નથી. મોક્ષ છે, તે બંધપૂર્વક છે. મોક્ષની પર્યાય આત્મામાં થાય છે તે બંધપૂર્વક છે. બંધનો ઉત્પાદ થાય છે, તેનો નાશ થઈને મોક્ષ થાય છે પણ જે બંધ છે તે શુદ્ધ નિશ્ચયનયથી થતો જ નથી. વસ્તુ સ્વરૂપથી-શુદ્ધ નિશ્ચય-નયથી બંધ હોય તો બંધ કદી છૂટે નહિ. શુદ્ધ નિશ્ચય અર્થાત્ શુદ્ધ સત્ત્વ, વસ્તુ ત્રિકાળ એકરૂપના નયથી જોતાં બંધ થતો જ નથી. આ કારણે બંધના અભાવરૂપ મોક્ષ છે—એ પણ શુદ્ધ નિશ્ચયનયથી નથી. જો શુદ્ધ નિશ્ચયથી બંધ હોત તો આત્મા હમેશાં બંધાયેલો જ રહેત. કેવી વાત છે ? ધ્રુવ રહેનારી વસ્તુને ધ્રુવની દૃષ્ટિએ જોવામાં આવે અને બંધ એમાં હોય તો બંધ પણ ધ્રુવ રહે—એમ કહે છે, બંધનો અભાવ કદી ન થઈ શકે. વસ્તુરૂપ, નિત્યપણે, ધ્રુવરૂપ બંધ હોય તો બંધનો પણ નાશ ન હોઈ શકે. આ વિષય સમજવા માટે દૃષ્ટાંત કહે છે. કોઈ એક પુરુષ સાંકળથી બંધાયેલો છે અને કોઈ એક પુરુષ બંધ રહિત છે. તેમનામાંથી જે પહેલાં બંધાયો હતો, તેને 'મુક્ત' એમ કહેવું ઠીક લાગે છે અને બીજો જે બંધાયો જ નથી, તેને જો 'આપ છૂટી ગયા' એમ કહેવામાં આવે તો એ ક્રોધ કરે કે હું ક્યારે બંધાયો હતો ! કે જેથી આ મને છૂટયો એમ કહે છે ? બંધાયો હોય તે છૂટે. તેથી બંધાયેલને તો છૂટયો કહેવું ઠીક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે પણ જે બંધાયેલ જ ન હોય તેને છૂટયો કેવી રીતે કહી શકીએ ? તેવી જ રીતે આ જીવ શુદ્ધ નિશ્ચયનયથી બંધાયેલો નથી. વસ્તુ જે છે તે ધ્રુવ છે, સદૃશ છે. એકલા સદૃશ ગુણનું સત્ત્વ છે દ્રવ્ય, તે કદી બંધાયું નથી. દ્રવ્યને બંધાયેલું કહેવું અને દ્રવ્યને મુક્ત કહેવું-તે ઠીક નથી. બંધ-મુક્તિ, ઉત્પાદ-વ્યય, પર્યાય વિનાનું દ્રવ્ય એવો ભગવાન પરમાત્મા શુદ્ધ નિશ્ચયનયથી ભૂતાર્થ છે. નિશ્ચયથી યથાર્થ છે. તેની દૃષ્ટિ કરવાથી, તેનો અનુભવ કરવાથી, સમ્યગ્દર્શન થાય છે. દેવ, ગુરુ, શાસ્ત્ર તો બહાર રહ્યા, વિકલ્પ પણ બહાર રહ્યો અને નિશ્ચય-વ્યવહારની પર્યાય પણ બહાર રહી ગઈ.

દૃષ્ટિને નિમિત્ત પર રાખવાથી સમ્યગ્દર્શન થાય છે ? ત્રણ કાળમાં નહિ.

દૃષ્ટિને વિકલ્પ, દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવ ઉપર રાખવાથી સમ્યગ્દર્શન થાય છે ? ત્રણ કાળમાં નહિ.

દૃષ્ટિને ક્ષયોપશમ જ્ઞાન-વીર્યાદિની પર્યાય જે પ્રગટ છે, તેના ઉપર રાખવાથી સમ્યગ્દર્શન થાય છે ? ત્રણ કાળમાં નહિ.

બંધ પણ વ્યવહારનયથી છે. વિકારમાં અટકેલી આત્માની પર્યાય પણ વ્યવહારથી છે. મુક્તિ પણ વ્યવહાર નયથી છે. શુદ્ધ નિશ્ચયનયથી ન બંધ છે, ન મોક્ષ છે. અશુદ્ધનયથી બંધ છે, તે વ્યવહારનય થયો. બંધ અને મોક્ષની અવસ્થા અશુદ્ધનયથી છે. અશુદ્ધનય કહો કે વ્યવહારનય કહો, એક જ વાત છે. મોક્ષ પણ સદ્‌ભૂત ઉપચરિત વ્યવહારનયનો વિષય છે. મોક્ષની પર્યાય જે છે એ સ્વયં વ્યવહાર છે. સ્વભાવાશ્રિત મોક્ષનો માર્ગ જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે પણ વ્યવહાર છે. વ્યવહાર મોક્ષમાર્ગ, જે દયા-દાનનો વિકલ્પ, તે વ્યવહારની વાત અહીં નથી. તે તો બંધમાર્ગમાં ગયા. કષાયની મંદતાના પરિણામ, ભક્તિ, પૂજા, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધાનો ભાવ–તે રાગ તો બંધની પર્યાય છે. નિશ્ચયમાં તો તે છે જ નહિ. આ બંધના અભાવરૂપ મોક્ષમાર્ગ, તે પણ વ્યવહાર પર્યાય છે, ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય છે, તે ધ્રુવ નથી. સ્વભાવને આશ્રિત શુદ્ધોપયોગનું પરિણમન તે પણ વ્યવહાર છે, મોક્ષ પણ વ્યવહાર છે. એક અપૂર્ણ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. એક પૂર્ણ પર્યાય છે. બન્ને વ્યવહાર છે. પર્યાય સ્વયં વ્યવહાર છે. આશ્રય લેનારી પર્યાય વ્યવહાર છે, જેનો આશ્રય લેવામાં આવે છે તે વસ્તુ નિશ્ચય છે. અહીં વ્યવહારનો અર્થ વિકલ્પ અને ભેદ નહિ, પર્યાય અંશ છે તેથી વ્યવહાર છે. વ્યવહારની વ્યાખ્યા શી ? ધ્રુવમાં ઉત્પાદ-વ્યયનું થવું તે વ્યવહાર છે. આ જ સિદ્ધાંત છે. આગમપદ્ધતિમાં દયા-દાનના ભાવને વ્યવહાર કહે છે. દ્રવ્ય શુદ્ધ નિશ્ચય છે. દ્રવ્ય જે છે તે નિષ્ક્રિય છે. ત્રિકાળી ધ્રુવના અવલંબનથી જે નિર્મળ પર્યાય થઈ, એ મોક્ષનો માર્ગ સક્રિય છે. ધ્રુવમાં સક્રિયપણું-પરિણમન-ક્યાં છે ? દ્રવ્યસ્વભાવ તો નિષ્ક્રિય છે. વિકલ્પ છે તે બંધના પરિણમનરૂપ સક્રિય છે, મોક્ષના માર્ગરૂપ જે નિર્મળ પર્યાય તે સક્રિય અવસ્થા છે અને પૂર્ણ પર્યાય મોક્ષરૂપ તે પણ સક્રિય અવસ્થા છે.

અહો ! વીતરાગ-કથિત તત્ત્વ અલૌકિક છે. અહો ! વીતરાગ દ્વારા અનુભવાયેલો પૂર્ણ માર્ગ ! શ્રીમદ્ રાજચન્દ્રજીએ કહ્યું છે ને ! "અહો ! આ દેહની રચના ! અહો, આ ચેતનનું સામર્થ્ય ! અહો ! જ્ઞાની ! અહો ! જ્ઞાનીની ગવેષણા! અહો ! જ્ઞાનીનું ધ્યાન ! અહો ! જ્ઞાનીની સમાધિ ! અહો! તેમનાં વચનનો યોગ! અંતરની વાતમાં વીતરાગતાના ભાસમાં આ ઉદ્ગાર છે.

ભગવાન આત્મા, ત્રિકાળી તત્ત્વ, એવા નિશ્ચય સ્વરૂપમાં સક્રિયતા અથવા બંધ-મોક્ષ કેવી રીત હોય ? નિશ્ચય મોક્ષમાર્ગનું પરિણમન પણ સક્રિય છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય નિષ્ક્રિય છે. નિષ્ક્રિય અર્થાત્ પર પદાર્થની ક્રિયા કરે એવું નહિ, રાગ કરે એ પણ નિષ્ક્રિય નહિ, પરંતુ મોક્ષમાર્ગની પર્યાય જેનામાં નથી તે વસ્તુતત્ત્વ નિષ્ક્રિય, એ મોક્ષની સક્રિય પર્યાય પણ કેવી રીતે કરે ? શુદ્ધ નિશ્ચયનયથી ન બંધ છે, ન મોક્ષ છે. વાસ્તવમાં, અશુદ્ધ નિશ્ચયથી જ બંધ છે. અશુદ્ધ નિશ્ચય તે વ્યવહાર પર્યાય. એકદેશ શુદ્ધનય છે તે પણ વ્યવહાર છે તેથી બંધના નાશનો પ્રયત્ન પણ અવશ્ય કરવો જોઈએ. ધ્રુવમાં અંતરલક્ષ કરવું જોઈએ.

અહીં આ અભિપ્રાય છે કે સિદ્ધ સમાન પોતાનો શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં લીન પુરુષોને ઉપાદેય છે. ભગવાન આત્મા તરફની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ વિનાની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એવી અરાગી-વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના કાળમાં, આ આત્મા ઉપાદેય અર્થાત્ દૃષ્ટિમાં આવે છે. આ પર્યાય રાગવિનાની થઈ, નિર્વિકલ્પ અભેદ પરિણતિ થઈ, આ પર્યાયમાં શુદ્ધાત્મા ઉપર લક્ષ છે, એ ધ્રુવ ઉપાદેય છે.

ભગવાન આત્મા જે ધ્રુવ છે તેના ઉપર દૃષ્ટિ દેનારી દશા, તેમાં સ્થિર થનારી દશાને નિર્વિકલ્પ શાંતિ કહે છે. તેમાં આ (વિદ્યમાન) દ્રવ્ય ઉપાદેય છે, અન્ય સર્વ હેય છે. ક્ષાયિક સમ્યકત્વની પર્યાય પ્રગટ થવા છતાં પણ, દ્રવ્યની ઉપાદેયતાના કાળમાં હેય છે, એક જ વાત છે. ક્ષાયિક સમ્યક્ત્વ કે જે દ્રવ્યના લક્ષે થાય છે તે પણ હેય છે, કારણ કે દ્રવ્યમાં જોર દેવાનું છે, તેમાંથી નવી પર્યાય પ્રગટ થાય છે. ક્ષાયિક સમકિતના લક્ષે ચારિત્ર થતું નથી. નિશ્ચય મોક્ષમાર્ગ હેય છે, મોક્ષ પણ હેય છે, દ્રવ્ય જ ઉપાદેય છે. આ તો "પરમાત્મપ્રકાશ" છે. પરમાત્મા દ્રવ્ય વસ્તુ એકમાત્ર આદરણીય છે, બીજું કાંઈ આદરણીય નથી.

શાશ્વત આનંદધામરૂપ, ધ્રુવ દ્રવ્ય, આ એક જ લક્ષ કરવા યોગ્ય છે, બીજી બધી પ્રગટ થયેલી પર્યાય પણ લક્ષ કરવા યોગ્ય નથી. આ અપેક્ષાએ હેય કહેવામાં આવે છે.

મુનિને છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર પ્રગટ છે. તેમને પણ આ ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર ઉપાદેય નથી, કારણ કે દ્રવ્ય અંતરમાં એકાકાર પડયું છે, તે જ પરમેશ્વર દ્રવ્ય, ત્રિકાળ ધ્રુવ આદરણીય છે, અન્ય કાંઈ આદરણીય નથી.

ભગવાન્ ! તું શું અપૂર્ણ છો ? કે જેથી તારે પરના સહારે રહેવું પડે ? ભગવાન આત્મા સત્, શાશ્વત, ધ્રુવ છે. તેના લક્ષે પ્રગટ થયેલી પર્યાય, તે વ્યવહાર પણ હેય છે. એક ચિદાનંદ ધ્રુવ, શાશ્વત પ્રભુ, તે નિજ મંદિરમાં આદરવા લાયક છે. ભગવાન આત્મા, દ્રવ્યાર્થિક-નયનો વિષય અર્થાત્ દ્રવ્ય વસ્તુ, મહા પરમેશ્વર, ચૈતન્ય મહાપ્રભુ, એ ધ્રુવમાં લક્ષ કરીને અર્થાત્ તેને ઉપાદેય કરીને, તેનો આશ્રય કરવો એ જ મોક્ષમાર્ગ છે, મોક્ષ પણ તેનાથી થાય છે, તેથી તે જ એક આદરણીય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com